وَقَالَ الَّذِينَ لَا يَرْجُونَ لِقَاءَنَا لَوْلَا أُنزِلَ عَلَيْنَا
الْمَلَائِكَةُ أَوْ نَرَىٰ رَبَّنَا لَقَدِ اسْتَكْبَرُوا فِي أَنفُسِهِمْ
وَعَتَوْا عُتُوًّا كَبِيرًا ﴿٢١﴾ يَوْمَ يَرَوْنَ الْمَلَائِكَةَ لَا بُشْرَىٰ
يَوْمَئِذٍ لِّلْمُجْرِمِينَ وَيَقُولُونَ حِجْرًا مَّحْجُورًا ﴿٢٢﴾ وَ
قَدِمْنَا إِلَىٰ مَا عَمِلُوا مِنْ عَمَلٍ فَجَعَلْنَاهُ هَبَاءً مَّنثُورًا ﴿٢٣﴾
أَصْحَابُ الْجَنَّةِ يَوْمَئِذٍ خَيْرٌ مُّسْتَقَرًّا وَأَحْسَنُ مَقِيلًا ﴿٢٤﴾
وَيَوْمَ تَشَقَّقُ السَّمَاءُ بِالْغَمَامِ وَنُزِّلَ الْمَلَائِكَةُ تَنزِيلًا ﴿٢٥﴾
الْمُلْكُ يَوْمَئِذٍ الْحَقُّ لِلرَّحْمَٰنِ وَكَانَ يَوْمًا عَلَى
الْكَافِرِينَ عَسِيرًا ﴿٢٦﴾ وَيَوْمَ يَعَضُّ الظَّالِمُ عَلَىٰ يَدَيْهِ
يَقُولُ يَا لَيْتَنِي اتَّخَذْتُ مَعَ الرَّسُولِ سَبِيلًا ﴿٢٧﴾ يَا وَيْلَتَىٰ
لَيْتَنِي لَمْ أَتَّخِذْ فُلَانًا خَلِيلًا ﴿٢٨﴾ لَقَدْ أَضَلَّنِي عَنِ

અને બોલ્યા તેઓ[૧]જેઓ અમારી મુલાકાતની આશા રાખતા
નથી; 'અમારી ઉપર ફરિશ્તાઓ કેમ ઉતાર્યા નહિ[૨]? અથવા
અમે અમારા રબને જુઅત[૩]' બેશક! પોતાના મનમાં ઘણું
ઊંચુ હાંકયું અને અત્યંત બળવાખોરી પર ઉતરી પડયા[૪]
(૨૧) જે દિવસે ફરિશ્તાઓને દેખશે[૫] તે દિવસ ગુન્હેગારો
માટે કોઇ ખુશીનો નહિ હોય[૬]. અને કહેશે; 'ઇલાહી!
અમારી અને એમની વચમાં અટકી રહેલી કોઇ આડ
(ઓઠ)કરી દે[૭]' (૨૨) અને જે કંઇ એમણે કર્મો કર્યા
હતાં[૮] અમે ઇરાદાપૂર્વક તેને ધૂળની નાની નાની રજકણો
કરી નાખ્યાં કે જેઓ છાપરાના કાણાના તડકામાં દેખાય
છે[૯] (૨૩) જન્નતવાળાઓનું તે દિવસે ઉત્તમ ઠેકાણું[૧૦]
અને હિસાબના બપોર પછી ઉત્તમ આરામનું સ્થાન
(૨૪) અને જે દિવસે આકાશ વાદળોની ફાટી (ને જુદું)
પડી જશે[૧૧] અને ફરિશ્તાઓ સંપૂર્ણપણે ઉતારવામાં આવશે
(૨૫) તે દિવસે સાચી બાદશાહી રહમાનની છે અને તે
દિવસ કાફિરો પર સખત છે[૧૨] (૨૬) અને જે દિવસે
જાલિમ પોતાના હાથ કરડી કરડી લેશે[૧૩] કે; હાય કોઇ
રીતે મેં રસૂલ સાથે રસ્તો પકડયો હોત[૧૪] (૨૭) હાય!
મારી ખરાબી, હાય! કોઇ રીતે મેં ફલાણાને મિત્ર ન
બનાવ્યો હોત (૨૮) બેશક! તેણે મને ભટકાવી

૧. જેઓ કાફિર છે અને હિસાબ માટે ઉઠાડવામાં આવશે એવી માન્યતા ધરાવતા નથી (અને) એટલા માટે જ...

૨. અમારા માટે રસૂલ બનાવીને અથવા સય્યિદે આલમ મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની નબુવ્વતના સાક્ષી બનાવીને.

૩. અને તે પોતે જ અમને કહેત કે મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ તેના રસૂલ છે.

૪. અને તેમનું ઘમંડ અંતિમ હદે પહોંચી ગયું અને બળવાખોરી હદથી વધી ગઇ કે મો'જિઝા દેખ્યા પછી પણ પોતાની ઉપર ફરિશ્તાઓ ઉતારવાની અને અલ્લાહને જોવાની માંગણી કરી બેઠા.

૫. એટલે કે મૃત્યુના દિવસે અથવા કયામતના દિવસે.

૬. કયામતના દિવસે ફરિશ્તાઓ ઇમાનવાળાઓને ખુશખબર સંભળાવશે અને કાફિરોને કહેશે; 'તમારા માટે કોઇ ખુશખબર નથી'.

હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ ફરમાવ્યું છે કે; ફરિશ્તાઓ કહેશે કે મુઅમિન સિવાય કોઇના માટે જન્નતમાં પ્રવેશવું હલાલ નથી. એટલા માટે તે દિવસ કાફિરો માટે ઘણો જ પસ્તાવાનો દુ:ખનો અને ચિંતાનો હશે.

૭. આ વાકયા દ્વારા તેઓ ફરિશ્તાઓથી પનાહ માંગશે.

૮. કુફ્રની હાલતમાં જેવાંકે સગાં સંબંધીઓ સાથેનો સારો વર્તાવ, મહેમાનદારી, યતીમોની લાગણી વિગેરે.

الذكر بعد اذ جاءني وكان الشيطن للانسان
خذولا ﴿٢٩﴾ وقال الرسول يرب ان قومي اتخذوا هذا
القران مهجورا ﴿٣٠﴾ وكذلك جعلنا لكل نبي عدوا
من المجرمين وكفى بربك هاديا ونصيرا ﴿٣١﴾ وقال
الذين كفروا لولا نزل عليه القران جملة واحدة
كذلك لنثبت به فؤادك ورتلنه ترتيلا ﴿٣٢﴾ ولا
ياتونك بمثل الا جئنك بالحق واحسن تفسيرا ﴿٣٣﴾
الذين يحشرون على وجوههم الى جهنم اولئك
شر مكانا واضل سبيلا ﴿٣٤﴾ ولقد اتينا موسى الكتب
وجعلنا معه اخاه هرون وزيرا ﴿٣٥﴾ فقلنا اذهبا الى
القوم الذين كذبوا بايتنا فدمرنهم تدميرا ﴿٣٦﴾

**નાખ્યો મારી પાસે આવેલી નસીહતથી[૧૫]. અને શયતાન માનવીને સહાયહિન પડતો મૂકે છે[૧૬] (૨૯) અને રસૂલે વિનંતી કરી કે; 'અય મારા રબ! મારી કોમે આ કુરઆનને ત્યજવા યોગ્ય ઠેરવી લીધું[૧૭] (૩૦) અને આ રીતે જ અમે દરેક નબી માટે દુશ્મન બનાવી દીધા હતા મુજરિમ લોકોને[૧૮] અને તમારો રબ હિદાયત અને મદદ માટે પૂરતો છે (૩૧) અને કાફિર બોલ્યા; 'કુરઆન એમની ઉપર એક સામટું કેમ ઉતારી દીધું નહીં[૧૯]'. અમે એને આવી રીતે જ તબક્કાવાર ઉતાર્યું છે કે એનાથી તમારૂં દિલ મજબૂત કરીએ[૨૦] અને અમે રોકાઇ રોકાઇને પઢયું[૨૧] (૩૨) અને તેઓ કોઇ કહેવત તમારી પાસે નહિ લાવે[૨૨] પણ અમે સત્ય અને તેનાથી ઉત્તમ બયાન લઇ આવીશું (૩૩) તેઓ જે જહન્નમ તરફ હાંકવામાં આવશે પોતાના મોઢાભેર તેમનું ઠેકાણું સહુથી ખરાબ[૨૩] અને તેઓ સર્વથી ગુમરાહ (૩૪) અને બેશક ! અમે મૂસાને કિતાબ આપી અને તેના ભાઇ હારૂનને વજીર બનાવ્યો (૩૫) તો અમે ફરમાવ્યું; 'તમે બન્ને જાઓ તે કોમ તરફ જેમણે અમારી આયતો જૂઠાડી[૨૪]' પછી અમે તેમને તબાહ કરીને વિનાશિત કરી નાખ્યા (૩૬)**

૯. ન તો હાથ વડે પકડાય ન તેનો પડછાયો પડે. સારાંશ એ કે તે કર્મો નાબૂદ કરી દેવામાં આવશે તેનો કશો લાભ કે ફાયદો નહિ થાય, કારણ કે આમાલ કબૂલ થવા માટે ઇમાનની શરત છે અને તે એમની પાસે હતું નહિ. પછી ઇમાનવાળાઓની શ્રેષ્ઠતાનું વર્ણન થાય છે.

૧૦. અને તેમનું સ્થાન આ ઘમંડી અને બડાઇખોર મુશ્રિકોથી બુલંદ, બેહતર અને ઉચ્ચ છે.

૧૧. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ ફરમાવ્યું; પહેલું આસ્માન ફાટશે અને ત્યાંના રહીશ (ફરિશ્તાઓ) ઉતરશે અને તેઓ સમગ્ર પૃથ્વીવાસીઓથી વધારે સંખ્યામાં છે જિન્નાત અને માનવીઓ તમામથી વધારે. પછી બીજુ આસ્માન ફાટશે અને ત્યાંના રહીશો ઉતરશે તેઓ પહેલા આસ્માનના રહીશો તેમજ જિન્નાત અને માનવીઓની સંખ્યાથી વધારે છે. એવી જ રીતે આસ્માનો ફાટતાં જશે અને દરેક આસ્માનવાળાઓની સંખ્યા તેની નીચે રહેનારાઓ કરતાં વધારે હશે. એટલે સુધી કે સાતમું આસમાન ફાટશે પછી કર્રોબીન ઉતરશે પછી અર્શને ઉઠાવનાર. આ બધું કયામતના દિવસે બનશે.

૧૨. અને અલ્લાહની કૃપાથી મુસલમાનો પર સરળ. હદીષ શરીફમાં છે કે; કયમાતનો દિવસ મુસલમાનો માટે આસાન કરી દેવામાં આવશે એટલે સુધી કે એમના માટે દુનિયામાં પઢેલી એક ફર્ઝ નમાઝથી પણ વધારે હળવો હશે.

૧૩. પસ્તાવા અને શરમીંદગીના કારણે એ પરિસ્થિતિ બધા જ કાફિરોની હશે-પણ અકબા ઇબ્ને મુઇત સાથે આનો ખાસ સંબંધ છે.

**શાને નુઝૂલ** :- અકબા ઇબ્ને મુઇત ઉબય ઇબ્ને ખલફનો ઘેરો મિત્ર હતો. હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ

وقوم نوح لما كذبوا الرسل أغرقناهم وجعلناهم للناس
آية وأعتدنا للظالمين عذابا أليما ﴿٣٧﴾ وعادا وثمودا
وأصحاب الرس وقرونا بين ذلك كثيرا ﴿٣٨﴾ وكلا ضربنا
له الأمثال وكلا تبرنا تتبيرا ﴿٣٩﴾ ولقد أتوا على القرية
التي أمطرت مطر السوء أفلم يكونوا يرونها بل كانوا
لا يرجون نشورا ﴿٤٠﴾ وإذا رأوك إن يتخذونك إلا
هزوا أهذا الذي بعث الله رسولا ﴿٤١﴾ إن كاد ليضلنا
عن آلهتنا لولا أن صبرنا عليها وسوف يعلمون حين
يرون العذاب من أضل سبيلا ﴿٤٢﴾ أرأيت من اتخذ
إلهه هواه أفأنت تكون عليه وكيلا ﴿٤٣﴾ أم تحسب أن
أكثرهم يسمعون أو يعقلون إن هم إلا كالأنعام

અને નૂહની કૌમને[૨૫] જ્યારે તેમણે રસૂલોને જૂઠાડયા[૨૬], અમે તેમને ડૂબાડી દીધા અને તેમને લોકો માટે સીમાચિન્હ બનાવી દીધા[૨૭]. અને અમે જાલિમો માટે દુઃખદાયક અઝાબ તૈયાર કરી રાખ્યો છે (૩૭) અને આદ અને ષમૂદ[૨૮] અને કૂવાવાળાઓને[૨૯] અને એમની વચ્ચે(ના ગાળા)ના ઘણા લોકોને[૩૦] (૩૮) અને અમો બધાને મિષાલો વર્ણવી[૩૧] અને બધાને જ તબાહ કરીને ભૂંસી નાખ્યા (૩૯) અને અવશ્ય આ લોકો[૩૨] જઇ આવ્યા છે તે ગામ પર જેની ઉપર ખરાબ વર્ષા વરસી હતી[૩૩]. તો શું આ લોકો તેને દેખતા ન હતા[૩૪]? બલ્કે એમને જીવંત થવાની આશા હતી જ નહિ[૩૫] (૪૦) અને જ્યારે તમને જુએ છે તો તમને ઠઠ્ઠા મશ્કરી સિવાય (અન્ય કશું) ઠેરવતા નથી[૩૬]; શું આ છે જેમને અલ્લાહે રસૂલ બનાવીને મોકલ્યા (૪૧) નજીક હતું કે આ અમને અમારા ખુદાઓથી ભટકાવી દે જો અમે તેમની (જૂઠા ખુદાઓની) ઉપર ધીરજ ધરીને (અડગ) રહ્યા ન હોત[૩૭] અને હમણાં જ જાણી જવાના છે, જે દિવસે અઝાબ દેખશે[૩૮], કે કોણ માર્ગ ભૂલેલું હતું[૩૯] (૪૨) શું તમે તેને જોયો જેણે પોતાના મનની ઇચ્છાને પોતાનો ખુદા બનાવી લીધો?[૪૦] તો શું તમે તેની સંભાળની જવાબદારી લેશો?[૪૧] (૪૩) અથવા એવું સમજો

વસલ્લમના કહેવાથી તેણે લાઇલાહ ઇલ્લલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ ની ગવાહી આપી પણ ત્યાર પછી ઉબય ઇબ્ને ખલફના દબાણના કારણે પાછો મુરતદ બની ગયો અને સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે તે માર્યો જશે એવી ખબર આપી હતી, જેમકે તે બદ્રમાં માર્યો ગયો. આ આયત તેના વિષે ઉતરી કે કયામતના દિવસે તેને હદ દરજ્જાનો પસ્તાવો અને શરમિંદગી થશે એ પસ્તાવાથી તે પોતાના હાથ કરડી કરડી લેશે.

૧૪. જન્નત અને નજાતનો. અને આપને અનુસર્યો હોત અને આપનું માર્ગદર્શન સ્વીકાર્યું હોત.

૧૫. અર્થાત કુરઆન અને ઇમાનથી.

૧૬. અને બલા તેમજ અઝાબના ઉતરાણ સમયે તેનાથી અડગો થઇ જાય છે. તિરમિઝી અને અબૂ દાઊદમાં હઝરત અબૂહુરેરાના હવાલાથી એક હદીષ ટાંકવામાં આવી છે કે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું; 'માનવી પોતાના મિત્રના ધર્મ પર હોય છે, માટે જોવું જોઇએ કે કોને મિત્ર બનાવે છે.' અને હઝરત અબૂ સઇદ ખુદરી રદીયલ્લાહુ તઆલા અન્હૂએ કહ્યુ છે કે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું; 'ઇમાનદાર સિવાય અન્યની મિત્રતા ન કેળવો અને પરહેઝગારને જ ખાવા ખવડાવો'.

**મસઅલો** :- બેદીન અને બદમઝહબની દોસ્તી અને તેની સાથે હળવું ભળવું, તેની મહોબ્બત ધરાવવી અને તેનું સન્માન કરવાની મનાઇ છે.

૧૭. કોઇએ એને જાદુ કહ્યું કોઇએ શાયરી અને એ લોકો ઇમાન લાવવાથી વંચિત રહ્યા. એ બાબત

અલ્લાહ તઆલાએ હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને આશ્વાસન આપ્યું અને આપને સહાયનું વચન આપ્યું જેમકે આગળ ફરમાવાયું છે...

૧૮. અર્થાત નબીઓ સાથે કમનસીબ લોકોનું વર્તન આવું જ રહ્યું છે.

૧૯. જેવી રીતે કે તૌરાત, ઇન્જીલ અને ઝબૂરમાંથી પ્રત્યેક કિતાબ એકસામટી ઉતરી હતી. કાફિરોની આ માંગણી તદ્દન વાહિયાત અને અજ્ઞાનંતા પર આધારિત હતી કારણ કે કુરઆન શરીફનું મુઅ્જિઝો અને દલીલપૂર્ણ હોવું બન્ને હાલતોમાં સરખું છે એકસામટુ ઉતરે તો પણ અને તબક્કાવાર ઉતરે તો પણ. બલ્કે તબક્કાવાર ઉતારવામાં એના લાજવાબ હોવાની સંપૂર્ણ જાહેરાત છે, કારણ કે જ્યારે એક આયત ઉતરી અને એના લાજવાબ હોવા બાબત ચેલેંજ કરવામાં આવ્યું અને મખ્લૂક એના જેવું કલામ બનાવી શકી નહિ, પછી બીજી આયત ઉતરી તેનું લાજવાબ હોવું પણ એવી રીતે જ જાહેર થયું. આમ આયત આયત થઇને કુરઆન શરીફ ઉતરતું રહ્યું અને દરેક પળે એનું લાજવાબ હોવું અને મખ્લૂકનું (એના જેવું કલામ બનાવવાથી) લાચાર રહેવું જાહેર થતું રહ્યું. મતલબ કે કાફિરોનો વાંધો તદ્દન બેકાર અને અર્થહિન છે. આયતમાં અલ્લાહ તઆલા તબક્કાવાર ઉતારવાનું રહસ્ય વર્ણવે છે...

૨૦. અને સંદેશ (વહી)નો સિલસિલો ચાલુ રહેવાથી આપના મુબારક હૃદયને આશ્વાસન મળતું રહે અને કાફિરોને પ્રત્યેક અવસરે જવાબ મળતા રહે. એ સિવાય આ ફાયદો પણ છે કે એને મોઢે કરવાનું સરળ બને.

૨૧. જિબ્રઇલની જીભે થોડું થોડું વીસ અથવા તેવીસ વર્ષની મુદ્દતમાં અથવા એવો અર્થ છે કે અમે આયત પછી આયત તબક્કાવાર ઉતારી. અને અમુકે કહ્યું કે અલ્લાહ તઆલાએ આપણને કિરઅતમાં તરતીલ એટલે કે રોકાઇ રોકાઇને પઢવાનો અને કુરઆન શરીફને શાંતિથી સારી રીતે અદા કરવાનો આદેશ આપ્યો, જેમ કે બીજી આયતમાં ફરમાવ્યું; વરત્તિલિલ કુરઆન તરતીલા (કુરઆન શરીફને શાંતિથી ધીમે ધીમે પઢો.)

૨૨. અર્થાત મુશ્રિકો આપના દીન વિરૂધ્ધ અથવા આપની નબુવ્વતમાં વાંધાવચકા કાઢવા કોઇ સવાલ રજુ કરશે નહિ.....

૨૩. હદીષ શરીફમાં છે કે માનવીઓ કયામતના દિવસે ત્રણ રીતે ઉઠાડવામાં આવશે, એક વર્ગ સવારીઓ પર, એક જમાઅત પગપાળા અને એક ટોળું મોઢાંઓભેર ઘસેડાતા. વિનંતી કરવામાં આવી કે; 'યા રસૂલલ્લાહ! સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ મોઢા ભેર કેવી રીતે ચાલશે?' ફરમાવ્યું; 'જેણે પગો વડે ચલાવ્યા તે મોઢા વડે પણ ચલાવશે.'

૨૪. એટલે કે ફિરઔનની કોમ તરફ. જેમ કે તે બન્ને સાહેબો તેમની તરફ ગયા અને તેમને ખુદાનો ખોફ દેખાડયો અને પોતાની રિસાલતની તબ્લીગ કરી પણ તે બદબખ્ત લોકોએ આપ સાહેબોને જૂઠાડયા.

૨૫. પણ હલાક કરી નાખી.

૨૬. અર્થાત હઝરત નૂહ અને હઝરત ઇદ્રીસને તેમજ હઝરત શીશને. અથવા એવો અર્થ છે કે એક રસૂલને જૂઠાડવું એ બધા રસૂલોને જૂઠાડવું છે તો જ્યારે તેમણે હઝરત નૂહને જૂઠાડયા તો જાણે કે બધા જ રસૂલોને જૂઠાડયા.

૨૭. જેથી પાછળવાળાઓ માટે બોધપાઠ બને.

૨૮. આદ હઝરત હૂદ અલયહિસ્સલામની કોમ અને ષમૂદ હઝરત સાલિહ અલયહિસ્સલામની કોમ એ

وقال الذين ١٩ الفرقان ٢٥

بل هم اضل سبيلا ﴿٤٤﴾ الم تر الى ربك كيف مد الظل
ولو شاء لجعله ساكنا ثم جعلنا الشمس عليه دليلا ﴿٤٥﴾
ثم قبضناه الينا قبضا يسيرا ﴿٤٦﴾ وهو الذي جعل
لكم اليل لباسا والنوم سباتا وجعل النهار نشورا ﴿٤٧﴾
وهو الذي ارسل الريح بشرا بين يدي رحمته
وانزلنا من السماء ماء طهورا ﴿٤٨﴾ لنحي به بلدة
ميتا ونسقيه مما خلقنا انعاما واناسي كثيرا ﴿٤٩﴾ ولقد
صرفنه بينهم ليذكروا فابى اكثر الناس الا كفورا ﴿٥٠﴾
ولو شئنا لبعثنا في كل قرية نذيرا ﴿٥١﴾ فلا تطع
الكفرين وجاهدهم به جهادا كبيرا ﴿٥٢﴾ وهو الذي
مرج البحرين هذا عذب فرات وهذا ملح اجاج

છો કે તેમનામાં ઘણા સાંભળે અથવા સમજે છે?[૪૨] તેઓ તો નથી પણ નર્યા જાનવરો, બલ્કે એમનાથી પણ વધારે ખરાબ ગુમરાહ[૪૩] (૪૪) શું અય મહબૂબ! તમે પોતાના રબને જોયો નહિ[૪૪] કે કેવો ફેલાવ્યો છાંયડો[૪૫] અને જો ઇચ્છત તો તેને સ્થગિત કરી આપત[૪૬]. પછી અમે સૂર્યને એની ઉપર દલીલ કર્યો (૪૫) પછી અમે તેને ધીમે ધીમે પોતાની તરફ સમેટયો[૪૭] (૪૬) અને તે જ છે જેણે રાતને તમારા માટે પરદો બનાવી અને નિદ્રાને આરામ, અને દિવસ બનાવ્યો ઉઠવા માટે[૪૮] (૪૭) અને તે જ છે જેણે પવન મોકલ્યા પોતાની રહમતથી આગળ ખુશખબર સંભળાવતા[૪૯]. અને અમે આકાશમાંથી પાક કરનાર પાણી ઉતાર્યું (૪૮) જેથી અમે એના વડે જીવંત કરીએ કોઇ મૃત શહેરને[૫૦] અને તે પીવાડીએ પોતાનાં સર્જેલાં ઘણાં પશુઓને અને માનવીઓને (૪૯) અને બેશક! અમે તેમનામાં પાણીના વારા[૫૧] નક્કી કર્યા જેથી તેઓ ચિંતન કરે[૫૨] તો ઘણા લોકોએ માન્યુ નહિ પણ નગુણું બનવું (૫૦) અને અમે ઇચ્છત તો પ્રત્યેક ગામમાં એક ડર સંભળાવનાર મોકલત[૫૩] (૫૧) તો કાફિરોનું કહ્યું માનીશ નહિ અને આ કુરઆન વડે તેમની ઉપર જિહાદ કર, મહાન જિહાદ (૫૨) અને તે જ છે જેણે જોડાઇને વહેતા

બન્ને કોમોનો પણ વિનાશ કર્યો.

૨૯. એ હઝરત શુએબ અલયહિસ્સલામની કોમ હતી જે મૂર્તિપૂજા કરતી હતી, અલ્લાહ તઆલાએ તેમની પાસે હઝરત શુએબ અલયહિસ્સલામને મોકલ્યા. આપે તેમને ઇસ્લામનું આમંત્રણ આપ્યું, તેમણે બંડખોરી કરી હઝરત શુએબ અલયહિસ્સલામને જૂઠાડયા અને આપને ઇજાઓ આપી. તે લોકોના ઘરો કૂવાની આજૂબાજૂ હતાં અલ્લાહ તઆલાએ તેમનો સર્વનાશ કર્યો અને તે કોમ પોતાનાં ઘરો અને કૂવા સહીત જમીનમાં દટાઇ ગઇ. આ સિવાય (આ બાબત) બીજાં કથનો પણ છે.

૩૦. અર્થાત આદ અને ષમૂદની કોમો અને કૂવાવાળાઓની વચ્ચેના ગાળામાં (બીજી) ઘણી ઉમ્મતો છે જેમને નબીઓને જૂઠાડવાના કારણે અલ્લાહ તઆલાએ બરબાદ કરી દીધી.

૩૧. અને દલીલો કાયમ કરી અને તેમનામાંથી કોઇને ડર સંભળાવ્યા વગર હલાક કર્યા નહિ.

૩૨. એટલે કે મક્કાના કાફિરો, સિરિયાના વેપારી પ્રવાસ દરમ્યાન વારંવાર.

૩૩. તે ગામ એટલે સદુમ જે કોમે લૂતનાં પાંચ ગામોમાં સહૂથી મોટુ હતું. તે ગામોમાં જે બધાંથી નાનું હતું તેના રહીશો તો તે ઘૃણાજનક બદકારીમાં સંડોવાએલા ન હતા જેમાં બાકીનાં ચાર ગામોના રહેવાસીઓ સપડાએલા હતા એટલા તેઓ છૂટી ગયા અને બાકીના ચાર ગામોવાળાઓને તેમની બદકારીના કારણે આકાશમાંથી પથ્થરો વરસાવીને હલાક કરી નાખવામાં આવ્યા.

૩૪. કે (જેથી) બોધ ગ્રહણ કરત અને ઇમાન લાવત.

૩૫. એટલે કે મૃત્યુ પછી જીવંત થવામાં માનતા ન હતા કે જેથી તેમને આખિરતના સવાબ અને

અઝાબની પરવાહ હોય.

૩૬. અને કહે છે;

૩૭. આનાથી જાણવા મળ્યું કે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના નિમંત્રણ અને મુઅ-જિઝાઓની જાહેરાતે કાફિરો પર એટલો પ્રભાવ પાડયો હતો અને સત્ય ધર્મને એટલા પ્રમાણમાં સ્પષ્ટ કરી દીધો હતો કે કાફિરોને પોતાને સ્વીકાર્ય છે કે જો તેઓ પોતાની હઠ પર જામેલા રહ્યા ન હોત તો નજીક હતું કે મૂર્તિપૂજા ત્યજી બેસત અને ઇસ્લામ ધર્મ સ્વીકારી લેત. એટલે કે ઇસ્લામ ધર્મની સત્યતા તેમની ઉપર ખૂબ સ્પષ્ટ થઇ ચૂકી હતી અને શંકાકુશંકા નાબૂદ કરી દેવામાં આવી હતી પણ તેઓ પોતાની હઠ અને જક્કીપણાના કારણે વંચિત રહ્યા.

૩૮. આખિરતમાં.

૩૯. આ કાફિરોના તે વાક્યનો જવાબ છે જે તેમણે ઉચ્ચાર્યું હતું કે; 'નજીક છે કે તેઓ અમને અમારા ખુદાઓથી ભટકાવી દે અહીં વર્ણવવામાં આવ્યું કે ભટકેલા તમે પોતે છો અને આખિરતમાં તમને પોતાને એની જાણ થઇ જશે અને રસૂલે કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ તરફ ભટકાવવાનો સંબંધ તદ્દન અસ્થાને છે.

૪૦. અને પોતાની મનેચ્છાને પૂજવા માંડયા તેના તાબે થઇ ગયા. તે હિદાયત કેવી રીતે સ્વીકારશે ? બયાન કરવામાં આવ્યું છે કે અજ્ઞાનયુગના લોકો એક પથ્થરને પૂજતા અને જ્યારે ક્યાંક તેમને એનાથી સારો પથ્થર દેખાતો ત્યારે પહેલાને ફેંકી દેતા અને બીજાને પૂજવા લાગતા.

૪૧. કે (તેને) ઇચ્છા પૂજનથી રોકી દો.

૪૨. મતલબ એ છે કે તેઓ પોતાની સખત અદાવતના કારણે ન તો આપની વાત સાંભળે છે ન તો દલીલો અને પુરાવાઓને સમજી શકે છે, બ્હેરા અને અણસમજ બન્યા છે.

૪૩. કારણ કે જાનવરો પણ પોતાના રબની તસ્બીહ કરે છે અને જે એમને ખાવાનું આપે તેનાં તાબેદાર રહે છે અને ઉપકાર કરનારને ઓળખે છે. અને તકલીફ આપનારથી ગભરાય છે, ફાયદાકારકની ઇચ્છા કરે છે અને નુકસાનકારકથી વેગળા રહે છે ચરવાની જગ્યાના રસ્તાઓને ઓળખે છે. આ કાફિરો એમનાથી પણ બદતર છે કારણ કે (તેઓ) ન રબને ઓળખે છે ન તો તેના ઉપકારને ઓળખે છે ન તો શયતાન જેવા દુશ્મનની હાનિકારકતાને સમજે છે ન તો સવાબ જેવી મહાન ફાયદાકારક વસ્તુની ઇચ્છા કરે છે ન તો અઝાબ જેવી હલાક કરનાર નુકસાનકારક બાબતથી વેગળા રહે છે.

૪૪. કે તેની કુદરત અને કારીગરી કેવી અજબ છે.

૪૫. સુબ્હ સાદિક થયા પછીથી સૂર્યોદય સુધી કે તે સમયે આખી પૃથ્વી પર પડછાયો જ પડછાયો હોય છે ન તડકો હોય છે ન અંધારૂં.

૪૬. કે સૂર્યોદયથી પણ મટત નહિ.

૪૭. કે ઉદય પછી સૂર્ય જેટલો ઊંચે ચઢતો ગયો છાંયડો સમેટાતો ગયો:

૪૮. કે એમાં રોજી ઢુંઢો અને કાર્યોમાં મગ્ન બનો. હઝરત લુકમાને પોતાના પુત્રને કહ્યુ; 'જેવી રીતે સૂઇ જાઓ છો અને પાછા જાગો છો એવી જ રીતે મૃત્યુ પામશો અને મર્યા પછી પાછા ઉઠશો'.

૪૯. અહીં રહમતનો મતલબ વરસાદ છે.

૫૦. જ્યાંની જમીન સુકાઇને જીવ વગરની બની ગઇ.

وَجَعَلَ بَيْنَهُمَا بَرْزَخًا وَّحِجْرًا مَّحْجُوْرًا ۝ وَهُوَ الَّذِيْ
خَلَقَ مِنَ الْمَآءِ بَشَرًا فَجَعَلَهٗ نَسَبًا وَّصِهْرًا ؕ وَكَانَ رَبُّكَ
قَدِيْرًا ۝ وَيَعْبُدُوْنَ مِنْ دُوْنِ اللّٰهِ مَا لَا يَنْفَعُهُمْ
وَلَا يَضُرُّهُمْ ؕ وَكَانَ الْكَافِرُ عَلٰى رَبِّهٖ ظَهِيْرًا ۝ وَمَآ اَرْسَلْنٰكَ
اِلَّا مُبَشِّرًا وَّنَذِيْرًا ۝ قُلْ مَآ اَسْـَٔلُكُمْ عَلَيْهِ مِنْ اَجْرٍ
اِلَّا مَنْ شَآءَ اَنْ يَّتَّخِذَ اِلٰى رَبِّهٖ سَبِيْلًا ۝ وَتَوَكَّلْ
عَلَى الْحَيِّ الَّذِيْ لَا يَمُوْتُ وَسَبِّحْ بِحَمْدِهٖ ؕ وَكَفٰى
بِهٖ بِذُنُوْبِ عِبَادِهٖ خَبِيْرًا ۝ الَّذِيْ خَلَقَ السَّمٰوٰتِ
وَالْاَرْضَ وَمَا بَيْنَهُمَا فِيْ سِتَّةِ اَيَّامٍ ثُمَّ اسْتَوٰى عَلَى
الْعَرْشِ ۚ اَلرَّحْمٰنُ فَسْـَٔلْ بِهٖ خَبِيْرًا ۝ وَاِذَا قِيْلَ لَهُمُ
اسْجُدُوْا لِلرَّحْمٰنِ قَالُوْا وَمَا الرَّحْمٰنُ ۤ اَنَسْجُدُ لِمَا تَاْمُرُنَا

**બે સમુદ્રો વહાવ્યા, આ મીઠો છે બહું જ મીઠો અને આ ખારો છે ઘણો જ કડવો, અને તેમની વચમાં રાખ્યો પરદો અને રોકાએલી આડ[૫૪] (૫૩) અને તે જ છે જેણે પાણીથી[૫૫] બનાવ્યો માનવી, પછી તેના સગાઇ સંબંધો અને સાસરી પ્રશ્ન નક્કી કર્યો[૫૬]. અને તમારો રબ કુદરતવાળો છે[૫૭] (૫૪) અને અલ્લાહ સિવાય એવાઓને પૂજે છે[૫૮] જે એમનું સારૂં નરસું કશું કરી શકે નહિ. અને કાફિર પોતાના રબની સામે શયતાનને મદદ કરે છે[૫૯] (૫૫) અને અમે તેમને મોકલ્યા નહિ પણ[૬૦] ખુશી અને[૬૧] ડર સંભળાવતા (૫૬) તમે ફરમાવો; 'હું આ[૬૨] બદલ તમારી પાસેથી કશું વળતર માંગતો નથી પરંતુ જે ઇચ્છે કે પોતાના રબ પ્રતિ રસ્તો પકડે"[૬૩] (૫૭) અને વિશ્વાસ રાખો તે જીવંત ઉપર જે કદાપી મરશે નહિ[૬૪]. અને તેના વખાણ બોલતાં બોલતાં તેની પવિત્રતા ઉચ્ચારો. અને તે જ પુરતો છે. પોતાના બન્દાઓના ગુન્હાઓ વિશે ખબરદાર[૬૫] (૫૮) જેણે આકાશ અને પૃથ્વી અને જે કંઇ એમની વચમાં છે તે છ દિવસમાં બનાવ્યું[૬૬] પછી અર્શ પર ઇસ્તેવા ફરમાવ્યો જેવો કે તેને છાજે છે[૬૭]. તે મોટી મહેરવાળો તો કોઇ જાણકારને તેની તારીફ પૂછ[૬૮] (૫૯) અને જ્યારે તેમને કહેવામાં આવે[૬૯]; રહમાનને સિજદો**

૫૧. કે ક્યારેક અમુક શહેરમાં વરસાદ થાય ક્યારેક બીજા અમુકમાં. કદીક ક્યાંક વધારે વરસે કદીક બીજે ક્યાંક. જુદી જુદી રીતે. રહસ્યના તકાદા અનુસાર.

એક હદીષમાં છે કે આકાશમાંથી રાત દિવસની બધી જ પળોમાં વરસાદ વરસતો રહે છે અલ્લાહ તઆલા એને જે વિસ્તાર તરફ ઇચ્છે છે તે તરફ વાળે છે અને જે જમીનને ઇચ્છે તેને તૃપ્ત કરે છે.

૫૨. અને અલ્લાહ તઆલાની કુદરત અને નેઅમતમાં મનન કરે.

૫૩. અને આપની ઉપરથી ડર સંભળાવવાનો ભાર હળવો કરત પણ અમે બધાં જ ગામોને ડરાવવાનો બોજો આપની ઉપર જ મૂક્યો જેથી આપ તમામ વિશ્વના રસૂલ બનીને બધા જ રસૂલોની શ્રેષ્ઠતાઓના એકત્રીકરણરૂપ બનો અને નબુવ્વત આપની ઉપર સમાપ્ત થાય કે જેથી આપના પછી કોઇ નબી થાય નહિ.

૫૪. કે મીઠો ખારો ન થઇ શકે અને ખારો મીઠો ન બની શકે. કોઇ બીજાના સ્વાદને બદલી શકે નહિ. જેવી રીતે કે દજલા ખારા સમુદ્રમાં માઇલો સુધી વહેતો જાય છે પણ તેના સ્વાદમાં કોઇ ફેરબદલ થતો નથી. અલ્લાહની શાન અજબ છે.

૫૫. અર્થાત વિર્યબિંદુથી.

૫૬. કે (જેનાથી) વંશ ચાલે.

૫૭. કે તેણે એક વિર્યબિંદુથી બે પ્રકારના માણસો બનાવ્યા નર અને નારી. છતાં કાફિરોની હાલત એ છે કે તેના પર ઇમાન લાવતા નથી.

૫૮. અર્થાત મૂર્તિઓને.

وَزَادَهُمْ نُفُوْرًا ۞ تَبٰرَكَ الَّذِيْ جَعَلَ فِي السَّمَآءِ بُرُوْجًا
وَّجَعَلَ فِيْهَا سِرٰجًا وَّقَمَرًا مُّنِيْرًا ۞ وَهُوَ الَّذِيْ جَعَلَ
الَّيْلَ وَالنَّهَارَ خِلْفَةً لِّمَنْ اَرَادَ اَنْ يَّذَّكَّرَ اَوْ اَرَادَ
شُكُوْرًا ۞ وَعِبَادُ الرَّحْمٰنِ الَّذِيْنَ يَمْشُوْنَ عَلَى
الْاَرْضِ هَوْنًا وَّاِذَا خَاطَبَهُمُ الْجٰهِلُوْنَ قَالُوْا سَلٰمًا ۞
وَالَّذِيْنَ يَبِيْتُوْنَ لِرَبِّهِمْ سُجَّدًا وَّقِيَامًا ۞ وَالَّذِيْنَ
يَقُوْلُوْنَ رَبَّنَا اصْرِفْ عَنَّا عَذَابَ جَهَنَّمَ اِنَّ عَذَابَهَا
كَانَ غَرَامًا ۞ اِنَّهَا سَآءَتْ مُسْتَقَرًّا وَّمُقَامًا ۞ وَالَّذِيْنَ
اِذَآ اَنْفَقُوْا لَمْ يُسْرِفُوْا وَلَمْ يَقْتُرُوْا وَكَانَ بَيْنَ
ذٰلِكَ قَوَامًا ۞ وَالَّذِيْنَ لَا يَدْعُوْنَ مَعَ اللّٰهِ اِلٰهًا
اٰخَرَ وَلَا يَقْتُلُوْنَ النَّفْسَ الَّتِيْ حَرَّمَ اللّٰهُ اِلَّا بِالْحَقِّ

કરો. ત્યારે કહે છે; રહમાન શું છે? શું અમે જેને તમે કહો[૭૦] તેને સિજદો કરી લઇએ? અને આ હુકમે તેમનું ભડકવાનું ઓર વધાર્યું[૭૧] (૬૦) મહાન બરકતવંત છે તે જેણે આકાશમાં બુરજ બનાવ્યા[૭૨] અને એમાં દીવો મૂક્યો[૭૩] અને ચળકતો ચંદ્ર (૬૧) અને તે જ છે જેણે રાત્રી અને દિવસની હેરફેર રાખી[૭૪] તેના માટે જે ચિંતન કરવા ઇચ્છે અથવા આભાર માનવાનો ઇરાદો કરે (૬૨) અને રહમાનના તે બન્દાઓ જેઓ જમીન પર ધીમેથી ચાલે છે[૭૫] અને જ્યારે અજ્ઞાનો એમની સાથે વાત કરે છે[૭૬] ત્યાર કહે છે; બસ સલામ[૭૭] (૬૩) અને તે જેઓ રાત્રી પસાર કરે છે પોતાના રબ માટે સિજદા અને કિયામ માં[૭૮] (૬૪) અને તે જેઓ વિનંતી કરે છે; અય અમારા રબ અમારાથી પાછો વાળ જહન્નમનો અઝાબ. બેશક! તેનો અઝાબ ગળાનો ફંદો છે[૭૯] (૬૫) બેશક ! તે અતિશય ખરાબ રહેવાનું સ્થાન છે (૬૬) અને તે જેઓ જ્યારે વાપરે છે (ત્યારે) ન હદથી વધે અને ન તંગી કરે[૮૦] અને એ બન્ને (હાલતો) ની વચમાં મધ્યવર્તિ રહે[૮૧] (૬૭) અને તે જેઓ અલ્લાહની સાથે કોઇ બીજા મઅબૂદને પૂજતા નથી[૮૨]. અને તે પ્રાણને જેનો અલ્લાહે મલાજો

૫૯. કારણ કે મૂર્તિપૂજા શયતાનને સહાય કરવા સમાન છે.

૬૦. ઇમાન અને ઇતાઅત કરવા બદલ જન્નતની...

૬૧. કુફ્ર અને નાફરમાની બદલ જહન્નમના અઝાબનો...

૬૨. તબ્લીગ અને નસીહત...

૬૩. અને તેની નિકટતા તેમજ તેની ખુશી પ્રાપ્ત કરે. મતલબ એ છે કે ઇમાનદારોનું ઇમાન લાવવું અને તેમનું અલ્લાહની ઇતાઅતમાં મગ્ન થવું એ જ મારૂં વળતર છે કારણ કે અલ્લાહ તઆલા એ બદલ મને સારો બદલો આપશે. એટલા માટે કે ઉમ્મતના સારા લોકોના ઇમાન અને તેમની નેકીઓનો સવાબ તેમને પોતે પણ અને તેમના નબીઓને પણ મળે છે જેમની હિદાયતના કારણે તેઓ આ મરતબે પહોંચ્યા છે.

૬૪. તેની ઉપર જ વિશ્વાસ રાખવો જોઇએ કારણ કે મરનાર પર ભરોસો રાખવો એ બુદ્ધિમાનને છાજતું નથી.

૬૫. ન તેનાથી કોઇનો ગુન્હો છાનો રહે ન કોઇ તેની પકડમાંથી પોતાને બચાવી શકે.

૬૬. એટલે કે એટલા ગાળામાં. કારણ કે રાત દિવસ અને સૂર્ય તો હતાં જ નહિ. અને એટલા સમયમાં સર્જવું પોતાની મખ્લૂકને શાંતિ અને સંતોષની તાલીમ આપવા માટે છે, નહિ તો તે એક પળમાં બધું સર્જી કાઢવા શક્તિમાન છે.

૬૭. આગલા બુઝુર્ગોની માન્યતા એવી છે કે 'ઇસ્તિવા' અને એની જેવા બીજા શબ્દો જે વપરાય છે આપણે તેની ઉપર ઇમાન ધરાવીએ છીએ પણ એની કેફિયત (કેવું અથવા કેવી રીતે)ની પાછળ પડતા નથી,

એને અલ્લાહ જાણે છે. અમુક તફસીરકારો ઇસ્તિવાને બુલંદી અને ઉચ્ચતાના અર્થમાં લે છે અને અમુક કાબૂ મેળવવાના અર્થમાં. પણ પ્રથમ કથન જ સલામતીવાળું અને મજબૂત છે.

૬૮. આમાં માનવીને સંબોધન છે કે રહમાનના ગુણો જ્ઞાની પુરૂષ (મર્દે આરિફ)ને પૂછે.

૬૯. અર્થાત જ્યારે સય્યિદુલ મુરસલીન સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ મુશ્રિકોને કહે કે...

૭૦. આનાથી તેમનો હેતુ એ છે કે તેઓ રહમાનને જાણતા નથી પણ એ ખોટું છે એ તેમણે સખત વિરોધના કારણે કહ્યું હતું કારણ કે અરબી ભાષાનો જાણકાર દરેક એ વાત જાણે છે કે રહમાન મોટા રહમવાળાને કહે છે અને એ અલ્લાહ તઆલાનો જ ગુણ છે.

૭૧. એટલે કે સિજદાનો હુકમ તેમની માટે ઇમાનથી ઓર વધારે દૂર થવાનું કારણરૂપ બન્યો.

૭૨. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ ફરમાવ્યું કે; બુરજનો મતલબ સત્પર્ષિના બાર નક્ષત્રો છે.

૭૩. દીવાનો અર્થ અહીં સૂર્ય છે.

૭૪. કે તેઓમાં એક પછી બીજું આવે છે. અને રાત દિવસનું વારાફરતાં આવવું અલ્લાહ તઆલાની કુદરત અને હિકમતની દલીલ છે.

૭૫. શાંતિ અને સ્વમાન સાથે નરમાશથી, નહિ કે ગર્વિત રીતે જોડા ખખડાવતા પગ પછાડતા ઇતરાઇને. કારણ કે એ રીત ઘમંડી લોકોની છે અને શરીઅતે એની મનાઇ કરેલી છે.

૭૬. અને કોઇ અસહય વાત અથવા બેહૂદી અને સભ્યતા વિરૂધ્ધ વાત કહે છે...

૭૭. આને 'સલામે મુતારેકત' એટલે કે ત્યજવા માટેની સલામ કહે છે. અર્થાત જાહિલો સાથે ચર્ચામાં ઉતરવાથી વેગળા રહે છે. અથવા એવો અર્થ છે કે એવી વાત કહે છે જે ખરી હોય અને એવી વાતમાં ઇજા આપવાથી અને ગુનાહથી બચેલા રહે છે. હસન બસરીએ કહ્યું છે કે; આ તો તે બન્દાઓના દિવસની હાલત છે અને તેમની રાતનું બયાન (આયતમાં) આગળ આવે છે. મતલબ એ છે કે તેમની મજલસી જિંદગી અને મખ્લૂક સાથે તેમના સંબંધો આવા હોય છે. અને તેમની એકાંતની જિંદગી તેમજ ખુદા સાથે તેમનો સંબંધ એવો છે જેનું વર્ણન આગળ થાય છે.

૭૮. અર્થાત નમાઝ અને ઈબાદતમાં. મતલબ એ છે કે રાત્રે ઉજાગરા કરીને રાત્રી ઈબાદતમાં ગુજારે છે અને અલ્લાહ પોતાના કરમ અને કૃપાથી થોડીક ઈબાદતવાળાઓને પણ આખી રાત ઈબાદત કરવાનો સવાબ આપે છે. હઝરત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ ફર્માવ્યું છે કે; જે કોઈએ ઈશા પછી બે રકાત કે વધારે નફલ પઢયા તે આખી રાત ઈબાદત કરનારાઓમાં સામેલ છે. મુસ્લિમ શરીફમાં હઝરત ઉષ્માન રદીયલ્લાહુ તઆલા અન્હૂની રિવાયત છે કે; જેણે ઈશાની નમાઝ જમાઅત સાથે પઢી તેણે અડધી રાત સુધી ઈબાદત કરવાનો સવાબ મેળવ્યો અને જેણે ફજરની નમાઝ પણ જમાઅત સાથે અદા કરી તો તે આખી રાત ઈબાદત કરનારની જેમ છે.

૭૯. અર્થાત ચોંટી જનાર જે અલગ થાય નહિ. આ આયતમાં તે બન્દાઓના રાત્રીના ઉજાગરા અને ઇબાદતનું વર્ણન કર્યા પછી તેમની દુઆનું બયાન કર્યું. આનાથી એ વાત જાહેર કરવાનો હેતુ છે કે તેઓ આટલી વધારે ઇબાદત કરતા હોવા છતાં અલ્લાહનો ખોફ ધરાવે છે અને તેની સામે રડીને આજેઝી કરે છે.

૮૦. 'ઈસરાફ' ગુનાહના કામમાં વાપરવાને કહે છે. એક બુઝુર્ગે કહ્યું કે; ઈસરાફમાં ભલાઈ નથી (ત્યારે) બીજા બુઝુર્ગે કહ્યું કે; નેકી (ના કામ)માં ઈસરાફ છે જ નહીં. અને 'તંગી' કરવી એ છે કે અલ્લાહ તઆલા (અઝ્ઝ વ જલ્લ)ના નક્કી કરેલા હક્કોને અદા કરવામાં કમી કરે. હઝરત ઈબ્ને

وَلَا يَزْنُونَ ۚ وَمَن يَفْعَلْ ذَٰلِكَ يَلْقَ أَثَامًا ﴿٦٨﴾ يُضَاعَفْ
لَهُ الْعَذَابُ يَوْمَ الْقِيَامَةِ وَيَخْلُدْ فِيهِ مُهَانًا ﴿٦٩﴾ إِلَّا
مَن تَابَ وَآمَنَ وَعَمِلَ عَمَلًا صَالِحًا فَأُولَٰئِكَ يُبَدِّلُ
اللَّهُ سَيِّئَاتِهِمْ حَسَنَاتٍ ۗ وَكَانَ اللَّهُ غَفُورًا رَّحِيمًا ﴿٧٠﴾ وَمَن
تَابَ وَعَمِلَ صَالِحًا فَإِنَّهُ يَتُوبُ إِلَى اللَّهِ مَتَابًا ﴿٧١﴾ وَ
الَّذِينَ لَا يَشْهَدُونَ الزُّورَ وَإِذَا مَرُّوا بِاللَّغْوِ مَرُّوا كِرَامًا ﴿٧٢﴾
وَالَّذِينَ إِذَا ذُكِّرُوا بِآيَاتِ رَبِّهِمْ لَمْ يَخِرُّوا عَلَيْهَا صُمًّا
وَعُمْيَانًا ﴿٧٣﴾ وَالَّذِينَ يَقُولُونَ رَبَّنَا هَبْ لَنَا مِنْ
أَزْوَاجِنَا وَذُرِّيَّاتِنَا قُرَّةَ أَعْيُنٍ وَاجْعَلْنَا لِلْمُتَّقِينَ
إِمَامًا ﴿٧٤﴾ أُولَٰئِكَ يُجْزَوْنَ الْغُرْفَةَ بِمَا صَبَرُوا وَيُلَقَّوْنَ
فِيهَا تَحِيَّةً وَسَلَامًا ﴿٧٥﴾ خَالِدِينَ فِيهَا ۚ حَسُنَتْ مُسْتَقَرًّا

રાખ્યો[૮૩] નાહક મારી નાખતા નથી અને વ્યભિચાર કરતા નથી[૮૪]. અને જે આ કાર્ય કરે તે સજા પામશે (૬૮) વધારવામાં આવશે તેના પર અઝાબ કયામતના દિવસે[૮૫] અને હમેશાં તેમાં અપમાનિત થઇને રહેશે (૬૯) પરંતુ તે જે તવબહ કરે[૮૬] અને ઇમાન લાવે[૮૭] અને સદકર્મ કરે[૮૮] તો એવાઓની બુરાઇઓને અલ્લાહ ભલાઇઓથી બદલી આપશે[૮૯]. અને અલ્લાહ માફ કરનાર મહેરબાન છે (૭૦) અને તે જે તૌબા કરે અને સદકર્મ કરે તો તે અલ્લાહ તરફ પલટયો, જેવું પલટવું જોઇએ (૭૧) અને અસત્ય ગવાહી આપતા નથી[૯૦] અને જ્યારે બેહૂદી બાબત પર પસાર થાય છે (ત્યારે) પોતાની આબરૂ સંભાળીને પસાર થઇ જાય છે[૯૧] (૭૨) અને તેઓ જ્યારે કે તેમને યાદ અપાવવામાં આવે તેમના રબની આયતો તો તેમની ઉપર[૯૨] બહેરા આંધળા થઇને પસાર થતા નથી[૯૩] (૭૩) અને તે જેઓ વિનંતી કરે છે; 'અય અમારા રબ! અમને અમારી પત્નીઓ અને અમારી ઔલાદથી આંખોની ઠંડક[૯૪] આપ અને અમને પરહેઝગારોના આગેવાન બનાવ[૯૫] (૭૪) તેમને જન્નતની સહુથી ઊંચી અગાસી ઇનામ(માં) મળશે, તેમની સબરનો બદલો, અને ત્યાં મુજરા અને સલામ દ્વારા તેમનું સ્વાગત થશે[૯૬] (૭૫) હંમેશાં તેમાં

અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ પણ આ મુજબ જ કહ્યું છે. હદીષ શરીફમાં છે કે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું; જેણે કોઇ હક (અદા કરવા)નો ઇન્કાર કર્યો તેણે 'ઈક્તાર' (તંગી) કર્યો અને જેણે નાહકમાં વાપર્યું તેણે ઇસરાફ (હદથી વધવું અથવા ફુઝૂલખર્ચી) કર્યું. અહીં તે બન્દાઓના વાપરવાની હાલતનું બયાન થાય છે કે તેઓ તંગી અને ફુઝૂલખર્ચી બન્ને ખરાબ તરીકાઓથી બચે છે.

૮૧. અબ્દુલ મલિક બિન મરવાને હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ રદીયલ્લાહુ તઆલા અન્હૂને પોતાની પુત્રીના લગ્નમાં કેટલું વાપરવું તે વિશે પૂછયું. ત્યારે આપે કહ્યું કે; 'નેકી બે બદીઓની વચમાં છે' આનો મતલબ એ હતો કે ખરચમાં મધ્યમવર્તી રહેવું એ નેકી છે અને તે તંગી તેમજ ફુઝૂલખર્ચીની વચમાં છે જે બન્ને બદીઓ છે. અબ્દુલ મલિક આનાથી સમજી ગયા કે આપ આ આયતના મઝમૂન તરફ ઇશારો કરી રહ્યા છે. મુફસ્સિરીનનું કહેવું છે કે આ આયતમાં જે લોકોનું વર્ણન કરવામાં આવ્યું છે તેઓ હૂઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના મહાન સહાબીઓ છે જેઓ લિઝઝત મેળવવા ખાતા ન હતા, ન તો ખૂબસુરતી અથવા શણગાર ખાતર પહેરતા હતા. ભૂખથી બચવું, સતર છુપાવવું અને ટાઢ તડકાથી બચવું એટલો જ તેમનો હેતુ હતો.

૮૨. શિર્કથી વેગળા અને બેઝાર છે.

૮૩. અને તેનું ખૂન મુબાહ કર્યું નથી જેવા કે મો'મિન અને કરારથી બંધાએલા તેમને...

૮૪. સાલિહ લોકો આ કબીરા ગુન્હો કરતા હોવાનો નકાર કરવામાં કાફિરોને ટોણું મારવામાં આવ્યું છે જેઓ આ બદીઓમાં સપડાએલા હતા.

રહેશે. કેટલી સારી રહેવાની અને વસવાની જગ્યા (૭૬) તમે ફરમાવો;[૯૭] મારા રબ પાસે તમારી કંઇ જ કદર નથી જો તમે તેને ન પૂજો તો. તો તમે જો જૂઠાડયું[૯૮] તો હવે થશે તે અઝાબ જે વળગેલો રહેશે[૯૯] (૭૭)

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૧૦૦]**

આ આયતો છે સ્પષ્ટ કિતાબની.[૧૦૧] (૨) ક્યાંક તમે પોતાના જીવ પર ખેલી જશો તેમની ચિંતામાં કે તેઓ ઇમાન લાવ્યા નહિ[૧૦૨] (૩) જો અમે ઇચ્છીએ તો આસ્મનોમાંથી તેમની ઉપર કોઇ નિશાની ઉતારીએ કે તેમના ઊંચા ઊંચા તેની સામે નમેલા રહી જાય[૧૦૩] (૪) અને નથી આવતી તેમની પાસે રહમાન તરફથી કોઇ નવી નસીહત પણ તેના તરફથી મોઢું ફેરવી લે છે[૧૦૪] (૫) તો બેશક! એમણે જૂઠાડયું તો હવે તેમની પાસે તેમના ઠઠ્ઠાની ખબરો આવવામાં જ છે[૧૦૫] (૬) શું તેમણે જમીનને જોઇ નથી (કે) અમે તેમાં કેટલા આબરૂદાર ઝાડો ઉગાડયાં?[૧૦૬] (૭) બેશક! એમાં અવશ્ય નિશાની

الشعراء ٢٦ — وقال الذين ١٩

وَمُقَامًا ۝ قُلْ مَا يَعْبَؤُا بِكُمْ رَبِّي لَوْلَا دُعَاؤُكُمْ
فَقَدْ كَذَّبْتُمْ فَسَوْفَ يَكُونُ لِزَامًا ۝
سُورَةُ الشُّعَرَاءِ مَكِّيَّةٌ
بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ
طٰسٓمٓ ۝ تِلْكَ اٰيٰتُ الْكِتٰبِ الْمُبِيْنِ ۝ لَعَلَّكَ
بَاخِعٌ نَّفْسَكَ اَلَّا يَكُوْنُوْا مُؤْمِنِيْنَ ۝ اِنْ نَّشَاْ
نُنَزِّلْ عَلَيْهِمْ مِّنَ السَّمَآءِ اٰيَةً فَظَلَّتْ اَعْنَاقُهُمْ
لَهَا خٰضِعِيْنَ ۝ وَمَا يَاْتِيْهِمْ مِّنْ ذِكْرٍ مِّنَ الرَّحْمٰنِ
مُحْدَثٍ اِلَّا كَانُوْا عَنْهُ مُعْرِضِيْنَ ۝ فَقَدْ كَذَّبُوْا
فَسَيَاْتِيْهِمْ اَنْۢبٰٓؤُا مَا كَانُوْا بِهٖ يَسْتَهْزِءُوْنَ ۝ اَوَلَمْ يَرَوْا
اِلَى الْاَرْضِ كَمْ اَنْۢبَتْنَا فِيْهَا مِنْ كُلِّ زَوْجٍ كَرِيْمٍ ۝ اِنَّ

૮૫. અર્થાત તે શિર્કના અઝાબમાં પણ સપડાશે અને આ ગુનાહોનો અઝાબ તે અઝાબ પર વધારવામાં આવશે.

૮૬. શિર્ક અને કબીરા ગુન્હાઓથી.

૮૭. સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ પર.

૮૮. અર્થાત તવબહ પછી નેકી પકડે.

૮૯. અર્થાત બદી કર્યા પછી નેકીની તવફીક આપીને. અથવા એવો અર્થ છે કે બદીઓને તવબહથી નાબૂદ કરી દેશે અને તેમના સ્થાને ઇમાન અને આજ્ઞાપાલન વિગેરે નેકીઓ સ્થાપિત કરી દેશે. (મદારિક)

મુસ્લિમ શરીફની હદીષમાં છે કે કયામતના દિવસે એક માણસ હાજર કરવામાં આવશે અને ફરિશ્તાઓ અલ્લાહના હુકમથી તેને તેના સગીરા ગુન્હાઓ એક એક કરીને યાદ અપાવશે, તે એકરાર કરતો જશે અને પોતાના મોટા ગુનાહો રજૂ કરવામાં આવવાથી ડરશે. ત્યાર પછી કહેવામાં આવશે કે દરેક બદીના બદલે તને એક નેકી આપવામાં આવી ! આ બયાન કરતાં કરતાં સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને અલ્લાહ તઆલાની બંદા નવાઝી પર ખુશી થઇ અને આપના મુબારક ચહેરા પર સ્મિતનાં ચિન્હો દેખાયાં.

૯૦. અને જૂઠાઓની મજલિસથી વેગળા રહે છે અને તેમની સાથે ભળી જતા નથી.

૯૧. અને પોતાને બેકાર અને જૂઠી બાબતોમાં સંડોવતા નથી એવી મજલિસથી અળગા રહે છે.

૯૨. ગાફિલ બનીને.

فِيْ ذٰلِكَ لَاٰيَةً ؕ وَمَا كَانَ اَكْثَرُهُمْ مُّؤْمِنِيْنَ ﴿٨﴾ وَاِنَّ
رَبَّكَ لَهُوَ الْعَزِيْزُ الرَّحِيْمُ ﴿٩﴾ وَاِذْ نَادٰى رَبُّكَ مُوْسٰٓى
اَنِ ائْتِ الْقَوْمَ الظّٰلِمِيْنَ ﴿١٠﴾ قَوْمَ فِرْعَوْنَ ؕ اَلَا يَتَّقُوْنَ ﴿١١﴾
قَالَ رَبِّ اِنِّيْٓ اَخَافُ اَنْ يُّكَذِّبُوْنِ ﴿١٢﴾ وَيَضِيْقُ
صَدْرِيْ وَلَا يَنْطَلِقُ لِسَانِيْ فَاَرْسِلْ اِلٰى هٰرُوْنَ ﴿١٣﴾
وَلَهُمْ عَلَيَّ ذَنْۢبٌ فَاَخَافُ اَنْ يَّقْتُلُوْنِ ﴿١٤﴾ قَالَ منزل ٥
كَلَّا ۚ فَاذْهَبَا بِاٰيٰتِنَآ اِنَّا مَعَكُمْ مُّسْتَمِعُوْنَ ﴿١٥﴾ فَاْتِيَا
فِرْعَوْنَ فَقُوْلَآ اِنَّا رَسُوْلُ رَبِّ الْعٰلَمِيْنَ ﴿١٦﴾ اَنْ اَرْسِلْ
مَعَنَا بَنِيْٓ اِسْرَآءِيْلَ ﴿١٧﴾ قَالَ اَلَمْ نُرَبِّكَ فِيْنَا وَلِيْدًا وَّ
لَبِثْتَ فِيْنَا مِنْ عُمُرِكَ سِنِيْنَ ﴿١٨﴾ وَفَعَلْتَ فَعْلَتَكَ
الَّتِيْ فَعَلْتَ وَاَنْتَ مِنَ الْكٰفِرِيْنَ ﴿١٩﴾ قَالَ فَعَلْتُهَآ

છે. અને તેમના ઘણાં ઇમાન લાવનાર નથી (૮) અને બેશક! તમારો રબ અવશ્ય તે જ ઇજ્જતવાળો મહેરબાન છે[૧૦૭] (૯) અને યાદ કરો જ્યારે તમારા રબે મૂસાને સાદ આપ્યો કે; 'જાલિમ લોકો પાસે જા (૧૦) જે ફિરઔનની કોમ છે,[૧૦૮] શું તેઓ ડરશે નહિ[૧૦૯]' (૧૧) વિનંતી કરી; 'અય મારા રબ! મને બ્હીક છે કે તેઓ મને જૂઠાડશે (૧૨) અને મારી છાતી સંકડાશ અનુભવે છે[૧૧૦] અને મારી જીભ ઉપડતી નથી[૧૧૧] તો તૂ રસૂલ બનાવ હારૂનને પણ[૧૧૨] (૧૩) અને તેમનો મારા પર એક આક્ષેપ છે[૧૧૩] તો હું ડરૂ છું કયાંક મને[૧૧૪] મારી નાખે' (૧૪) ફરમાવ્યું; 'આવું નથી[૧૧૫] તમે બન્ને મારી આયતો લઇને જાઓ અમે તમારી સાથે સાંભળીએ છીએ[૧૧૬] (૧૫) તો ફિરઔન પાસે જાઓ પછી તેને કહો; અમે બન્ને તેના રસૂલ છીએ જે રબ છે સારાય જહાનનો (૧૬) કે તુ અમારી સાથે બની ઇસરાઇલને મુક્ત કર[૧૧૭]' (૧૭) બોલ્યો; 'શું અમે તને અમારે ત્યાં બાળપણમાં ઉછેર્યો નથી? અને તેં અમારે ત્યાં પોતાની ઉમરનાં કેટલાએ વરસો વિતાવ્યાં[૧૧૮] (૧૮) અને તેં કર્યું પોતાનું તે કામ જે તેં કર્યું[૧૧૯] અને તુ આભારી ન હતો[૧૨૦] (૧૯) મૂસાએ ફરમાવ્યું; 'મેં તે કામ

૯૩. કે વિચારે નહિ અને સમજે પણ નહિ બલ્કે ખૂબ ધ્યાનપૂર્વક સાંભળે છે અને અંતરની આંખ વડે જુએ છે અને આ નસીહત ગ્રહણ કરે છે લાભ મેળવે છે અને આ આયતો પર આજ્ઞાંકિત બનીને (પરવાનાની જેમ) પડે છે.

૯૪. અર્થાત હર્ષ અને ખુશી મતલબ એ છે કે અમને નેક પત્નીઓ અને ઔલાદ આપ કે તેમનાં સદકાર્યો અને ખુદા રસૂલની ફરમાંબરદારી જોઇને અમારી આંખો ઠંડી અને દિલ હર્ષિત બને.

૯૫. અર્થાત અમને એવા ઇબાદત ગુઝાર એવા પરહેઝગાર અને એવા ખુદા પરસ્ત બનાવ કે અમે પરહેઝગારોની આગેવાનીના લાયક બનીએ અને તેઓ દીની બાબતોમાં અમારા પગલે ચાલે.

**મસઅલો** :- અમુક તફસીરકારોએ કહ્યું છે કે; આમાં એ વાતની દલીલ છે કે માણસને દીની આગેવાની નો શોખ અને ખ્વાહિશ હોવી જોઇએ.

આ આયતોમાં અલ્લાહ તઆલાએ પોતાના નેક બન્દાઓના ગુણોનું વર્ણન કર્યું, ત્યારબાદ તેમના સારા બદલાનો ઉલ્લેખ કરવામાં આવે છે.

૯૬. ફરિશ્તાઓ આદાબ અને સલામ સાથે તેમનું સન્માન કરશે અથવા અલ્લાહ તઆલા તેમની તરફ સલામ મોકલશે.

૯૭. અય સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ! મક્કાવાસીઓને કે...

૯૮. મારા રસૂલ અને મારી કિતાબને.

૯૯. અર્થાત હમેશાંનો અઝાબ અને અનિર્વાય બરબાદી.

૧૦૦. સૂરએ શુઅરા મક્કી છે છેલ્લી ચાર આયતો સિવાય જે 'વશશઅરાઉ યત્તબિઉહુમ'થી શરૂ થાય છે. આ સૂરહમાં ૧૧ રૂકૂઅ અને ૨૨૭ આયતો અને ૧૨૭૯ શબ્દો તેમજ ૫૫૪૦ અક્ષરો છે.

૧૦૧. અર્થાત કુરઆન પાકની જેનો ચમત્કાર જાહેર છે અને જે સત્યને અસત્યથી જૂદુ પાડનાર છે. આના પછી સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને મહેરબાની અને કૃપાથી સંબોધન થાય છે...

૧૦૨. જ્યારે મક્કાવાસીઓ ઇમાન લાવ્યા નહિ અને તેમણે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને જૂઠાડયા ત્યારે હુઝૂરને તેમની વંચિતતા બહું ખટકી ત્યારે અલ્લાહ તઆલાએ આ આયત ઉતારી કે આપ આટલો બધો ખેદ કરો નહિ.

૧૦૩. અને કોઇ પણ ગુન્હા અને નાફરમાનીથી માથું ઊંચકી શકે નહિ.

૧૦૪. અર્થાત પ્રત્યેક પળે તેમનું કુફ્ર વધતું જાય છે કે જે નસીહત અને વહી ઉતરે છે તેઓ તેની ઇન્કાર કર્યે જાય છે.

૧૦૫. આ ધમકી છે અને એમાં ચેતવણી છે કે બદ્રના દિવસે અથવા કયામતના દિવસે જ્યારે તેમને અઝાબ લાધશે ત્યારે તેમને ભાન થશે કે કુરઆન અને રસૂલને જૂઠાડવાનું આ પરિણામ છે.

૧૦૬. અર્થાત જાત જાતની બેહતરીન અને લાભદાયક વનસ્પતિ ઉગાડી. અને શુઅબીએ કહ્યું કે માનવી જમીનનું ઉત્પાદન છે જે જન્નતી છે તે આબરૂદાર અને ઉચ્ચ છે અને જે જહન્નમી છે તે બદબખ્ત અને કમીન છે.

૧૦૭. કાફિરો પાસેથી બદલો લે છે અને મો'મિનો પર રહેમ કરે છે.

૧૦૮. જેમણે કુફ્ર અને ગુન્હાઓ દ્વારા પોતાના પ્રાણો પર જુલ્મ કર્યો છે અને બની ઇસરાઇલને ગુલામ બનાવીને અને તેમને અનેકવિધ રીતે ઇજા આપીને તેમની ઉપર જુલ્મ કર્યો. તે કોમનું નામ કિબ્ત છે. હઝરત મૂસા અલયહિસ્સલામને તેમની તરફ રસૂલ બનાવીને મોકલવામાં આવ્યા કે તેમને કુકર્મો કરવા બદલ ડરાવે.

૧૦૯. અલ્લાહથી. અને પોતાના પ્રાણોને અલ્લાહ તઆલા પર ઇમાન લાવીને અને તેની આજ્ઞાઓનું પાલન કરીને અઝાબથી બચાવશે નહિ? ત્યારે હઝરત મૂસા અલયહિસ્સલામે દરબારે ઇલાહીમાં.....

૧૧૦. તેમના જૂઠાડવાના કારણે.

૧૧૧. અર્થાત વાતચીત કરવામાં જરા તકલીફ પડે છે. (જીભની) આ ગાંઠના કારણે જે બાળપણમાં આગનો અંગારો મોઢામાં મૂકી લેવાના કારણે થઇ ગઇ હતી.

૧૧૨. જેથી રિસાલતની તબ્લીગના કામમાં તેઓ મારી મદદ કરે. જ્યારે મૂસા અલયહિસ્સલામને સિરિયામાં નબુવ્વત આપવામાં આવી ત્યારે હઝરત હારૂન અલયહિસ્સલામ મિસરમાં હતા.

૧૧૩. કે મેં કિબ્તીને મારી નાખ્યો હતો.

૧૧૪. તેના બદલામાં...

૧૧૫. તમને મારી શકતા નથી. અલ્લાહ તઆલાએ હઝરત મૂસા અલયહિસ્સલામની દરખાસ્ત મંજૂર કરીને હઝરત હારૂન અલયહિસ્સલામને પણ નબી બનાવી દીધા અને બન્નેને હુકમ આપ્યો...

૧૧૬. જે તમે કહો તે અને તમને જે જવાબ આપવામાં આવે તે.

૧૧૭. જેથી અમે તેમને સિરિયાની ધરતી પર લઇ જઇએ.

ફિરઔને ૪૦૦ વરસ સુધી બનીઇસરાઇલને ગુલામ બનાવીને રાખ્યા હતા અને તે સમયે બનીઇસરા-ઇલની સંખ્યા ૬૩૦૦૦૦ (છ લાખ ત્રીસ હજાર) હતી. અલ્લાહ તઆલાનો આ હુકમ મેળવીને હઝરત મૂસા

કર્યું જ્યારે મને માર્ગની ખબર ન હતી[૧૨૧] (૨૦) તો હું તમારા ત્યાંથી નીકળી ગયો જ્યારે કે તમારાથી ડર્યો[૧૨૨], તો મારા પરવરદિગારે મને હુકમ અર્પણ કર્યો[૧૨૩] અને મને પૈગમ્બરોમાંથી કર્યો (૨૧) અને આ કોઇ નેઅમત છે જેનું તુ મને ટોણું મારે છે? કે તેં ગુલામ બનાવીને રાખ્યા બનીઇસરાઇલને[૧૨૪]' (૨૨) ફિરઔન બોલ્યો; 'અને સારાય જહાનનો રબ શું છે'[૧૨૫] (૨૩) મૂસાએ કહ્યું, 'આસ્માનો અને જમીનનો અને જે કંઇ એમની વચમાં છે (તે બધા) નો રબ જો તમને શ્રદ્ધા હોય[૧૨૬]' (૨૪) પોતાની આજુબાજુવાળાઓને કહ્યું, 'શું તમે ધ્યાનથી સાંભળતા નથી'[૧૨૭]? (૨૫) મૂસાએ ફરમાવ્યું; 'તમારો અને તમારા આગલા બાપ-દાદાઓનો રબ[૧૨૮]' (૨૬) બોલ્યો; 'તમારા આ રસૂલ જે તમારી તરફ મોકલવામાં આવ્યા છે અવશ્ય બુદ્ધિ ધરાવતા નથી[૧૨૯]' (૨૭) મૂસાએ કહ્યું; 'રબ પૂર્વ અને પશ્ચિમનો અને (તેનો) જે એમની વચમાં છે[૧૩૦]. જો તમને બુદ્ધિ હોય (તો)'[૧૩૧] (૨૮) બોલ્યો; 'જો તમે મારા સિવાય કોઇ બીજાને ખુદા ઠેરવ્યો તો અવશ્ય હું તમને કેદ કરીશ[૧૩૨]' (૨૯) ફરમાવ્યું; 'શું હું તારી પાસે કોઇ સ્પષ્ટ વસ્તુ લાવું તો પણ?'[૧૩૩] (૩૦) કહ્યું; 'તો લાવો જો તમે સાચો હોવ તો' (૩૧) તો મૂસાએ

وقال الذين ١٩ — الشعراء ٢٦

إِذًا وَأَنَا مِنَ الضَّالِّينَ ﴿٢٠﴾ فَفَرَرْتُ مِنكُمْ لَمَّا خِفْتُكُمْ
فَوَهَبَ لِي رَبِّي حُكْمًا وَجَعَلَنِي مِنَ الْمُرْسَلِينَ ﴿٢١﴾
وَتِلْكَ نِعْمَةٌ تَمُنُّهَا عَلَيَّ أَنْ عَبَّدتَّ بَنِي إِسْرَائِيلَ ﴿٢٢﴾
قَالَ فِرْعَوْنُ وَمَا رَبُّ الْعَالَمِينَ ﴿٢٣﴾ قَالَ رَبُّ السَّمَاوَاتِ
وَالْأَرْضِ وَمَا بَيْنَهُمَا إِن كُنتُم مُّوقِنِينَ ﴿٢٤﴾ قَالَ لِمَنْ
حَوْلَهُ أَلَا تَسْتَمِعُونَ ﴿٢٥﴾ قَالَ رَبُّكُمْ وَرَبُّ آبَائِكُمُ الْأَوَّلِينَ ﴿٢٦﴾
قَالَ إِنَّ رَسُولَكُمُ الَّذِي أُرْسِلَ إِلَيْكُمْ لَمَجْنُونٌ ﴿٢٧﴾ قَالَ
رَبُّ الْمَشْرِقِ وَالْمَغْرِبِ وَمَا بَيْنَهُمَا إِن كُنتُمْ تَعْقِلُونَ ﴿٢٨﴾
قَالَ لَئِنِ اتَّخَذْتَ إِلَٰهًا غَيْرِي لَأَجْعَلَنَّكَ مِنَ
الْمَسْجُونِينَ ﴿٢٩﴾ قَالَ أَوَلَوْ جِئْتُكَ بِشَيْءٍ مُّبِينٍ ﴿٣٠﴾ قَالَ
فَأْتِ بِهِ إِن كُنتَ مِنَ الصَّادِقِينَ ﴿٣١﴾ فَأَلْقَىٰ عَصَاهُ

منزل

અલયહિસ્સલામ મિસર તરફ રવાના થયા. આપે ઊનનો જભ્ભો પહેર્યો હતો હાથ મુબારકમાં અસો હતો, અસાના મથાળે ઝંબીલ લટકેલી હતી જેમાં સફરનું ભાથું હતું. આવી શાનથી આપ મિસરમાં પહોંચીને પોતાના ઘરમાં પ્રવેશ્યા. હઝરત હારૂન અલયહિસ્સલામ ત્યાં જ હતા આપે તેમને સમાચાર આપ્યા કે અલ્લાહ તઆલાએ મને રસૂલ બનાવીને ફિરઔન તરફ મોકલ્યો છે અને તમને પણ રસૂલ બનાવ્યા છે કે ફિરઔનને ખુદા તરફ નિમંત્રણ આપો. આ સાંભળીને આપનાં વાલિદા ગભરાઇ ગયાં અને હઝરત મૂસા અલયહિસ્સલામને કહેવા લાગ્યાં; ફિરઔન તમને મારી નાખવા માટે તમારી શોધમાં છે, જ્યારે તમે તેની પાસે જશો ત્યારે તમને મારી નાખશે. પણ તેણીના આ કહેવાથી હઝરત મૂસા અલયહિસ્સલામ રોકાયા નહિ અને હઝરત હારૂનને સાથે લઇને રાત્રીના સમયે ફિરઔનના દરવાજે પહોંચ્યા. દરવાજો ખખડાવ્યો, પૂછયું; કોણ છે? આપે ફરમાવ્યું કે; હું મૂસા, રબ્બુલ આલમીનનો રસૂલ. ફિરઔનને ખબર આપવામાં આવી અને સવારમાં આપને બોલાવવામાં આવ્યા. આપે જઇને અલ્લાહ તઆલાના આપ રસૂલ છે એવું એલાન કર્યું અને અલ્લાહ તઆલાના જે હુકમો પહોંચાડવાનું આપને કહેવામાં આવ્યું હતું તે પહોંચાડયા. ફિરઔને આપને ઓળખ્યા.

૧૧૮. તફસીરકારોએ કહ્યું છે કે ૩૦ વરસ. એ સમય દરમ્યાન હઝરત મૂસા અલયહિસ્સલામ ફિરઔનના લોકોના વસ્ત્રો જેવાં વસ્ત્રો પહેરતા હતા અને તેમની સવારીઓમાં સવાર થતા હતા અને તેના દીકરા તરીકે મશહૂર હતા.

૧૧૯. કબ્તીને મારી નાખ્યો.

الشعراء ٢٦ — وقال الذين ١٩

فَإِذَا هِيَ ثُعْبَانٌ مُّبِينٌ ﴿٣٢﴾ وَنَزَعَ يَدَهُ فَإِذَا هِيَ بَيْضَاءُ
لِلنَّاظِرِينَ ﴿٣٣﴾ قَالَ لِلْمَلَإِ حَوْلَهُ إِنَّ هَٰذَا لَسَاحِرٌ عَلِيمٌ ﴿٣٤﴾
يُرِيدُ أَن يُخْرِجَكُم مِّنْ أَرْضِكُم بِسِحْرِهِ فَمَاذَا تَأْمُرُونَ ﴿٣٥﴾
قَالُوا أَرْجِهْ وَأَخَاهُ وَابْعَثْ فِي الْمَدَائِنِ حَاشِرِينَ ﴿٣٦﴾
يَأْتُوكَ بِكُلِّ سَحَّارٍ عَلِيمٍ ﴿٣٧﴾ فَجُمِعَ السَّحَرَةُ لِمِيقَاتِ يَوْمٍ
مَّعْلُومٍ ﴿٣٨﴾ وَقِيلَ لِلنَّاسِ هَلْ أَنتُم مُّجْتَمِعُونَ ﴿٣٩﴾ لَعَلَّنَا
نَتَّبِعُ السَّحَرَةَ إِن كَانُوا هُمُ الْغَالِبِينَ ﴿٤٠﴾ فَلَمَّا جَاءَ السَّحَرَةُ
قَالُوا لِفِرْعَوْنَ أَئِنَّ لَنَا لَأَجْرًا إِن كُنَّا نَحْنُ الْغَالِبِينَ ﴿٤١﴾
قَالَ نَعَمْ وَإِنَّكُمْ إِذًا لَّمِنَ الْمُقَرَّبِينَ ﴿٤٢﴾ قَالَ لَهُم مُّوسَىٰ
أَلْقُوا مَا أَنتُم مُّلْقُونَ ﴿٤٣﴾ فَأَلْقَوْا حِبَالَهُمْ وَعِصِيَّهُمْ وَقَالُوا
بِعِزَّةِ فِرْعَوْنَ إِنَّا لَنَحْنُ الْغَالِبُونَ ﴿٤٤﴾ فَأَلْقَىٰ مُوسَىٰ عَصَاهُ

**પોતાનો અસો નાંખી દીધો તરત જ તે ખરેખર અજગર બની ગયો[૧૩૪] (૩૨) અને કાઢયો પોતાનો હાથ[૧૩૫] તો તરત જ તે જોનારાઓની દ્રષ્ટિમાં ઝળહળવા લાગ્યો[૧૩૬] (૩૩) પોતાની આજુબાજુના સરદારોને કહેવા માંડયો કે; 'બેશક! આ જાણકાર જાદુગર છે (૩૪) ઇચ્છે છે કે તમને તમારા દેશમાંથી કાઢી મૂકે પોતાના જાદુના જોરથી. ત્યારે તમારી શું સલાહ છે[૧૩૭]? (૩૫) તેઓ બોલ્યા; 'એમને અને એમના ભાઇને રોકી રાખો અને શહેરોમાં એકત્ર કરનારાઓને મોકલો (૩૬) કે તેઓ તારી પાસે દરેક મહાન જાણકાર જાદુગરને લઇ આવે[૧૩૮]' (૩૭) તે એકત્ર કરવામાં આવ્યા જાદુગરો એક નક્કી કરેલા દિવસના વાયદા પર[૧૩૯] (૩૮) અને લોકોને કહેવામાં આવ્યું; શું તમે એકત્ર થશો[૧૪૦]'? (૩૯) કદાચ આપણે આ જાદુગરોને જ અનુસરીએ જો તેઓ વિજયી બને તો[૧૪૧] (૪૦) પછી જ્યારે જાદુગરો આવ્યા (ત્યારે) ફિરઔનને પૂછયું; 'શું અમને કંઇક મજૂરી મળશે જો અમે વિજયી થઇએ?' (૪૧) બોલ્યો; 'હા! અને ત્યારે તમે મારા નિકટી બની જશો[૧૪૨]' (૪૨) મૂસાએ તેમને કહ્યું; 'નાખો જે તમારે નાખવું હોય'[૧૪૩] (૪૩) તો તેમણે પોતાનાં દોરડાંઓ અને લાકડીઓ નાંખી અને બોલ્યા; 'ફિરઔનની ઇજ્જતના સોગંદ! આપણી જ જીત છે'[૧૪૪] (૪૪) તો મૂસાએ પોતાનો**

૧૨૦. કે તમે અમારી નેઅમતોનો આભાર માન્યો નહિ અને અમારા એક માણસને મારી નાખ્યો.

૧૨૧. મને ખબર ન હતી કે તમાચો મારવાથી તે માણસ મરી જશે મારૂ મારવાનું સમજાવવા માટે હતું, નહિ કે મારી નાખવા માટે.

૧૨૨. કે તમે મને મારી નાખશો અને મદાયન શહેરમાં ચાલ્યો ગયો.

૧૨૩. મદાયનથી પરત થતાં. 'હુકમ'નો અર્થ અહીં યા તો નબુવ્વત છે યા ઇલ્મ.

૧૨૪. એટલે કે એમાં તારૂં શું એહસાન છે કે તેં બાળપણમાં મારો ઉછેર કર્યો મને રાખ્યો ખવડાવ્યું? કારણ કે તારા સુધી હું પહોંચ્યોં તેનું કારણ તો એ જ હતું કે તેં બની ઇસરાઇલને ગુલામ બનાવ્યા તેમની ઔલાદની કતલ કરી. તારો આ મહાન અત્યાચાર એનું કારણ બન્યો કે મારાં માં-બાપ મને ઉછેરી શક્યાં નહિ અને મને નદીમાં નાખી દેવા માટે લાચાર બન્યાં. જો તું આવું કરત નહિ તો હું મારા માં-બાપ પાસે રહેત. માટે શું એ વાત યોગ્ય છે કે એનો ઉપકાર કહી સંભળાવવામાં આવે?

ફિરઔન મૂસા અલયહિસ્સલામના આ પ્રવચનથી લાજવાબ બની ગયો તેણે વાતનો વળ બદલ્યોં અને આ વાત પડતી મૂકીને બીજી વાત શરૂ કરી.

૧૨૫. તમે પોતાને જેના રસૂલ જાહેર કરો છો.

૧૨૬. એટલે કે જો તમે વસ્તુઓને દલીલથી ઓળખવાની લાયકાત ધરાવતા હોઉ તો આ વસ્તુઓનું સર્જન તેના અસ્તિત્વની પુરતી દલીલ છે. 'ઇકાન' (જેનાથી આયતનો 'મુકીનીન' શબ્દ બન્યો છે) તે જાણકારીને કહે છે જે દલીલ વડે પ્રાપ્ત થઇ હોય. એટલા માટે જ અલ્લાહની શાનમાં 'મુકિન' કહેવામાં

આવતું નથી.

૧૨૭. તે સમયે તેની આજુબાજુ તેની કોમના આગેવાનોમાંથી પાંચસો માણસો જવાહેરાતથી શણગારાઇને સોનાની ખુરશીઓ પર બિરાજમાન હતા. તેમને ફિરઔનનું કહેવું કે; શું તમે ધ્યાનથી સાંભળતા નથી? એવા અર્થમાં હતું કે તેઓ આકાશ અને ધરતીને 'કદીમ' (નિસીમ અને સદાકાળ રહેનાર) સમજતા હતા. અને એ ફના થવાનાં છે એવું માનતા ન હતાં. મતલબ એ હતો કે જ્યારે કદીમ છે તો એમના માટે રબની જરૂર શું? ત્યારે હઝરત મૂસા અલયહિસ્સલામે એવી વસ્તુઓને દલીલમાં રજુ કરી જેનું ફના થવું અનુભવાઇ ચૂકયું છે.

૧૨૮. અર્થાત જો તમે બીજી બાબતો વડે દલીલ પકડી શકતા ન હોઉ તો તમારી પોતાની જાત વડે દલીલ રજુ કરવામાં આવે છે; તમને પોતાને તમે ઓળખો છો? તમે પેદા કરવામાં આવ્યા છો. તમારા બાપ-દાદાઓ વિશે જાણો છો કે તેઓ ફના થઇ ગયા તો તમારી પોતાની પેદાઇશ અને તેમની ફના વડે પેદા કરનાર અને ફના કરનારના અસ્તિત્વની સાબિતી મળે છે.

૧૨૯. ફિરઔને આવું એટલા માટે કહ્યું કે તે પોતાના સિવાય બીજા કોઇ મઅ્બૂદની માન્યતા ધરાવતો ન હતો. અને જે તે મઅ્બૂદ છે એવું ન માને તેને બુધ્ધિહિન કહેતો હતો. અને વાસ્તવમાં આ જાતની વાતચીત લાજવાબ બની જાય ત્યારે માનવીની જીભે આવે છે. પણ મૂસા અલયહિસ્સલામે હિદાયત અને શિખામણના ફરજને ખૂબ સારી રીતે પુરો કર્યો અને તેની આ તમામ અર્થહિન વાતો છતાં ફરી વધારે બયાન પ્રતિ ધ્યાન આપ્યું...

૧૩૦. કારણ કે પૂર્વમાંથી સૂર્યનો ઉદય થવો અને પશ્ચિમમાં અસ્ત થવું અને વરસ દરમ્યાન બધી ઋતુઓમાં એક નક્કી હિસાબ મુજબ ચાલવું તેમજ પવન અને વર્ષા વિગેરેનું બંધારણ એ બધું તેની કુદરત અને અસ્તિત્વ તરફ નિર્દેશ કરે છે.

૧૩૧. હવે ફિરઔન અવાચક બની ગયો અને અલ્લાહની કુદરતનાં ચિન્હોને નકારવાનો રસ્તો બાકી રહ્યો નહિ અને કોઇ જવાબ તેનાથી બની શક્યો નહિ ત્યારે.....

૧૩૨. ફિરઔનની કેદ કતલ કરતાં વધારે ખરાબ હતી તેનું જેલખાનું ઊંડો અને અંધકારમય ખાધરો હતું ત્યાં એકલા માણસને નાખી દેતો હતો ત્યાં ન તો કોઇનો અવાજ સંભળાય ન કશું દેખાય.

૧૩૩. જે મારા રસૂલ હોવાની દલીલ બને. એનો ઇશારો મુઅ્જિઝા પ્રતિ છે. ત્યારે ફિરઔન બોલ્યો.....

૧૩૪. અસો અજગર બનીને એક માઇલના અંતર જેટલું આકાશ તરફ ઉડયો પછી ઉતરીને ફિરઔન તરફ વળ્યો અને બોલ્યો; 'અય મૂસા જેવો ઇચ્છો તેવો મને હુકમ કરો'. ફિરઔને ગભરાઇ જઇને કહ્યું; તેની કસમ જેણે તમને રસૂલ બનાવ્યા આને પકડો' હઝરત મૂસા અલયહિસ્સલામે તેને પકડી લીધો ત્યારે પ્રથમની જેમ અસો બની ગયો. ફિરઔન બોલ્યો; 'આ સિવાય બીજો કોઇ મો'જિઝો પણ છે?' આપે ફરમાવ્યું; 'હા' અને તેને યદે બયદા (ચળકતો હાથ) બતાવ્યો.

૧૩૫. ગરેવાનમાં નાખીને.

૧૩૬. તેમાંથી સૂર્યના કિરણ જેવો ઝળહળતો નીકળ્યો.

૧૩૭. કારણ કે તે સમયમાં જાદુનો ઘણો રિવાજ હતો એટલા માટે ફિરઔને વિચાર્યું કે આ વાત ચાલી નીકળશે અને તેની કોમના લોકો આ ધોકામાં આવીને હઝરત મૂસા અલયહિસ્સલામની ઘૃણા કરશે અને

અસો નાંખ્યો, તરત જ તે પેલાઓની બનાવટોને ગળી જવા માંડયો[૧૪૫] (૪૫) હવે સિજદામાં પડયા જાદૂગરો (૪૬) બોલ્યા, અમે ઈમાન લાવ્યા તેના પર જે સારાય જગતનો રબ છે (૪૭) જે મૂસા અને હારૂનનો રબ છે (૪૮) ફિરઔન બોલ્યો; શું તમે એના પર ઇમાન લાવ્યા, હું તમને પરવાનગી આપું ત્યાર પહેલાં? બેશક ! એ તમારો મોટો છે જેણે તમને જાદુ શિખવ્યું[૧૪૬], તો હમણાં જ જાણી જશો[૧૪૭], મને સોગંદ છે બેશક! હું તમારા હાથો અને બીજી તરફના પગ કાપી નાખીશ અને તમને બધાને સૂળીએ ચઢાવીશ[૧૪૮] (૪૯) તેઓ બોલ્યા; 'કશો વાંધો નથી[૧૪૯] અમે અમારા રબ પ્રતિ પરત થવાના છીએ[૧૫૦] (૫૦) અમારી ઇચ્છા છે કે અમારો રબ અમારી ભૂલો માફ કરી દે એ બદલ કે અમે સર્વ પ્રથમ ઇમાન લાવ્યા[૧૫૧]' (૫૧) અને અમે મૂસાને વહી મોકલી કે; 'રાતો રાત મારા બન્દાઓ[૧૫૨] ને લઇને નીકળી જા બેશક! તમારો પીછો થવાનો છે[૧૫૩]' (૫૨) હવે ફિરઔને શહેરોમાં એકત્ર કરનારાઓને મોકલ્યા[૧૫૪] (૫૩) કે આ લોકો એક થોડું જુથ છે (૫૪) અને બેશક! તેઓ આપણા બધાંનાં હૃદયોને બાળે છે[૧૫૫] (૫૫) અને બેશક! આપણે બધા જાગૃત છીએ[૧૫૬]' (૫૬) તો અમે તેમને[૧૫૭] બગીચાઓ અને

الشعرآء ٢٦ — وقال الذين ١٩

فَإِذَا هِيَ تَلْقَفُ مَا يَأْفِكُونَ ﴿٤٥﴾ فَأُلْقِيَ السَّحَرَةُ سٰجِدِينَ ﴿٤٦﴾
قَالُوٓا ءَامَنَّا بِرَبِّ الْعٰلَمِينَ ﴿٤٧﴾ رَبِّ مُوسٰى وَهٰرُونَ ﴿٤٨﴾ قَالَ
ءَامَنتُمْ لَهُۥ قَبْلَ أَنْ ءَاذَنَ لَكُمْ إِنَّهُۥ لَكَبِيرُكُمُ الَّذِى عَلَّمَكُمُ
السِّحْرَ فَلَسَوْفَ تَعْلَمُونَ لَأُقَطِّعَنَّ أَيْدِيَكُمْ وَأَرْجُلَكُم
مِّنْ خِلٰفٍ وَلَأُصَلِّبَنَّكُمْ أَجْمَعِينَ ﴿٤٩﴾ قَالُوا لَا ضَيْرَ
إِنَّآ إِلٰى رَبِّنَا مُنقَلِبُونَ ﴿٥٠﴾ إِنَّا نَطْمَعُ أَن يَغْفِرَ لَنَا رَبُّنَا
خَطٰيٰنَآ أَن كُنَّآ أَوَّلَ الْمُؤْمِنِينَ ﴿٥١﴾ وَأَوْحَيْنَآ إِلٰى مُوسٰىٓ
أَنْ أَسْرِ بِعِبَادِىٓ إِنَّكُم مُّتَّبَعُونَ ﴿٥٢﴾ فَأَرْسَلَ فِرْعَوْنُ فِى
الْمَدَآئِنِ حٰشِرِينَ ﴿٥٣﴾ إِنَّ هٰٓؤُلَآءِ لَشِرْذِمَةٌ قَلِيلُونَ ﴿٥٤﴾
وَإِنَّهُمْ لَنَا لَغَآئِظُونَ ﴿٥٥﴾ وَإِنَّا لَجَمِيعٌ حٰذِرُونَ ﴿٥٦﴾ فَأَخْرَجْنٰهُم
مِّن جَنّٰتٍ وَعُيُونٍ ﴿٥٧﴾ وَكُنُوزٍ وَمَقَامٍ كَرِيمٍ ﴿٥٨﴾ كَذٰلِكَ

તેમની વાત માનશે નહિ.

૧૩૮. જે તેમના કહેવા પ્રમાણે જાદુવિદ્યામાં મૂસા અલયહિસ્સલામથી વધીને હોય અને તે લોકો પોતાના જાદુથી હઝરત મૂસા અલયહિસ્સલામનો મુકાબલો કરે જેથી હઝરત મૂસા અલયહિસ્સલામ પાસે કોઇ દલીલ કરે નહિ અને ફિરઔનીઓને એવું કહેવાનો મોકો મળી જાય કે આવાં કામો તો જાદુથી પણ થાય છે એટલે નબુવ્વતની દલીલ ન કહેવાય.

૧૩૯. તે દિવસ ફિરઔનીઓની ઇદનો હતો અને આ મુકાબલા માટે બપોર પહેલાંનો સમય નક્કી કરવામાં આવ્યો હતો.

૧૪૦. જેથી જુઓ કે બન્ને પક્ષો શું કરે છે અને એમનામાં કોણ વિજયી નિવડે છે.

૧૪૧. હઝરત મૂસા અલયહિસ્સલામ પર. એનાથી તેમનો હેતુ જાદુગરોને અનુસરવાનો ન હતો પણ હેતુ એ હતો કે એ દ્વારા લોકોને હઝરત મૂસાને અનુસરવાથી રોકવામાં આવે.

૧૪૨. તમને દરબારી બનાવવામાં આવશે તમને ખાસ સન્માન આપવામાં આવશે સર્વ પ્રથમ (દરબારમાં) દાખલ થવાની પરવાનગી આપવામાં આવશે સર્વથી છેલ્લે સુધી દરબારમાં રહી શકશો.

ત્યાર બાદ જાદુગરોએ હઝરત મૂસા અલયહિસ્સલામને કહ્યું; 'શું આપ હઝરત પ્રથમ પોતાનો અસો નાંખશો કે અમને અમારૂં જાદુ નાખવાની રજા આપશો?

૧૪૩. જેથી તમે એનું પરિણામ જોઇ લો.

૧૪૪. તેમને પોતાના વિજયની ખાત્રી હતી કારણ કે જાદુના અમલોમાં જે અંતિમ કક્ષાના હતા તેને જ એ

وَأَوْرَثْنَاهَا بَنِي إِسْرَائِيلَ ۝ فَأَتْبَعُوهُم مُّشْرِقِينَ ۝ فَلَمَّا
تَرَاءَى الْجَمْعَانِ قَالَ أَصْحَابُ مُوسَىٰ إِنَّا لَمُدْرَكُونَ ۝ قَالَ
كَلَّا إِنَّ مَعِيَ رَبِّي سَيَهْدِينِ ۝ فَأَوْحَيْنَا إِلَىٰ مُوسَىٰ
أَنِ اضْرِب بِّعَصَاكَ الْبَحْرَ فَانفَلَقَ فَكَانَ كُلُّ فِرْقٍ
كَالطَّوْدِ الْعَظِيمِ ۝ وَأَزْلَفْنَا ثَمَّ الْآخَرِينَ ۝ وَأَنجَيْنَا
مُوسَىٰ وَمَن مَّعَهُ أَجْمَعِينَ ۝ ثُمَّ أَغْرَقْنَا الْآخَرِينَ ۝
إِنَّ فِي ذَٰلِكَ لَآيَةً وَمَا كَانَ أَكْثَرُهُم مُّؤْمِنِينَ ۝
وَإِنَّ رَبَّكَ لَهُوَ الْعَزِيزُ الرَّحِيمُ ۝ وَاتْلُ عَلَيْهِمْ
نَبَأَ إِبْرَاهِيمَ ۝ إِذْ قَالَ لِأَبِيهِ وَقَوْمِهِ مَا تَعْبُدُونَ ۝
قَالُوا نَعْبُدُ أَصْنَامًا فَنَظَلُّ لَهَا عَاكِفِينَ ۝ قَالَ هَلْ
يَسْمَعُونَكُمْ إِذْ تَدْعُونَ ۝ أَوْ يَنفَعُونَكُمْ أَوْ يَضُرُّونَ ۝

**ઝરણાઓ (૫૭) અને ખઝાનાઓ અને ઉત્તમ ઘરોમાંથી બહાર કાઢ્યા (૫૮) અમે એવું જ કર્યું અને એના વારસાદાર કરી દીધા બની ઇસરાઇલને[૧૫૮] (૫૯) તો ફિરઔનીઓએ દિવસ નીકળતાં તેમનો પીછો પકડયો (૬૦) પછી જ્યારે આમનો સામનો થયો બન્ને પક્ષોનો[૧૫૯]. મૂસાવાળાઓએ કહ્યું; 'આપણને તેમણે પકડી પાડ્યા[૧૬૦]' (૬૧) મૂસાએ કહ્યું; 'એવું નથી[૧૬૧] બેશક! મારો રબ મારી સાથે છે તે મને હમણાં જ માર્ગ દેખાડશે' (૬૨) તો અમે મૂસાને વહી મોકલી કે; દરિયા પર પોતાનો અસો માર[૧૬૨]! તો તરત જ દરિયો ફાટી ગયો[૧૬૩] તો પ્રત્યેક ભાગ મોટા પર્વત[૧૬૪] ની જેમ બની ગયો (૬૩) અને ત્યાં નજીક લાવ્યા અમે બીજાઓને[૧૬૫] (૬૪) અને અમે બચાવી લીધા મૂસા અને તેમના બધા સાથીદારોને[૧૬૬] (૬૫) પછી બીજાઓને ડૂબાડી દીધા[૧૬૭] (૬૬) બેશક ! એમાં અવશ્ય નિશાની છે[૧૬૮] અને તેમનામાં બહુમતી મુસલમાન ન હતી[૧૬૯] (૬૭) અને બેશક! તમારો રબ તેજ ઇજ્જતવાળો[૧૭૦] મહેરબાન છે[૧૭૧] (૬૮) અને તેમની ઉપર વર્ણવો કબર ઇબ્રાહીમની[૧૭૨] (૬૯) જ્યારે તેણે પોતાના બાપ અને પોતાની કોમને કહ્યું; 'તમે શું પૂજો છો?'[૧૭૩] (૭૦) બોલ્યા; 'અમે મૂર્તિઓને પૂજીએ છીએ પછી તેમની સ્હામે સમાધીમાં બેસી રહીએ છીએ' (૭૧)**

લોકોએ અજમાવ્યા હતા અને પાકી ખાત્રી ધરાવતા હતા કે હવે કોઇ જાદુ એનો મુકાબલો કરી શકતું નથી.

૧૪૫. જે તેમણે જાદુના જોરે બનાવી હતી. એટલે કે તેમનાં દોરડાંઓ અને લાકડીઓ જે જાદુના જોરે અજગરો બનીને દોડતા હતા. હઝરત મૂસા અલયહિસ્સલામનો અસો અજગર બનીને તે બધાને ગળી ગયો પછી તેને હઝરત મૂસા અલયહિસ્સલામે પોતાના હાથમાં લઇ લીધો ત્યારે તે પહેલાંની જેમ અસો હતો. જ્યારે જાદુગરોએ આ જોયું ત્યારે તેમને શ્રધ્ધા થઇ ગઇ કે આ જાદુ નથી.

૧૪૬. અર્થાત હઝરત મૂસા અલયહિસ્સલામ તમારા ગુરૂ છે એટલા માટે જ તેઓ તમને વધી ગયા.

૧૪૭. કે તમારી સાથે શું કરાય છે.

૧૪૮. આનો હેતુ એ હતો કે લોકો બ્હી જાય અને જાદુગરોની હાલત જોઇને લોકો હઝરત મૂસા પર ઇમાન લાવે નહિ.

૧૪૯. ભલે દુનિયામાં ગમે તે થાય કારણ કે...

૧૫૦. ઇમાનની સાથે. અને અમને અલ્લાહ તઆલા પાસેથી રહમતની આશા છે.

૧૫૧. ફિરઔનની રય્યત કરતાં અથવા આ સમારંભના શ્રોતાઓ કરતાં.

આ બનાવ પછી હઝરત મૂસા અલયહિસ્સલામે કેટલાંએ વરસો ત્યાં રહીને તે લોકોને સત્યનું નિમંત્રણ આપ્યું પરંતુ તેમની બળવાખોરી વધતી જ ગઇ.

૧૫૨. અર્થાત બની ઇસરાઇલને મિસરમાંથી.

૧૫૩. ફિરઔન અને તેનાં સૈન્યો પીછો પકડશે અને તમારી પાછળ પાછળ દરિયામાં દાખલ થશે અને

ફરમાવ્યું; 'શું તેઓ તમને સાંભળે છે જ્યારે કે તમે પોકારો? (૭૨) અથવા તમારૂં કંઇ સારૂ નરસુ કરે છે?[૧૭૪] (૭૩) બોલ્યા: 'બલ્કે અમે પોતાના બાપ-દાદાઓને આવું જ કરતા નિહાળ્યા' (૭૪) ફર્માવ્યું; 'તો શું જુઓ છો આ જેમને તમે પૂજી રહ્યા છો (૭૫) તમે અને તમારા આગલ બાપ દાદા[૧૭૫] (૭૬) બેશક! તે બધા મારા દુશ્મન છે[૧૭૬]! પણ પરવરદિગારે આલમ[૧૭૭] (૭૭) તે જેણે મને બનાવ્યો[૧૭૮] તો તે મને માર્ગ આપશે[૧૭૯] (૭૮) અને તે જે મને ખવડાવે અને પીવડાવે છે[૧૮૦] (૭૯) અને જ્યારે હું બીમાર પડું ત્યારે તે જ મને સારૂં કરે છે[૧૮૧] (૮૦) અને તે મને મૃત્યુ આપશે પછી મને જીવંત કરશે[૧૮૨] (૮૧) અને તે જેનાથી મને આશા લાગેલી છે કે મારી ભૂલો કયામતના દિવસે માફ કરશે[૧૮૩] (૮૨) અય મારા રબ! મને હુકમ આપ[૧૮૪] અને મને તેમનામાં મેળવી દે જેઓ તારી ખાસ નજીકીને પાત્ર છે[૧૮૫] (૮૩) અને મારી સાચી ખ્યાતિ રાખ પાછલાઓમાં[૧૮૬] (૮૪) અને મને તેમની અંદર કર જે ચેનના બગીચાઓના વારસદાર છે[૧૮૭] (૮૫) અને મારા બાપને માફ કર[૧૮૮] બેશક! તે માર્ગ ભૂલેલો છે (૮૬) અને મને અપમાનિત કરીશ નહિ જે દિવસે કે તમામને ઉઠાડવામાં આવશે[૧૮૯] (૮૭) જે દિવસે ન માલ ખપ લાગશે ન પુત્રો (૮૮) પણ તે જે અલ્લાહ સમક્ષ હાજર થયો સલામત દિલ લઇને[૧૯૦] (૮૯)

وقال الذين ١٩ الشعراء ٢٦

قَالُوا بَلْ وَجَدْنَا آبَاءَنَا كَذَٰلِكَ يَفْعَلُونَ ۝ قَالَ أَفَرَءَيْتُم
مَّا كُنتُمْ تَعْبُدُونَ ۝ أَنتُمْ وَآبَاؤُكُمُ الْأَقْدَمُونَ ۝ فَإِنَّهُمْ
عَدُوٌّ لِّي إِلَّا رَبَّ الْعَالَمِينَ ۝ الَّذِي خَلَقَنِي فَهُوَ
يَهْدِينِ ۝ وَالَّذِي هُوَ يُطْعِمُنِي وَيَسْقِينِ ۝ وَإِذَا
مَرِضْتُ فَهُوَ يَشْفِينِ ۝ وَالَّذِي يُمِيتُنِي ثُمَّ يُحْيِينِ ۝
وَالَّذِي أَطْمَعُ أَن يَغْفِرَ لِي خَطِيئَتِي يَوْمَ الدِّينِ ۝
رَبِّ هَبْ لِي حُكْمًا وَأَلْحِقْنِي بِالصَّالِحِينَ ۝ وَاجْعَل
لِّي لِسَانَ صِدْقٍ فِي الْآخِرِينَ ۝ وَاجْعَلْنِي مِن
وَرَثَةِ جَنَّةِ النَّعِيمِ ۝ وَاغْفِرْ لِأَبِي إِنَّهُ كَانَ مِنَ
الضَّالِّينَ ۝ وَلَا تُخْزِنِي يَوْمَ يُبْعَثُونَ ۝ يَوْمَ لَا يَنفَعُ
مَالٌ وَلَا بَنُونَ ۝ إِلَّا مَنْ أَتَى اللَّهَ بِقَلْبٍ سَلِيمٍ ۝

તમને નજાત આપીશું અને તેમને ડૂબાડી દઇશું.

૧૫૪. સૈન્યોને ભેગાં કરવા. જ્યારે સૈન્યો ભેગાં થઇ ગયાં ત્યારે તેમની મોટી સંખ્યાની સામે બનીઇ-સરાઇલ ઘણા થોડા દેખાવા માંડયા, જેમકે ફિરઔને બનીઇસરાઇલ વિષે કહ્યું.....

૧૫૫. આપણો વિરોધ કરીને અને આપણી રજા વગર આપણા પ્રદેશમાંથી નીકળીને.

૧૫૬. તૈયાર અને હથિયારબંધ છીએ.

૧૫૭. અર્થાત ફિરઔનીઓને.

૧૫૮. ફિરઔન અને તેની કોમના ડૂબી ગયા પછી.

૧૫૯. અને તેમાંથી દરેકે બીજાને જોયા.

૧૬૦. હવે તેઓ આપણી ઉપર કાબૂ મેળવી લેશે ન તો આપણે તેમના સામનાની તાકત ધરાવીએ છીએ ન તો નાસી છુટવાની જગ્યા છે કારણ કે આગળ દરિયો છે.

૧૬૧. અલ્લાહના વાયદા પર સંપૂર્ણ વિશ્વાસ છે.

૧૬૨. જેમકે હઝરત મૂસા અલયહિસ્સલામે દરિયા પર અસો માર્યો.

૧૬૩. અને તેના બાર ભાગો પડી ગયા.

૧૬૪. અને તેમની વચમાં સુકા રસ્તાઓ.

૧૬૫. અર્થાત ફિરઓન અને ફિરઔનીઓને, એટલા સુધી કે તેઓ બની ઇસરાઇલના માર્ગોમાં ચાલી નીકળ્યા જે તેમના માટે (બની ઇસરાઇલ માટે) અલ્લાહની કુદરતથી સમુદ્રમાં પડયા હતા.

૧૬૬. દરિયામાંથી સહીસલામત કાઢીને.

૧૬૭. એટલે કે ફિરઔન અને તેની કોમને. એવી રીતે કે જ્યારે બધા જ બની ઇસરાઇલ દરિયામાંથી પાર ઉતરી ગયા અને તમામ ફિરઔની દરિયામાં ઉતરી ગયા ત્યારે દરિયો અલ્લાહના હુકમથી જોડાઇ ગયો અને પ્રથમની જેમ થઇ ગયો અને ફિરઔન પોતાની કોમ સહીત ડૂબી ગયો.

૧૬૮. અલ્લાહ તઆલાની કુદરત પર. અને એ હઝરત મૂસા અલયહિસ્સલામનો મો'જિઝો છે.

૧૬૯. અર્થાત તેમનામાં માત્ર ત્રણ જ મુસલમાન હતાં. એક આસિયા ફિરઔન નાં પેત્ની અને હિઝકીલ જેમને મુઅ્મિન આલે ફિરઔન કહે છે, તેઓ પોતાનું ઇમાન છુપાવી રાખતા હતા અને ફિરઔનના પિત્રાઇ હતા. અને મરયમ જેમણે હઝરત યૂસુફ અલયહિસ્સલામની કબરની નિશાની દેખાડી હતી જ્યારે કે હઝરત મૂસા અલયહિસ્સલામે તેમની મૈયતની સંદુકને દરિયામાંથી કાઢયું હતુ.

૧૭૦. કે તેણે કાફિરોને ડૂબાડીને તેમની પાસેથી બદલો લીધો.

૧૭૧. મો'મિનો પર જેમને ડૂબવાથી બચાવ્યા.

૧૭૨. અર્થાત મુશ્રિકો પર.

૧૭૩. હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામ જાણતા હતા કે તે લોકો મૂર્તિપૂજકો છે છતાં આપનું પૂછવું એટલા માટે હતું કે તેમને દેખાડી આપે કે જે વસ્તુઓને તેઓ પૂજે છે તે કોઇ પણ રીતે એના યોગ્ય નથી.

૧૭૪. જ્યારે આવું કશું નથી ત્યારે તેમને તમે મઅ્બૂદ કેમ કરી બનાવી દીધી.

૧૭૫. કે તેઓ (મૂર્તિઓ) ન તો ઇલ્મ ધરાવે છે ન કુદરત, ન તો કશું સાંભળે છે ન કોઇ લાભ કે ગેરલાભ પહોંચાડી શકે છે.

૧૭૬. તેઓ પૂજાય તે હું ચલાવી લઇ શકું નહિ.

૧૭૭. મારો રબ છે મારાં કામો બનાવનાર છે હું તેની ઇબાદત કરૂં છું તે ઇબાદતને લાયક છે તેના ગુણો આ છે...

૧૭૮. મને શૂન્યમાંથી સર્જયો અને પોતાની આજ્ઞાનું પાલન કરવા બનાવ્યો.

૧૭૯. ખુલ્લત (મૈત્રી) ના અદબોનો જેમ કે આગળ દેખાડી ચૂક્યો છે (અથવા) દીન-દુનિયાની મસ્લેહતો (સદબુધ્ધિ)નો.

૧૮૦. અને મારો રોજી આપનાર છે.

૧૮૧. મારી બીમારીઓ દૂર કરે છે. ઇબ્ને અતાએ કહ્યું છે કે; જ્યારે હું મખ્લૂકને દેખી દેખીને રોગી થઇ જાઉં છું ત્યારે હક્કના દર્શન વડે મને સારો કરી દે છે.

૧૮૨. મૃત્યુ અને જીવન તેની સત્તાના કાબૂમાં છે.

૧૮૩. અમ્બિયા મઅ્સૂમ છે ગુન્હાઓ તેમનાથી સાદર થતા નથી તેમનુ માફી માંગવું એ પોતાના પરવરદિગારની પ્રત્યક્ષ આજેજી દર્શાવવા માટે છે અને ઉમ્મત માટે માફી માંગવાની તાલીમ છે.

૧૮૪. હુકમનો મતલબ યા તો ઇલ્મ છે અથવા હિકમત અથવા નબુવ્વત.

૧૮૫. એટલે કે અંબિયા અલૈહિમુસ્સલામ અને આપની એ દુઆ મુસ્તજાબ (કબૂલ) થઇ. જેમકે અલ્લાહ તઆલા ફર્માવે છે, વઇન્નહૂ ફિલ્ આખેરતે લમિનસ્સાલિહીન.

૧૮૬. અર્થાત તે ઉમ્મતોમાં જે મારા પછી આવે. જેમ કે અલ્લાહ તઆલાએ આપને તે આપ્યું કે તમામ ધર્મોના લોકો આપની સાથે મહોબ્બત ધરાવે છે અને આપના વખાણ કરે છે.

وأزلفت الجنة للمتقين ﴿٩٠﴾ وبرزت الجحيم
للغاوين ﴿٩١﴾ وقيل لهم أين ما كنتم تعبدون ﴿٩٢﴾
من دون الله هل ينصرونكم أو ينتصرون ﴿٩٣﴾
فكبكبوا فيها هم والغاوون ﴿٩٤﴾ وجنود إبليس
أجمعون ﴿٩٥﴾ قالوا وهم فيها يختصمون ﴿٩٦﴾ تالله إن
كنا لفي ضلال مبين ﴿٩٧﴾ إذ نسويكم برب العالمين ﴿٩٨﴾ منزل ٥
وما أضلنا إلا المجرمون ﴿٩٩﴾ فما لنا من شافعين ﴿١٠٠﴾
ولا صديق حميم ﴿١٠١﴾ فلو أن لنا كرة فنكون من
المؤمنين ﴿١٠٢﴾ إن في ذلك لآية وما كان أكثرهم
مؤمنين ﴿١٠٣﴾ وإن ربك لهو العزيز الرحيم ﴿١٠٤﴾ كذبت ع
قوم نوح المرسلين ﴿١٠٥﴾ إذ قال لهم أخوهم نوح ألا

અને નજીક લાવવામાં આવશે જન્નત પરહેઝગારો માટે[૧૯૧] (૯૦) અને જાહેર કરવામાં આવશે દોઝખ ગુમરાહો માટે (૯૧) અને તેમને કહેવામાં આવશે[૧૯૨]; 'ક્યાં છે તેઓ જેમને તમે પૂજતા હતા (૯૨) અલ્લાહ સિવાય. શું તેઓ તમારી મદદ કરશે'?[૧૯૩] અથવા બદલો લેશે'? (૯૩) તો ખંખેરી નાખવામાં આવ્યા જહન્નમમાં તેઓ અને બધા ગુમરાહ[૧૯૪] (૯૪) અને ઇબ્લીસના બધા જ લશ્કરો[૧૯૫] (૯૫) કહેશે, અને તેઓ તેમાં પરસ્પર ઝગડતા હશે; (૯૬) 'ખુદાની કસમ! બેશક! અમે ખુલ્લી ગુમરાહી માં હતા (૯૭) જ્યારે કે તમને રબ્બુલ આલમીનની સમકક્ષ ઠેરવતા હતા (૯૮) અને અમને ભટકાવ્યા નહિ પણ મુજરિમોએ[૧૯૬] (૯૯) તો હવે અમારૂં કોઇ ભલામણ કરનાર નથી[૧૯૭] (૧૦૦) અને ન કોઇ દુ:ખમાં ભાગ લેનાર મિત્ર[૧૯૮] (૧૦૧) તો કોઇ રીતે અમારે પાછુ જવાનું થાત[૧૯૯] કે (જેથી) અમે મુસલમાન થઇ જાત' (૧૦૨) બેશક! આમાં અવશ્ય નિશાની છે અને તેમનામાં મોટા ભાગના મુસલમાન ન હતા (૧૦૩) અને બેશક ! તમારો રબ તેજ ઇજ્જતવાળો મહેરબાન છે (૧૦૪) નૂહની કોમે પૈગમ્બરોને જૂઠાડયા[૨૦૦] (૧૦૫) જ્યારે તેમને તેમના

૧૮૭. જેમને તુ જન્નત આપીશ.

૧૮૮. તવબહ અને ઇમાન આપીને. અને આ દુઆ આપે એટલા માટે ફરમાવી કે વિદાય વેળાએ આપના બાપે આપને ઇમાન લાવવાનું વચન આપ્યું હતું, જ્યારે જાહેર થઇ ગયું કે તે ખુદાનો દુશ્મન છે, તેનો વાયદો જૂઠો હતો ત્યારે આપ તેનાથી નિર્લેપ થઇ ગયા, જેવું કે સૂરએ બરાઅતમાં બયાન છે 'માકાનસ્તીગફારૂ ઇબ્રાહીમ...

૧૮૯. અર્થાત કયામતના દિવસે.

૧૯૦. જે શિર્ક કુફ્ર અને નિફાકથી પાક હોય. તેને તેનો માલ પણ લાભ આપશે જે અલ્લાહના રસ્તામાં ખરચ કર્યો હશે અને ઔલાદ પણ જે નેક હશે. જેમકે હદીષ શરીફમાં છે કે જ્યારે માણસ મરે છે ત્યારે તેના બધા જ અમલો બંધ થઇ જાય છે સિવાય કે ત્રણ, એક સદકએ જારિયહ, બીજો તે માલ જેનાથી લોકો લાભ ઉઠાવે, ત્રીજી નેક ઔલાદ જે એના માટે દુઆ કરે.

૧૯૧. કે તેને દેખશે.

૧૯૨. ધમકીની રીતે તેમના શિર્ક અને કુફ્ર બદલ.

૧૯૩. અલ્લાહના અઝાબથી બચાવી લઇને.

૧૯૪. એટલે કે મૂર્તિઓ અને તેમને પૂજનાર બધાને ઊંધા કરીને જહન્નમમાં નાખી દેવામાં આવશે.

૧૯૫. અર્થાત તેને અનુસરનાર જિન્નાત હોય કે માનવી. અમુક મુફસ્સિરોએ કહ્યું છે કે ઇબ્લીસના લશ્કરોનો મતલબ તેની ઔલાદ છે.

وقال الذين ١٩ — الشعراء ٢٦

تَتَّقُونَ ﴿١٠٦﴾ إِنِّي لَكُمْ رَسُولٌ أَمِينٌ ﴿١٠٧﴾ فَاتَّقُوا اللَّهَ وَأَطِيعُونِ ﴿١٠٨﴾
وَمَا أَسْأَلُكُمْ عَلَيْهِ مِنْ أَجْرٍ إِنْ أَجْرِيَ إِلَّا عَلَىٰ رَبِّ
الْعَالَمِينَ ﴿١٠٩﴾ فَاتَّقُوا اللَّهَ وَأَطِيعُونِ ﴿١١٠﴾ قَالُوا أَنُؤْمِنُ
لَكَ وَاتَّبَعَكَ الْأَرْذَلُونَ ﴿١١١﴾ قَالَ وَمَا عِلْمِي بِمَا كَانُوا
يَعْمَلُونَ ﴿١١٢﴾ إِنْ حِسَابُهُمْ إِلَّا عَلَىٰ رَبِّي لَوْ تَشْعُرُونَ ﴿١١٣﴾
وَمَا أَنَا بِطَارِدِ الْمُؤْمِنِينَ ﴿١١٤﴾ إِنْ أَنَا إِلَّا نَذِيرٌ مُبِينٌ ﴿١١٥﴾
قَالُوا لَئِنْ لَمْ تَنْتَهِ يَا نُوحُ لَتَكُونَنَّ مِنَ الْمَرْجُومِينَ ﴿١١٦﴾
قَالَ رَبِّ إِنَّ قَوْمِي كَذَّبُونِ ﴿١١٧﴾ فَافْتَحْ بَيْنِي وَبَيْنَهُمْ
فَتْحًا وَنَجِّنِي وَمَنْ مَعِيَ مِنَ الْمُؤْمِنِينَ ﴿١١٨﴾ فَأَنْجَيْنَاهُ وَمَنْ
مَعَهُ فِي الْفُلْكِ الْمَشْحُونِ ﴿١١٩﴾ ثُمَّ أَغْرَقْنَا بَعْدُ الْبَاقِينَ ﴿١٢٠﴾
إِنَّ فِي ذَٰلِكَ لَآيَةً ۖ وَمَا كَانَ أَكْثَرُهُمْ مُؤْمِنِينَ ﴿١٢١﴾

**કોમબંધુ નૂહે કહ્યું; 'શું તમે ડરતા નથી[201]? (૧૦૬) બેશક ! હું તમારા માટે અલ્લાહનો મોકલેલો અમીન છુ[202] (૧૦૭) તો અલ્લાહથી ડરો અને મારો હુકમ માનો[203] (૧૦૮) અને હું આ બદલ તમારી પાસે કંઇ વળતર માંગતો નથી, મારૂં વળતર તો તેની પાસે છે જે સારાય જગતનો રબ છે (૧૦૯) તો અલ્લાહથી ડરો અને મારો હુકમ માનો' (૧૧૦) બોલ્યા; 'શું અમે તમારી ઉપર ઇમાન લઇ આવીએ? અને તમારી સાથે તો હલકા લોકો છે[204]' (૧૧૧) ફરમાવ્યું; 'મને શું ખબર તેમનાં કર્મો શું છે?[205] (૧૧૨) તેમનો હિસાબ[206] તો મારા રબ પર જ છે' જો તમને જ્ઞાન હોય[207] (૧૧૩) અને હું મુસલમાનોને વેગળા કરનાર નથી[208] (૧૧૪) હું તો નથી પણ સ્પષ્ટ ડર સંભળાવનાર[209] (૧૧૫) બોલ્યા; 'અય નૂહ ! જો તમે પાછા નહિ વળો[210] તો અવશ્ય પથ્થરમારાથી મારી નંખાશો[211]' (૧૧૬) વિનંતી કરી; 'અય મારા રબ ! મારી કોમે મને જૂઠાડયો[212] (૧૧૭) તો મારી અને તેમની વચ્ચે સંપૂર્ણ ફેંસલો કરી નાખ અને મને તેમજ મારી સાથેના મુસલમાનોને નજાત આપ[213]' (૧૧૮) તો અમે બચાવી લીધો તેને અને તેના સાથીદારોને ભરાએલા વહાણમાં[214] (૧૧૯) પછી ત્યારબાદ[215] અમે બાકીનાઓને ડૂબાડી દીધા (૧૨૦) બેશક ! એમાં અવશ્ય**

૧૯૬. જેમણે મૂર્તિપૂજાનું આમંત્રણ આપ્યું અથવા તે પૂર્વજો અમે જેમને અનુસર્યા અથવા ઇબ્લીસ અને તેની ઔલાદે.

૧૯૭. જેવી રીતે કે મો'મિનો માટે નબીઓ, વલીઓ, ફરિશ્તાઓ અને મો'મિનો શફાઅત કરનાર છે.

૧૯૮. જે ખપ લાગે. આ વાત કાફિરો તે સમયે કહેશે જ્યારે દેખશે કે નબીઓ, વલીઓ, ફરિશ્તાઓ અને નેક લોકો મો'મિનોની શફાઅત કરી રહ્યા છે અને તેમની મિત્રતા કામ લાગી રહી છે.

હદીષ શરીફમાં છે કે જન્નતી કહેશે : મારા ફલાણા મિત્રની હાલત કેવી છે? અને તે મિત્ર ગુન્હાઓના કારણે જહન્નમાં હશે. અલ્લાહ તઆલા ફરમાવશે; એના મિત્રને કાઢો અને જન્નતમાં દાખલ કરો. તો જે લોકો જહન્નમમાં બાકી રહી જશે તેઓ કહેશે કે; અમારો કોઇ ભલામણકર્તા નથી અને ન કોઇ દુ:ખનો ભાગીદાર મિત્ર. હસન રહમતુલ્લાહે અલૈહએ ફરમાવ્યું છે કે; ઇમાનદાર મિત્રોમાં વધારો કરો કારણ કે તેઓ કયામતના દિવસે શફાઅત કરશે.

૧૯૯. દુનિયામાં.

૨૦૦. અર્થાત નૂહ અલયહિસ્સલામને જૂઠાડવું એ બધા પૈગમ્બરોને જૂઠાડવું છે કારણ કે બધા જ પૈગમ્બરોનો દીન એક જ છે અને દરેક નબી લોકોને બધાય પૈગમ્બરો પર ઇમાન લાવવાનું નિમંત્રણ આપે છે.

૨૦૧. અલ્લાહ તઆલાથી કે જેથી કુફ્ર અને ગુન્હાઓને ત્યજો.

૨૦૨. તેની વહી અને રિસાલત પહોંચાડવા માટે. અને આપની ઇમાનદારી આપની કોમને માન્ય હતી જેમ કે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની ઇમાનદારી બાબત અરબો એકમતે હતા.

નિશાની છે. અને તેમનામાં બહુમતી મુસલમાન ન હતી (૧૨૧) અને બેશક ! તમારો પરવરદિગાર જ ઇજ્જતવાળો મહેરબાન છે (૧૨૨) આદ(ની કોમે) રસૂલોને જૂઠાડયા[૨૧૬] (૧૨૩) જ્યારે કે તેમને તેમના જ્ઞાતિભાઇ હૂદે કહ્યું; 'શું તમે ડરતા નથી? (૧૨૪) બેશક ! હું તમારા માટે અલ્લાહનો અમાનતદાર અને રસૂલ છું (૧૨૫) તો અલ્લાહથી ડરો[૨૧૭] અને મારો આદેશ માનો (૧૨૬) અને હું તમારી પાસે આ બદલ કંઇ વળતર માંગતો નથી મારૂં વળતર તો તેની પાસે છે જે સારા જહાનનો રબ છે (૧૨૭) શું દરેક ઊંચી જગ્યાએ એક નિશાની બનાવો છો અને વટેમાર્ગુઓની હાંસી ઉડાડવા માટે?[૨૧૮] (૧૨૮) અને મજબૂત મહેલો ચણો છો એ આશાએ કે તમે હમેશાં રહેશો[૨૧૯]? (૧૨૯) અને જ્યારે કોઇની પકડ કરો છો ત્યારે બહું જ નિર્દયતાથી કરો છો[૨૨૦] (૧૩૦) તો અલ્લાહથી ડરો અને મારો આદેશ માનો (૧૩૧) અને તેનાથી ડરો જેણે તમારી મદદ એવી વસ્તુઓથી કરી જેની તમને ખબર છે[૨૨૧] (૧૩૨) તમારી મદદ કરી પશુઓ અને પુત્રો વડે (૧૩૩) અને વાડીઓ અને ઝરણાંઓ વડે (૧૩૪) બેશક ! મને તમારા માટે ડર છે એક મહાન દિવસના અઝાબનો[૨૨૨]' (૧૩૫) બોલ્યા; 'અમારા માટે સરખું છે ચાહો તમે નસીહત કરો અથવા

وقال الذين ١٩ — الشعراء ٢٦

وَإِنَّ رَبَّكَ لَهُوَ الْعَزِيزُ الرَّحِيمُ ﴿١٢٢﴾ كَذَّبَتْ عَادٌ الْمُرْسَلِينَ ﴿١٢٣﴾
إِذْ قَالَ لَهُمْ أَخُوهُمْ هُودٌ أَلَا تَتَّقُونَ ﴿١٢٤﴾ إِنِّي لَكُمْ
رَسُولٌ أَمِينٌ ﴿١٢٥﴾ فَاتَّقُوا اللَّهَ وَأَطِيعُونِ ﴿١٢٦﴾ وَمَا
أَسْأَلُكُمْ عَلَيْهِ مِنْ أَجْرٍ إِنْ أَجْرِيَ إِلَّا عَلَىٰ رَبِّ
الْعَالَمِينَ ﴿١٢٧﴾ أَتَبْنُونَ بِكُلِّ رِيعٍ آيَةً تَعْبَثُونَ ﴿١٢٨﴾ وَ
تَتَّخِذُونَ مَصَانِعَ لَعَلَّكُمْ تَخْلُدُونَ ﴿١٢٩﴾ وَإِذَا بَطَشْتُمْ
بَطَشْتُمْ جَبَّارِينَ ﴿١٣٠﴾ فَاتَّقُوا اللَّهَ وَأَطِيعُونِ ﴿١٣١﴾ وَاتَّقُوا
الَّذِي أَمَدَّكُمْ بِمَا تَعْلَمُونَ ﴿١٣٢﴾ أَمَدَّكُمْ بِأَنْعَامٍ وَبَنِينَ ﴿١٣٣﴾
وَجَنَّاتٍ وَعُيُونٍ ﴿١٣٤﴾ إِنِّي أَخَافُ عَلَيْكُمْ عَذَابَ
يَوْمٍ عَظِيمٍ ﴿١٣٥﴾ قَالُوا سَوَاءٌ عَلَيْنَا أَوَعَظْتَ أَمْ لَمْ
تَكُنْ مِنَ الْوَاعِظِينَ ﴿١٣٦﴾ إِنْ هَٰذَا إِلَّا خُلُقُ الْأَوَّلِينَ ﴿١٣٧﴾

૨૦૩. જે હું તવહીદ ઇમાન અને અલ્લાહના આદેશો માનવા બાબત આપી રહ્યો છું.

૨૦૪. આ વાત તેમણે ઘમંડથી કહી હતી. ગરીબો પાસે બેસવાનું તેમને ગમતું ન હતું એમાં તેઓ પોતાનું અપમાન ગણતા હતા તેથી ઇમાન જેવી નેઅમતથી વંચિત રહ્યા. હલકા (અરઝલૂન) લોકો તેઓ ગરીબો અને ધંધાદારી લોકોને કહેતા હતા. તેમને રઝીલ, કમીના, હલકા કહેવું એ કાફિરોનું ઘમંડી કૃત્ય હતું, નહિ તો કારીગરી અને ધંધો માણસને દીનના સ્થાનેથી હલકો પાડતો નથી. માલદારી અસલમાં દીની માલદારી છે અને વંશ અસલમાં તકવાનો વંશ.

**મસઅલો** :- મો'મીનને કમીનો કહેવું જાઇઝ નથી ભલે પછી તે કેટલોએ મોહતાજ કે નાદાર હોય કે ગમે તે જાતિનો હોય. (મદારિક).

૨૦૫. તેઓ શું ધંધો કરે છે એનાથી મારે શું મતલબ? હું તો તેમને અલ્લાહ તરફ બોલાવું છું.

૨૦૬. તે જ એમને સારો બદલો આપશે.

૨૦૭. તો તમે તેમને મ્હેણાં ટોણાં મારો નહિ, ન તો ધંધાના કારણે તેમની પાસે જતાં ખચકાઓ.

પછી કોમે કહ્યું કે; હલકા લોકોને આપ મજલિસમાંથી કાઢી મૂકો જેથી અમે તમારી પાસે આવીએ અને તમારી વાતો માનીએ તેના જવાબમાં ફરમાવ્યું...

૨૦૮. મને એ શોભતું નથી કે હું તમારી એવી ઇચ્છાઓને સંતોષું અને તમારા ઇમાનની અભિલાષામાં મુસલમાનોને મારી પાસેથી હાંકી કાઢું.

૨૦૯. સત્ય દલીલ સાથે જેનાથી સત્ય અસત્યમાં ફેર પડી જાય. તો જે ઇમાન લાવે તે જ મારો નિકટી

الشعراء ٢٦ — وقال الذين ١٩

وَمَا نَحْنُ بِمُعَذَّبِينَ ﴿١٣٨﴾ فَكَذَّبُوهُ فَأَهْلَكْنَاهُمْ إِنَّ فِي
ذَٰلِكَ لَآيَةً وَمَا كَانَ أَكْثَرُهُمْ مُؤْمِنِينَ ﴿١٣٩﴾ وَإِنَّ رَبَّكَ
لَهُوَ الْعَزِيزُ الرَّحِيمُ ﴿١٤٠﴾ كَذَّبَتْ ثَمُودُ الْمُرْسَلِينَ ﴿١٤١﴾
إِذْ قَالَ لَهُمْ أَخُوهُمْ صَالِحٌ أَلَا تَتَّقُونَ ﴿١٤٢﴾ إِنِّي لَكُمْ
رَسُولٌ أَمِينٌ ﴿١٤٣﴾ فَاتَّقُوا اللَّهَ وَأَطِيعُونِ ﴿١٤٤﴾ وَمَا
أَسْأَلُكُمْ عَلَيْهِ مِنْ أَجْرٍ إِنْ أَجْرِيَ إِلَّا عَلَىٰ رَبِّ
الْعَالَمِينَ ﴿١٤٥﴾ أَتُتْرَكُونَ فِي مَا هَاهُنَا آمِنِينَ ﴿١٤٦﴾ فِي جَنَّاتٍ
وَعُيُونٍ ﴿١٤٧﴾ وَزُرُوعٍ وَنَخْلٍ طَلْعُهَا هَضِيمٌ ﴿١٤٨﴾ وَتَنْحِتُونَ
مِنَ الْجِبَالِ بُيُوتًا فَارِهِينَ ﴿١٤٩﴾ فَاتَّقُوا اللَّهَ وَأَطِيعُونِ ﴿١٥٠﴾
وَلَا تُطِيعُوا أَمْرَ الْمُسْرِفِينَ ﴿١٥١﴾ الَّذِينَ يُفْسِدُونَ فِي
الْأَرْضِ وَلَا يُصْلِحُونَ ﴿١٥٢﴾ قَالُوا إِنَّمَا أَنْتَ مِنَ الْمُسَحَّرِينَ

**નસીહત કરનારાઓમાં ન થાઓ[૨૨૩] (૧૩૬) આ તો નથી પણ તે જ આગલાઓની રીત[૨૨૪] (૧૩૭) અને અમને અઝાબ થવાનો નથી[૨૨૫] (૧૩૮) તો તેમણે આને જૂઠાડયું[૨૨૬] તો અમે તેમનો નાશ કર્યો[૨૨૭]. બેશક ! આમાં અવશ્ય નિશાની છે. અને તેમના વધારે મુસલમાન ન હતા (૧૩૯) અને બેશક ! તમારો રબ તે જ ઇજ્જતવાળો મહેરબાન છે (૧૪૦) ષમૂદે રસૂલોને જૂઠાડયા (૧૪૧) જ્યારે કે તેમને તેમના જ્ઞાતિ ભાઇ સાલિહે કહ્યું; 'શું ડરતા નથી ? (૧૪૨) બેશક ! હું તમારા માટે અલ્લાહનો અમાનતદાર રસૂલ છું (૧૪૩) તો અલ્લાહથી ડરો અને મારો આદેશ માનો (૧૪૪) અને હું આ બદલ તમારી પાસેથી કશું વળતર માંગતો નથી, મારૂં વળતર તો તેની પાસે જ છે જે સારાય જહાનનો રબ છે (૧૪૫) શું તમે અહીંની[૨૨૮] નેઅમતોમાં આરામથી છૂટા મૂકવામાં આવશો[૨૨૯]? (૧૪૬) બગીચાઓ અને ઝરણાંઓ અને ખેતરો અને ખજૂરોમાં જેમની કળીઓ નરમ નાઝુક? (૧૪૮) અને ઉસ્તાદીથી પર્વતોમાં ઘરો ખોદો છો[૨૩૦] (૧૪૯) તો અલ્લાહથી ડરો અને મારો હુકમ માનો (૧૫૦) અને સીમાનું ઉલ્લંઘન કરનારાઓના કહેવા પ્રમાણે ન ચાલો[૨૩૧] (૧૫૧) તેઓ જે ધરતીમાં ફસાદ ફેલાવે છે[૨૩૨] અને સુધારો કરતા નથી[૨૩૩] (૧૫૨) બોલ્યા; તમારી**

છે અને જે ઇમાન ન લાવે તે જ વેગળો. '

૨૧૦. નિમંત્રણ અને ડરાવવાથી...

૨૧૧. હઝરત નૂહ અલયહિસ્સલામે અલ્લાહની બારગાહમાં...

૨૧૨. તારી વહી અને રિસાલત બાબત. આપનો હેતુ એ હતો કે હું જો એમના માટે બદદુઆ કરૂ છું તો એનું કારણ એ નથી કે એમણે મને પથ્થરમારો કરીને મારી નાખવાની ધમકી આપી છે ન એ કે તેમણે મારા અનુયાયીઓને હલકા કહ્યા, બલ્કે મારી દુઆનું કારણ એ છે કે તેમણે તારા કલામને જૂઠાડયું અને તારી રિસાલતને સ્વીકારવાનો ઇન્કાર કર્યો.

૨૧૩. તે લોકોના કૃત્યોના ખરાબ પરિણામથી.

૨૧૪. જે માનવીઓ, પક્ષીઓ અને પશુઓથી ભરેલું હતું.

૨૧૫. અર્થાત નૂહ અલયહિસ્સલામ અને આપના સાથીદારોને નજાત આપ્યા પછી.

૨૧૬. આદ એક કબીલો છે અને અસલમાં એ એક માણસનું નામ છે જેના વંશજોનો આ કબીલો છે.

૨૧૭. અને મને જૂઠાડો નહિ.

૨૧૮. કે તેની ઉપર ચઢીને પસાર થનારાઓની ઠેકડી ઉડાડો. અને આ તે કોમનો નિયમ હતો કે તેમણે નાકાઓ પર ઊંચી ઇમારતો બનાવી હતી ત્યાં બેસીને વટેમાર્ગુઓને હેરાન કરતા હતા અને રમત રમતા હતા.

૨૧૯. અને કદી મારશો નહિ?

ઉપર તો જાદુ થયું છે[૨૩૪] (૧૫૩) તમે તો અમારી જેવા જ માનવી છો. તો કોઇ નિશાની લાવો[૨૩૫] જો સાચા હોવ'[૨૩૬] (૧૫૪) કહ્યું; 'આ ઊંટણી છે. એક દિવસ એના પીવાનો વારો[૨૩૭] અને એક નક્કી દિવસે તમારો (૧૫૫) અને એને ખરાબ ઇરાદે અડકશો નહિ[૨૩૮], નહિ તો તમને મહાન દિવસનો અઝાબ લાધી જશે[૨૩૯] (૧૫૬) પછી તેમણે તેની ઘુંટીઓ કાપી નાખી[૨૪૦]. પછી સવારમાં પસ્તાતા રહી ગયા[૨૪૧] (૧૫૭) તો તેઓને અઝાબે ભરખી લીધા[૨૪૨]. બેશક ! એમાં અવશ્ય નિશાની છે. અને તેમનામાં ઘણા મુસલમાન ન હતા (૧૫૮) અને બેશક ! તમારો રબ જ ઇજ્જતવાળો મહેરબાન છે (૧૫૯) લૂતની કોમે રસૂલોને જૂઠાડયા (૧૬૦) જ્યારે કે તેઓને તેમના જ્ઞાતિભાઇ લૂતે કહ્યું શું તમે ડરતા નથી? (૧૬૧) બેશક ! હું તમારા માટે અલ્લાહનો અમાનતદાર રસૂલ છું (૧૬૨) તો અલ્લાહથી ડરો અને મારો હુકમ માનો (૧૬૩) અને હું આ બદલ તમારી પાસે કશું વળતર માંગતો નથી, મારૂં વળતર તો તેની પાસે છે જે સારાય જગતનો રબ છે (૧૬૪) શું મખ્લૂકમાં પુરૂષો સાથે પ્રકૃતિ વિરૂધ્ધનું કામ કરો છો[૨૪૩]? (૧૬૫) અને તમારા માટે તમારા રબે જે પત્નીઓ બનાવી તેમને પડતી મૂકો છો ? બલ્કે તમે



مَآ اَنْتَ اِلَّا بَشَرٌ مِّثْلُنَا ۚۖ فَاْتِ بِاٰيَةٍ اِنْ كُنْتَ مِنَ
الصّٰدِقِيْنَ ﴿۱۵۴﴾ قَالَ هٰذِهٖ نَاقَةٌ لَّهَا شِرْبٌ وَّلَكُمْ
شِرْبُ يَوْمٍ مَّعْلُوْمٍ ﴿۱۵۵﴾ وَلَا تَمَسُّوْهَا بِسُوْٓءٍ فَيَاْخُذَكُمْ
عَذَابُ يَوْمٍ عَظِيْمٍ ﴿۱۵۶﴾ فَعَقَرُوْهَا فَاَصْبَحُوْا نٰدِمِيْنَ ﴿۱۵۷﴾
فَاَخَذَهُمُ الْعَذَابُ ؕ اِنَّ فِیْ ذٰلِكَ لَاٰيَةً ؕ وَمَا كَانَ
اَكْثَرُهُمْ مُّؤْمِنِيْنَ ﴿۱۵۸﴾ وَاِنَّ رَبَّكَ لَهُوَ الْعَزِيْزُ الرَّحِيْمُ ﴿۱۵۹﴾ ع ۸
كَذَّبَتْ قَوْمُ لُوْطِ ِۨ الْمُرْسَلِيْنَ ﴿۱۶۰﴾ اِذْ قَالَ لَهُمْ اَخُوْهُمْ منزل ۵
لُوْطٌ اَلَا تَتَّقُوْنَ ﴿۱۶۱﴾ اِنِّیْ لَكُمْ رَسُوْلٌ اَمِيْنٌ ﴿۱۶۲﴾ فَاتَّقُوا
اللّٰهَ وَاَطِيْعُوْنِ ﴿۱۶۳﴾ وَمَآ اَسْئَلُكُمْ عَلَيْهِ مِنْ اَجْرٍ ۚ اِنْ
اَجْرِیَ اِلَّا عَلٰى رَبِّ الْعٰلَمِيْنَ ﴿۱۶۴﴾ اَتَاْتُوْنَ الذُّكْرَانَ
مِنَ الْعٰلَمِيْنَ ﴿۱۶۵﴾ وَتَذَرُوْنَ مَا خَلَقَ لَكُمْ رَبُّكُمْ مِّنْ

૨૨૦. તલ્વારથી કતલ કરીને કોરડા મારીને ઘણી જ બેરહમીથી.

૨૨૧. અર્થાત તે નેઅમતો જેમને તમે ઓળખો છો આગળ તેમનું વર્ણન કરવામાં આવે છે...

૨૨૨. જો તમે મારી આજ્ઞાઓનું પાલન નહિ કરો તો. આનો જવાબ તેમની તરફથી એવો મળ્યો કે તેઓ...

૨૨૩. અમે કોઇ રીતે તમારી વાત માનવાના નથી અને તમારૂં નિમંત્રણ સ્વીકારવાના નથી.

૨૨૪. અર્થાત જે વસ્તુઓની બ્હીક તમે દેખાડી એ આગલાઓનો નિયમ છે તેઓ પણ આવી જ વાતો કહેતા હતા. આનાથી તેમનો હેતુ એ હતો કે અમે આવી વાત માનવાના નથી એને જૂઠ સમજીએ છીએ. અથવા આયતનો મતલબ એ છે કે મૃત્યુ જીવન અને ઇમારતો બનાવવી એ આગલાઓથી ચાલતુ આવેલું છે.

૨૨૫. ન દુનિયામાં ન આખિરતમાં ન તો મર્યા પછી ઉઠવાનું છે.

૨૨૬. હૂદ અલયહિસ્સલામને.

૨૨૭. વાવાઝોડાના અઝાબ વડે.

૨૨૮. દુનિયાની.

૨૨૯. કે આ નેઅમતો કદીએ નાશ પામે નહિ અને કદી અંઝાબ આવે નહિ, કદી મૃત્યુ આવે નહિ. આગળ એ નેઅમતોનું વર્ણન છે.

૨૩૦. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ ફરમાવ્યું કે; 'ફરહ' (જેનાથી આયતમાંનો 'ફારિહીન' શબ્દ બન્યો છે) નો અર્થ ગર્વ અને ઘમંડનો છે, મતલબ એ છે કે પોતાની કારીગરી પર

લોકો હદથી વધી જનાર છો[૨૪૪] (૧૬૬) બોલ્યા; 'જો તમે રોકાયા નહિ[૨૪૫] અય લૂત ! તો અવશ્ય કાઢી મૂકવામાં આવશો[૨૪૬] (૧૬૭) ફરમાવ્યું; 'હું તમારા કૃત્યથી અલિપ્ત છું[૨૪૭] (૧૬૮) અય રબ ! મને અને મારા ઘરવાળાઓને આ લોકોના કૃત્યથી બચાવ[૨૪૮] (૧૬૯) તો અમે તેને અને તેના બધા ઘરવાળાઓને મુક્તિ આપી[૨૪૯] (૧૭૦) પણ એક વૃધ્ધા કે (જે) પાછળ રહી ગઇ[૨૫૦] (૧૭૧) પછી અમે બીજાઓને હલાક કરી નાખ્યા (૧૭૨) અને અમે તેમની ઉપર એક વર્ષા વરસાવી[૨૫૧] તો જેમને ડરાવવામાં આવ્યા હતા તેમની વર્ષા કેટલી ખરાબ (૧૭૩) બેશક ! એમાં અવશ્ય નિશાની છે. અને એમનામાં ઘણા મુસલમાન ન હતા (૧૭૪) અને બેશક ! તમારો રબ જ ઇજ્જતવાળો મહેરબાન છે (૧૭૫) વનવાળાઓએ રસૂલોને જૂઠાડયા[૨૫૨] (૧૭૬) જ્યારે તેમને શુએબે કહ્યું; 'શું ડરતા નથી? (૧૭૭) બેશક ! હું તમારા માટે અલ્લાહનો વિશ્વાસપાત્ર રસૂલ છું (૧૭૮) તો અલ્લાહથી ડરો અને મારો હુકમ માનો (૧૭૯) અને હું આ બદલ તમારી પાસે કશું વળતર માંગતો નથી, મારૂં વળતર તો તની પાસે જ છે જે સારાય જગતનો રબ છે[૨૫૩] (૧૮૦)



أَزْوَاجِكُمْ بَلْ أَنتُمْ قَوْمٌ عَادُونَ ۝ قَالُوا لَئِن لَّمْ تَنتَهِ
يَا لُوطُ لَتَكُونَنَّ مِنَ الْمُخْرَجِينَ ۝ قَالَ إِنِّي لِعَمَلِكُم
مِّنَ الْقَالِينَ ۝ رَبِّ نَجِّنِي وَأَهْلِي مِمَّا يَعْمَلُونَ ۝
فَنَجَّيْنَاهُ وَأَهْلَهُ أَجْمَعِينَ ۝ إِلَّا عَجُوزًا فِي الْغَابِرِينَ ۝
ثُمَّ دَمَّرْنَا الْآخَرِينَ ۝ وَأَمْطَرْنَا عَلَيْهِم مَّطَرًا
فَسَاءَ مَطَرُ الْمُنذَرِينَ ۝ إِنَّ فِي ذَٰلِكَ لَآيَةً وَمَا
كَانَ أَكْثَرُهُم مُّؤْمِنِينَ ۝ وَإِنَّ رَبَّكَ لَهُوَ الْعَزِيزُ
الرَّحِيمُ ۝ كَذَّبَ أَصْحَابُ لْئَيْكَةِ الْمُرْسَلِينَ ۝ إِذْ
قَالَ لَهُمْ شُعَيْبٌ أَلَا تَتَّقُونَ ۝ إِنِّي لَكُمْ رَسُولٌ
أَمِينٌ ۝ فَاتَّقُوا اللَّهَ وَأَطِيعُونِ ۝ وَمَا أَسْأَلُكُمْ
عَلَيْهِ مِنْ أَجْرٍ إِنْ أَجْرِيَ إِلَّا عَلَىٰ رَبِّ الْعَالَمِينَ ۝

ઘમંડ કરતા અને ઇતરાતા હતા.

૨૩૧. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ ફરમાવ્યું કે; (આયતમાં) 'મુસરિફીન' નો મતલબ મુશ્રિકીન છે. અમુક તફસીરકારોનું કહેવું છે કે 'મુસરિફીન' તે લોકો છે જેમણે ઊંટણીને મારી નાખી હતી.

૨૩૨. કુફ્ર, જુલ્મ અને ગુનાહો કરીને.

૨૩૩. ઇમાન લાવીને અને ન્યાય સ્થાપિત કરીને અને અલ્લાહના આજ્ઞાંકિત બનીને. મતલબ એ છે કે એમનો ફસાદ નક્કર છે જેમાં નેકીની ગંધ પણ નથી, અમુક ફસાદખોર એવા હોય છે કે અમુક ફસાદ કરે છે અને અમુક નેકી પણ તેમનામાં હોય છે પણ આ લોકો એવા નથી.

૨૩૪. અર્થાત વારંવાર ખૂબ જાદુ થયું છે જેના કારણે બુધ્ધિ ઠેકાણે રહી નથી. (મુઆઝલ્લાહ)

૨૩૫. પોતાની સચ્ચાઇની.

૨૩૬. રસૂલ હોવાના દાવામાં.

૨૩૭. આ બાબત તેની સાથે ટક્કર લેશો નહિ. આ એક ઊંટણી હતી જે તેમની મોઅ્જિઝો દેખાડવાની માંગણી સંતોષવા હઝરત સાલિહ અલયહિસ્સલામની દુઆથી એક પથ્થરમાંથી નીકળી હતી, તેની છાતી સાઇઠ વારની હતી, જ્યારે તેનો પીવાનો વારો આવતો ત્યારે તે ત્યાંનું બધું જ પાણી પી જતી હતી પણ જ્યારે લોકોને પીવાનો વારો આવતો ત્યારે પીતી ન હતી. (મદારિક)

૨૩૮. ન તેને મારો ન તેની ઘુંટીઓ કાપો.

માપ પુરૂં કરો અને ઓછું કરનારાઓમાં ન થાઓ[૨૫૪] (૧૮૧) અને સરખા ત્રાજવે તોળો (૧૮૨) અને લોકોની વસ્તુઓ ઓછી કરીને ન આપો અને ધરતીમાં ફસાદ ફેલાવતા ન ફરો[૨૫૫] (૧૮૩) અને તેનાથી ડરો જેણે તમને પેદા કર્યા અને આગલી મખ્લૂકને' (૧૮૪) બોલ્યા; 'તમારી ઉપર જાદુ થયો છે (૧૮૫) તમે તો નથી પણ અમારી જેવા માનવી[૨૫૬] અને બેશક ! અમે તમને જૂઠા સમજીએ છીએ (૧૮૬) તો અમારી ઉપર આકાશનો કોઇ ટુકડો પાડી દો જો તમે સાચા હોવ[૨૫૭]' (૧૮૭) ફરમાવ્યું; મારો પરવરદિગાર ખૂબ જાણે છે જે તમારાં કર્મો છે[૨૫૮]' (૧૮૮) તો તેમણે તેને જૂઠાડયો તો તેમને માંડવાના દિવસના અઝાબે ઝડપી લીધા. બેશક ! તે મહાન દિવસનો અઝાબ હતો[૨૫૯] (૧૮૯) બેશક ! એમાં અવશ્ય નિશાની છે. અને તેમનામાં વધુ પડતા મુસલમાન ન હતા (૧૯૦) અને બેશક ! તમારો રબ જ ઇજ્જતવાળો મહેરબાન છે (૧૯૧) અને બેશક ! આ કુરઆન રબ્બુલ આલમીનનું ઉતારેલું છે (૧૯૨) એને રૂહુલ અમીન લઇને ઉતર્યા[૨૬૦] (૧૯૩) તમારા દિલ પર[૨૬૧] કે તમે ડર સંભળાવો (૧૯૪) સ્પષ્ટ અરબી ભાષામાં (૧૯૫) અને બેશક ! એનું વર્ણન આગલી કિતાબોમાં છે[૨૬૨] (૧૯૬) અને શું આ તેમના

الشعراء ٢٦ وقال الذين ١٩

أَوْفُوا الْكَيْلَ وَلَا تَكُونُوا مِنَ الْمُخْسِرِينَ ۝ وَزِنُوا
بِالْقِسْطَاسِ الْمُسْتَقِيمِ ۝ وَلَا تَبْخَسُوا النَّاسَ أَشْيَاءَهُمْ
وَلَا تَعْثَوْا فِي الْأَرْضِ مُفْسِدِينَ ۝ وَاتَّقُوا الَّذِي
خَلَقَكُمْ وَالْجِبِلَّةَ الْأَوَّلِينَ ۝ قَالُوا إِنَّمَا أَنْتَ مِنَ
الْمُسَحَّرِينَ ۝ وَمَا أَنْتَ إِلَّا بَشَرٌ مِثْلُنَا وَإِنْ نَظُنُّكَ
لَمِنَ الْكَاذِبِينَ ۝ فَأَسْقِطْ عَلَيْنَا كِسَفًا مِنَ السَّمَاءِ
إِنْ كُنْتَ مِنَ الصَّادِقِينَ ۝ قَالَ رَبِّي أَعْلَمُ بِمَا
تَعْمَلُونَ ۝ فَكَذَّبُوهُ فَأَخَذَهُمْ عَذَابُ يَوْمِ الظُّلَّةِ
إِنَّهُ كَانَ عَذَابَ يَوْمٍ عَظِيمٍ ۝ إِنَّ فِي ذَٰلِكَ لَآيَةً
وَمَا كَانَ أَكْثَرُهُمْ مُؤْمِنِينَ ۝ وَإِنَّ رَبَّكَ لَهُوَ الْعَزِيزُ
الرَّحِيمُ ۝ وَإِنَّهُ لَتَنْزِيلُ رَبِّ الْعَالَمِينَ ۝ نَزَلَ بِهِ الرُّوحُ

૨૩૯. અઝાબના ઉતરાણના કારણે તે દિવસને મહાન કહ્યો જેથી જણાય કે તે દિવસનો અઝાબ એટલો મહાન અને સખત છે કે જે દિવસે તે આવ્યો તે દિવસને તેના કારણે મહાન કહેવામાં આવ્યો.

૨૪૦. ઘુંટીઓ કાપનારનું નામ કદદાર હતું અને તે લોકો તેના આ કૃત્યથી ખુશ હતા તેથી ઘુંટીઓ કાપવાનો સંબંધ તે તમામ સાથે જોડવામાં આવ્યો.

૨૪૧. ઘુંટી કાપવા બદલ અઝાબ ઉતરવાની બ્હીકે.

૨૪૨. જેની ખબર તેમને આપવામાં આવી હતી તો તેઓ નાશ પામ્યા.

૨૪૩. એનો એ અર્થ પણ થઇ શકે છે કે મખ્લૂકમાંથી આવું નીચ અને ઘૃણાસ્પદ કૃત્ય કરવા તમે જ રહી ગયા છો? જગતમાં બીજા લોકો પણ છે તેમને દેખીને તમારે શરમાવું જોઇએ. અને એવો અર્થ પણ થઇ શકે છે કે પુષ્કળ પ્રમાણમાં સ્ત્રીઓ હોવા છતાં આવા કુકૃત્યમાં સંડોવાવું અતિશય ખરાબ છે.

૨૪૪. કે હલાલ પાકને ત્યજીને હરામ ઘૃણાત્મકમાં સપડાઓ છો.

૨૪૫. શિખામણ આપવાથી અને આ કામને વગોવવાથી.

૨૪૬. શહેરમાંથી અને તમને અહીં રહેવા દેવામાં આવશે નહિ.

૨૪૭. અને એનાથી સખત શત્રુતા છે. પછી આપે બારગાહે ઇલાહીમાં દુઆ કરી...

૨૪૮. તેમના કર્મોના માઠા ફળથી બચાવ.

૨૪૯. અર્થાત આપની પુત્રીઓને અને તે તમામ લોકોને જે આપ પર ઇમાન લાવ્યા.

૨૫૦. જે આપની પત્ની હતી અને તેણી પોતાની કોમના કૃત્યથી રાજી હતી, અને જે ગુન્હાના કામ

માટે નિશાની ન હતી[૨૬૩] કે આ નબીને જાણે છે બની ઇસરાઇલના આલિમો[૨૬૪] (૧૯૭) અને જો અમે એને કોઇ બિન અરબ માણસ પર ઉતારત (૧૯૮) કે તે એમને પઢી સંભળાવત તો પણ એના પર ઇમાન લાવત નહિ[૨૬૫] (૧૯૯) અમે આવી જ રીતે જૂઠાડવું પરોવી દીધું છે મુજરિમોના હૃદયોમાં[૨૬૬] (૨૦૦) તેઓ આના પર ઇમાન નહિ લાવે એટલે સુધી કે જુએ દુઃખદાયક અઝાબ (૨૦૧) તો એ ઓચિંતો જ તેમના પર આવી ચઢશે અને તેમને ખબર નહિ થાય (૨૦૨) તો કહેશે; 'શું અમને કંઇક મેહતલ મળશે[૨૬૭]?' (૨૦૩) શું અમારા અઝાબની ઉતાવળ કરે છે? (૨૦૪) જુઓ તો ખરા જો અમે અમુક વરસો તેમને વાપરવા દઇએ[૨૬૮] (૨૦૫) પછી તેમની ઉપર તે આવે જેનો એમને વાયદો આપવામાં આવે છે[૨૬૯] (૨૦૬) તો શું જે વાપરતા હતા તે તેમને ખપ લાગવાનું છે[૨૭૦]? (૨૦૭) અને અમે કોઇ આબાદીનો નાશ કર્યો નહિ જેના ડર સંભળાવનાર હોય નહિ (૨૦૮) નસીહત માટે, અને અમે જુલ્મ કરતા નથી[૨૭૧] (૨૦૯)



الامين ﴿١٩٣﴾ على قلبك لتكون من المنذرين ﴿١٩٤﴾
بلسان عربي مبين ﴿١٩٥﴾ وانه لفي زبر الاولين ﴿١٩٦﴾
اولم يكن لهم اية ان يعلمه علمؤا بني اسرائيل ﴿١٩٧﴾
ولو نزلنه على بعض الاعجمين ﴿١٩٨﴾ فقراه عليهم ما
كانوا به مؤمنين ﴿١٩٩﴾ كذلك سلكنه في قلوب
المجرمين ﴿٢٠٠﴾ لا يؤمنون به حتى يروا العذاب الاليم ﴿٢٠١﴾
فياتيهم بغتة وهم لا يشعرون ﴿٢٠٢﴾ فيقولوا هل
نحن منظرون ﴿٢٠٣﴾ افبعذابنا يستعجلون ﴿٢٠٤﴾ افرءيت
ان متعنهم سنين ﴿٢٠٥﴾ ثم جاءهم ما كانوا يوعدون ﴿٢٠٦﴾
ما اغنى عنهم ما كانوا يمتعون ﴿٢٠٧﴾ وما اهلكنا من قرية
الا لها منذرون ﴿٢٠٨﴾ ذكرى وما كنا ظلمين ﴿٢٠٩﴾

પર રાજી હોય તે પણ ગુન્હેગારના હુકમમાં છે તેથી જ તેણી અઝાબમાં પકડાઇ ગઇ અને તેણીને નજાત મળી નહિ.

૨૫૧. પથ્થરોની અથવા ગંધક અને આગની.

૨૫૨. એ વન મદયનની નજીક હતું તેમાં ઘણા ઝાડો અને ઝાડીઓ હતી. અલ્લાહ તઆલાએ હઝરત શુએબ અલયહિસ્સલામને તેમની તરફ મોકલ્યા હતા. અને એ લોકો હઝરત શુએબ અલયહિસ્સલામની કોમના ન હતા.

૨૫૩. આ બધા જ નબીઓના નિમંત્રણનું શિર્ષક આવું જ રહ્યું કારણ કે તે લોકો અલ્લાહ તઆલાના ખોફ અને તેની આજ્ઞા પાલન અને ઇબાદતમાં નિખાલસ રહેવાનો હુકમ આપતા રહ્યા અને રિસાલત પહોંચાડવા બદલ કોઇ વળતર લેતા ન હતા માટે બધાએ આવું જ ફરમાવ્યું.

૨૫૪. લોકોના હક્કો ઓછા કરો નહિ માપ તોલમાં.

૨૫૫. લૂંટફાટ અને ધાડ પાડીને અને ખેતીઓ બરબાદ કરીને. તે લોકોની આદતો આવી જ હતી હઝરત શુએબ અલયહિસ્સલામે તેમને આનાથી રોક્યા.

૨૫૬. નબુવ્વતનો ઇન્કાર કરનાર સામાન્ય રીતે નબીઓને આવું જ કહેતા હતા. જેમ કે આજકાલ અમુક ખરાબ અકીદાવાળાઓ કહે છે.

૨૫૭. નબુવ્વતના દાવામાં.

૨૫૮. અને તમે જે અઝાબના લાયક છો. તે જે અઝાબ ઇચ્છશે તે તમારી ઉપર ઉતરશે.

૨૫૯. જે એવી રીતે બન્યુ કે તેમને અતિશય ગરમી લાગી પવન બંધ થઇ ગયો અને સાત દિવસ સુધી ગરમીના અઝાબમાં સપડાએલા રહ્યા, ભોંયરાઓમાં જતા ત્યાં ઓર વધારે ગરમી લાગતી. ત્યાર પછી એક વાદળ આવ્યું બધા જ તેની નીચે આવીને એકત્ર થઇ ગયા. તેમાંથી આગનો વરસાદ થયો અને બધા જ બળી મુઆ. આ બનાવનું વર્ણન સૂરએ અઅરાફ અને સૂરએ હૂદમાં પસાર થઇ ગયુ છે.

૨૬૦. રૂહુલ અમીન એટલે હઝરત જિબ્રઇલ અલયહિસ્સલામ જે વહીના અમીન છે.

૨૬૧. જેથી આપ એને સંભાળી રાખો અને સમજો અને ભૂલો નહિ. દિલની વિશેષતા એટલા માટે છે કે વાસ્તવમાં એ જ સંબોધિત છે અને સમજદારી, બુધ્ધિ અને અધિકારનું સ્થાન પણ એ જ છે બધા જ અવયવો એને તાબે અને એના આજ્ઞાંકિત છે હદીષ શરીફમાં છે કે દિલ સારૂં થઇ જાય તો સમગ્ર શરીર સારૂં બને છે અને એના ખરાબ થવાથી આખું ખોળીયું ખરાબ થાય છે. તેમ જ હર્ષ, ખુશી અને દુઃખનું સ્થાન પણ દિલ છે. જ્યારે દિલને ખુશી થાય છે ત્યારે બધા અવયવો પર એનો અસર થાય છે. તો એ આગેવાન ઠર્યું અને બુધ્ધિનું સ્થાન હોવાથી એક માત્ર સરદાર થયું અને કાર્યો ન કરવાનો સંબંધ બુધ્ધિ અને સમજદારી સાથે જોડાએલો હોવાથી એ દિલ સાથે સંબંધિત થયું.

૨૬૨. 'ઇન્નહુ' (બેશક ! એનું) માં જો ઇશારો કુરઆન શરીફ તરફ હોય તો અર્થ એ થયો કે એનું વર્ણન બધીય આકાશી કિતાબોમાં છે. અને જો ઇશારો સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ તરફ હોય તો અર્થ એ થશે કે આગલી કિતાબોમાં આપના વખાણ અને ગુણોનું વર્ણન કરાએલું છે.

૨૬૩. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની નબુવ્વતની સચ્ચાઇની.

૨૬૪. પોતાની કિતાબોના આધારે. અને લોકોને ખબરો આપે છે. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ ફરમાવ્યું કે; મક્કાવાસીઓએ મદીનાના યહૂદીઓ પાસે પોતાના વિશ્વાસુ માણસોને એવું પૂછવા માટે મોકલ્યા કે શું મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ બાબત તમારી કિતાબોમાં કંઇ ખબર છે? એનો જવાબ યહૂદી આલિમોએ એવો આપ્યો કે; આ તેમનો જ સમય છે અને તેમની તારીફ અને ગુણો તવરાતમાં મૌજૂદ છે. યહૂદી આલિમોમાંથી હઝરત અબ્દુલ્લાહ બિન સલામ અને ઇબ્ને યામીન અને સઅલબા અને અસદ અને ઉસેદ વિગેરે જેમણે તવરાતમાં હુઝૂરના ગુણો અને તારીફ વાંચી હતી તેઓ હુઝૂર પર ઇમાન લઇ આવ્યા.

૨૬૫. અર્થ એ છે કે અમે આ કુરઆન શરીફ એક સ્વચ્છભાષી અરબી નબી પર ઉતાર્યું જેની ભાષાની ઉચ્ચતા અરબવાળાઓને માન્ય છે અને તેઓ જાણે છે કે કુરઆન મજીદ ચમત્કારિત છે અને એના જેવી એક સૂરત બનાવવા માટે પણ જગત અશક્ત છે. એ ઉપરાંત એહલે કિતાબના આલિમોની એકમતી છે કે એના ઉતરાણ પહેલાં એના ઉતરવાની ખુશ ખબર અને આ નબીના ગુણ એમની કિતાબોમાં એમને મળી ચૂક્યાં છે. આનાથી સ્પષ્ટ રીતે સાબિત થાય છે કે આ નબી અલ્લાહના મોકલેલા છે અને આ કિતાબ અલ્લાહની ઉતારેલી છે અને કાફિરો જે તરેહવારની વાતો આ કિતાબ બાબત કરે છે તે ખોટી છે અને કાફિરો પોતે પણ બાઘા બની ગયા છે કે આના વિરૂધ્ધ શું કહીએ? તેથી કદીક એને આગલાઓની વાર્તાઓ કહે છે, કદી કાવ્યરચના કદી જાદુ અને કોઇવાર એ-કે મુઆઝલ્લાહ એ તો સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે પોતે બનાવી કાઢયું છે અને ખોટી રીતે એનો સંબંધ અલ્લાહ તઆલા તરફ જોડી દીધો છે. આ જાતના બેહુદા વાંધાવચકા જક્કી વિરોધી દરેક હાલતમાં કાઢી શકે છે એટલે સુધી કે જો આ કુરઆન શરીફ કોઇ બિનઅરબ પર ઉતારવામાં આવ્યું હોત જે અરબીની આવડત ન ધરાવતો હોત અને છતાં તે આવું ચમત્કારિત કુરઆન

وَمَا تَنَزَّلَتْ بِهِ الشَّيٰطِيْنُ ﴿٢١٠﴾ وَمَا يَنۢبَغِيْ لَهُمْ وَمَا
يَسْتَطِيْعُوْنَ ﴿٢١١﴾ اِنَّهُمْ عَنِ السَّمْعِ لَمَعْزُوْلُوْنَ ﴿٢١٢﴾ فَلَا
تَدْعُ مَعَ اللّٰهِ اِلٰهًا اٰخَرَ فَتَكُوْنَ مِنَ الْمُعَذَّبِيْنَ ﴿٢١٣﴾
وَاَنْذِرْ عَشِيْرَتَكَ الْاَقْرَبِيْنَ ﴿٢١٤﴾ وَاخْفِضْ جَنَاحَكَ
لِمَنِ اتَّبَعَكَ مِنَ الْمُؤْمِنِيْنَ ﴿٢١٥﴾ فَاِنْ عَصَوْكَ فَقُلْ اِنِّيْ
بَرِيْٓءٌ مِّمَّا تَعْمَلُوْنَ ﴿٢١٦﴾ وَتَوَكَّلْ عَلَى الْعَزِيْزِ الرَّحِيْمِ ﴿٢١٧﴾
الَّذِيْ يَرٰىكَ حِيْنَ تَقُوْمُ ﴿٢١٨﴾ وَتَقَلُّبَكَ فِي السّٰجِدِيْنَ ﴿٢١٩﴾
اِنَّهٗ هُوَ السَّمِيْعُ الْعَلِيْمُ ﴿٢٢٠﴾ هَلْ اُنَبِّئُكُمْ عَلٰى مَنْ
تَنَزَّلُ الشَّيٰطِيْنُ ﴿٢٢١﴾ تَنَزَّلُ عَلٰى كُلِّ اَفَّاكٍ اَثِيْمٍ ﴿٢٢٢﴾
يُّلْقُوْنَ السَّمْعَ وَاَكْثَرُهُمْ كٰذِبُوْنَ ﴿٢٢٣﴾ وَالشُّعَرَآءُ يَتَّبِعُهُمُ
الْغَاوٗنَ ﴿٢٢٤﴾ اَلَمْ تَرَ اَنَّهُمْ فِيْ كُلِّ وَادٍ يَّهِيْمُوْنَ ﴿٢٢٥﴾

અને આ કુરઆન લઇને શયતાન ઉતર્યા નથી[૨૭૨] અને તે એના માટે શક્તિમાન નથી[૨૭૩] અને ન તેઓ આવું કરી શકે છે[૨૭૪] (૨૧૧) તેઓ તો સાંભળવાની જગ્યાએથી હડસેલી દેવામાં આવ્યા છે[૨૭૫] (૨૧૨) તો તુ અલ્લાહ સિવાય બીજો ખુદા ન પૂજ નહિ તો તારા પર અઝાબ થશે (૨૧૩) અને અય મહબૂબ ! પોતાના ખૂબ નજીકના સગાંઓને ડરાવો (૨૧૪) અને પોતાની રહમતનું પડખું પાથરો[૨૭૬] પોતાના અનુયાયી મુસલમાનો માટે[૨૭૭] (૨૧૫) તો જો તેઓ તમારો હુકમ માને નહિ તો કહી દો; 'હું તમારાં કાર્યોથી અલિપ્ત છું' (૨૧૬) અને તેની ઉપર વિશ્વાસ રાખો જે ઇજ્જતવાળો મહેરબાન છે[૨૭૮] (૨૧૭) જે તમને જુએ છે જ્યારે તમે ઉભા થાવ છો[૨૭૯] (૨૧૮) અને નમાઝીઓમાં તમારા દોરાને[૨૮૦] (૨૧૯) બેશક ! તે જ સાંભળતો જાણતો છે[૨૮૧] (૨૨૦) શું હું તમને કહી દઉં કે શયતાનો કોની ઉપર ઉતરે છે? (૨૨૧) ઉતરે છે પ્રત્યેક મોટા આક્ષેપબાજ ગુન્હેગાર પર[૨૮૨] (૨૨૨) શયતાનો પોતાની સાંભળેલી[૨૮૩] (વાતો) તેમની ઉપર નાંખે છે અને તેમાંના વધારે પડતા જૂઠા છે[૨૮૪] (૨૨૩) અને શાયરોનું અનુકરણ ગુમરાહો કરે છે[૨૮૫] (૨૨૪) શું તમે જોયું નહિ કે તેઓ દરેક નાળામાં ગાંડાની જેમ રખડે છે?[૨૮૬] (૨૨૫)

પઢીને સંભળાવતો હોત તો પણ આ લોકો આવી જ રીતે કુફ્ર કરત જેવી રીતે કે હમણાં કુફ્ર અને ઇન્કાર કર્યો છે કારણ કે તેમના કુફ્ર અને ઇન્કારનું કારણ અદેખાઇ અને હઠ છે.

૨૬૬. અર્થાત આ કાફિરોનું કુફ્ર કરવું અને કુફ્ર પર અડયું રહેવું અમારી જાણમાં છે તો તેમના માટે હિદાયતનો ગમે તે રસ્તો અખત્યાર કરવામાં આવે તો પણ તેઓ કુફ્રમાંથી પાછા વળવાના નથી.

૨૬૭. જેથી અમે ઇમાન લાવીએ અને સત્યતાને ટેકો આપીએ. પણ તે સમયે મેહતલ મળશે નહિ. જ્યારે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે કાફિરોને આ અઝાબની ખબર આપી ત્યારે ઠેકડી ઉડાડતાં કહેવા લાગ્યા; 'આ અઝાબ ક્યારે આવશે?' તે સંબંધે અલ્લાહ તઆલા ફરમાવે છે....

૨૬૮. અને સત્વરે નાશ ન કરીએ.

૨૬૯. અર્થાત અલ્લાહનો અઝાબ.

૨૭૦. અર્થાત દુનિયાનું જીવન અને ઐશ. ભલે પછી લાંબા સમય સુધી હોય પણ તે ન અઝાબને ટાળી શકશે ન તેની સખ્તાઇને ઓછી કરી શકશે.

૨૭૧. પ્રથમ દલીલ સ્થાપિત કરી દઇએ છીએ ડર સંભળાવનારાઓને મોકલી આપીએ છીએ ત્યાર પછી પણ જે લોકો માર્ગ પર આવતા નથી સત્યને સ્વીકારતા નથી તેમને અઝાબ કરીએ છીએ.

૨૭૨. આમાં કાફિરોને રદીયો અપાયો છે જેઓ કહેતા હતા કે જેવી રીતે શયતાનો જ્યોતિષીઓ પાસે આકાશી ખબરો લઇને આવે છે તેવી જ રીતે મુઆઝલ્લાહ હઝરત સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ પાસે કુરઆન લાવે છે. આ આયતમાં તેમના એ ખ્યાલને અસત્ય કહેવામાં આવ્યો કે ગલત છે.

وانهم يقولون ما لا يفعلون ﴿٢٢٦﴾ الا الذين امنوا
وعملوا الصلحت وذكروا الله كثيرا وانتصروا من
بعد ما ظلموا وسيعلم الذين ظلموا اى
منقلب ينقلبون ﴿٢٢٧﴾

سورة النمل — بسم الله الرحمن الرحيم

طس تلك ايت القران وكتاب مبين ﴿١﴾ هدى
وبشرى للمؤمنين ﴿٢﴾ الذين يقيمون الصلوة
ويؤتون الزكوة وهم بالاخرة هم يوقنون ﴿٣﴾ ان
الذين لا يؤمنون بالاخرة زينا لهم اعمالهم
فهم يعمهون ﴿٤﴾ اولئك الذين لهم سوء
العذاب وهم في الاخرة هم الاخسرون ﴿٥﴾

અને તેઓ કહે છે જે કરતા નથી[૨૮૭] (૨૨૬) પરંતુ તેઓ જે ઇમાન લાવ્યા અને સદકર્મો કર્યા[૨૮૮] અને ખૂબ અલ્લાહની યાદ કરી[૨૮૯] અને બદલો લીધો[૨૯૦] એ પછી કે તેમની ઉપર જુલમ થયો[૨૯૧]. અને હમણાં જ જાણી જશે જાલિમ[૨૯૨] કે ક્યા પડખે પલ્ટો ખાશે[૨૯૩] (૨૨૭)

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૨૯૪]**

આ આયતો છે કુરઆન અને સ્પષ્ટ કિતાબની[૨૯૫] (૧) ઇમાનવાળાઓને હિદાયત અને ખુશ ખબર (૨) તેઓ જે નમાઝ સ્થાપિત રાખે છે[૨૯૬] અને ઝકાત આપે છે[૨૯૭] અને તેઓ આખિરત પર શ્રધ્ધા રાખે છે (૩) તેઓ જે આખિરત પર ઇમાન લાવતા નથી અમે તેમનાં કર્મો તેમની દ્રષ્ટિમાં સારાં કરી દેખાડયાં છે[૨૯૮] તો તેઓ ભટકી રહ્યા છે (૪) આ તેઓ છે જેમના માટે મોટો અઝાબ છે[૨૯૯] અને તેઓ જ આખિરતમાં બધાંથી વધીને ખોટમાં છે (૫)

૨૭૩. કે કુરઆન લાવે.

૨૭૪. કારણ કે એ તેમની મગદુર બહારનું છે.

૨૭૫. અર્થાત અમ્બિયા અલયહિમુસ્સલામ તરફ જે વહી થાય છે તેને અલ્લાહ તઆલાએ સુરક્ષિત કરી દીધું જ્યાં સુધી કે ફરિશ્તો તેને બારગાહે રિસાલતમાં પહોંચાડે, ત્યાર પહેલાં શયતાનો તેને સાંભળી શકતા નથી. ત્યાર પછી હવે અલ્લાહ તઆલા પોતાના બંદાઓને ફરમાવે છે.

૨૭૬. અર્થાત મહેરબાની અને નરમાશ કરો.

૨૭૭. જેઓ સચ્ચાઇપૂર્વક અને નિખાલસતાથી તમારી ઉપર ઇમાન લાવે પછી તે તમારી સાથે સગાઇના સંબંધો ધરાવતા હોય કે ન ધરાવતા હોય.

૨૭૮. અર્થાત અલ્લાહ તઆલા. તમે પોતાના બધાં જ કામો તેને સુપ્રત કરી દો.

૨૭૯. નમાઝ માટે અથવા દુઆ માટે અથવા પ્રત્યેક તે સ્થાને જ્યાં તમે છો.

૨૮૦. જ્યારે તમે તહજ્જુદ પઢનાર પોતાના અસહાબની હાલતો નિહાળવા રાત્રે નીકળો છો. અમુક તફસીરકારોએ કહ્યું છે કે; જ્યારે તમે ઇમામ બનીને નમાઝ પઢાવો છો અને કિયામ રૂકૂઅ સિજદા અને કાયદામાંથી પસાર થાઓ છો. અમુક તફસીરકારોએ કહ્યું છે કે; તે નમાઝમાં આપની આંખોને ફરતી જુએ છે કારણ કે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ આગળ પાછળ સરખી રીતે દેખતા હતા. અને હઝરત અબૂ હુરેરહ દ્વારા બયાન થએલી હદીષમાં છે કે; ખુદાની કસમ! મારાથી તમારી એકાગ્રતા અને રૂકૂઅ કશું છાનું નથી હું તમને મારી પીઠ પાછળ જોઉં છું. અમુક તફસીરકારોએ કહ્યું છે કે; આ આયતમાં 'સાજિદીન'નો

મતલબ 'મુઅ્મિનીન' છે અને અર્થ એ છે કે હઝરત આદમ અને હવ્વા અલયહિસ્સલામના સમયથી લઇને હઝરત અબ્દુલ્લાહ અને આમિના ખાતૂન સુધી મુઅમિનીનની પીઠો અને પેટો (ઉદરો)માં તમારા દૌરાને (ભ્રમણને) નિહાળી રહ્યો છે. આથી સાબિત થયું કે આપનાં તમામ મૂળ વડવાંઓ બાપ-દાદા હઝરત આદમ અલયહિસ્સલામ સુધી બધાં જ મુઅમિન છે. (મદારિક અને જુમલ વિ.)

૨૮૧. તમારી વાણી તમારા વર્તન અને તમારી નિય્યતોને. ત્યાર પછી અલ્લાહ તઆલા તે મુશ્રિકોના જવાબમાં જેઓ કહેતા હતા કે મોહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ) પર શયતાનો ઉતરે છે. ફરમાવે છે.....

૨૮૨. મુસૈલ્મા જેવા જ્યોતિષીઓ વિગેરે પર.

૨૮૩. જે એમણે ફરિશ્તાઓ પાસેથી (છાની રીતે) સાંભળી લીધેલી હોય છે.

૨૮૪. કારણ કે તેઓ ફરિશ્તાઓ પાસેથી સાંભળી લીધેલી વાતોમાં પોતાના તરફથી ઘણુ જૂઠ ભેળવી દેતા હોય છે. હદીષ શરીફમાં છે કે એક વાત સાંભળે છે તો ૧૦૦ જૂઠ તેની સાથે ભેળવી દે છે, અને આવું પણ તે સમય સુધી જ હતું જ્યાં સુધી તેઓ આકાશમાં પહોંચવાથી અટકાવી દેવામાં આવ્યા ન હતા.

૨૮૫. તેઓની કાવ્ય રચનાઓ બાબત કે એવી રચનાઓને બોલે છે પ્રસિધ્ધ કરે છે તે રચનાઓ જૂઠ અને અસત્ય હોવા છતાં.

**શાને નુઝૂલ** :- આ આયત કાફિર શાયરો વિષે ઉતરી જેઓ સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની બુરાઇ વર્ણવતી કવિતાઓ રચતા હતા અને કહેતા હતા કે; જેવું (કલામ) મોહંમદ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ) બનાવે છે તેવું અમે પણ બનાવીએ છીએ અને તેમની કોમના ગુમરાહ લોકો તેમની પાસેથી આવી રચનાઓ નકલ કરી લેતા હતા. આ આયતમાં તે લોકોને વગોવવામાં આવ્યા.

૨૮૬. અને દરેક જાતની જૂઠી વાતો બનાવે છે અને દરેક અર્થહિન અને અસત્ય વિષયમાં કવિતાઓ રચે છે. જૂઠા વખાણ કરે છે જૂઠી બુરાઇ કરે છે.

૨૮૭. બુખારી અને મુસ્લિમની હદીષમાં છે કે; જો કોઇનું પેટ પરૂથી ભરાઇ જાય તો એ તેના માટે એનાથી સારૂં છે કે તે શાયરીથી ભરેલું હોય. મુસલમાન શાયરો જે આવી રીતભાતથી વેગળા રહે છે તેમનો આ હુકમમાંથી અપવાદ કરવામાં આવ્યો.....

૨૮૮. આમાં ઇસ્લામના શાયરોનો અપવાદ કરવામાં આવ્યો, તેઓ હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની નઅતો લખે છે, અલ્લાહ તઆલાની હમ્દ લખે છે, ઇસ્લામના વખાણ લખે છે, નસીહત અને શિખામણ(ની વાતો) લખે છે, એ બદલ નેકી અને સવાબ મેળવે છે. બુખારી શરીફમાં છે કે; મસ્જિદે નબવીમાં હઝરત હસ્સાન માટે મિમ્બર બિછાવવામાં આવતું હતું તેઓ તેની ઉપર ઉભા થઇને હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ગર્વ લેવા જેવાં કરેલાં કામોનો ઉલ્લેખ (કાવ્યોમાં) કરતા હતા અને કાફિરોની બદગોઇના જવાબો (કાવ્યોમાં) આપતા હતા અને સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ તેમના માટે દુઆ કર્યે જતા હતા.

બુખારીની હદીષમાં છે કે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું; અમુક શાયરી હિકમત (બુધ્ધિસભર) હોય છે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની મજલિસ શરીફમાં ઘણા વખતે શાયરી બોલવામાં આવતી હતી, જેવી રીતે કે તિરમિઝીમાં જાબિર બિન સમુરહના હવાલાથી બયાન કરાએલું છે કે હઝરત આઇશહ સિદ્દીકહ રદીયલ્લાહુ તઆલા અન્હાએ ફરમાવ્યું કે; શાયરી કલામ છે અમુક

وَإِنَّكَ لَتُلَقَّى الْقُرْآنَ مِنْ لَدُنْ حَكِيمٍ عَلِيمٍ ﴿٦﴾ إِذْ
قَالَ مُوسَىٰ لِأَهْلِهِ إِنِّي آنَسْتُ نَارًا سَآتِيكُمْ مِنْهَا بِخَبَرٍ
أَوْ آتِيكُمْ بِشِهَابٍ قَبَسٍ لَعَلَّكُمْ تَصْطَلُونَ ﴿٧﴾ فَلَمَّا جَاءَهَا
نُودِيَ أَنْ بُورِكَ مَنْ فِي النَّارِ وَمَنْ حَوْلَهَا وَسُبْحَانَ
اللَّهِ رَبِّ الْعَالَمِينَ ﴿٨﴾ يَا مُوسَىٰ إِنَّهُ أَنَا اللَّهُ الْعَزِيزُ الْحَكِيمُ ﴿٩﴾
وَأَلْقِ عَصَاكَ فَلَمَّا رَآهَا تَهْتَزُّ كَأَنَّهَا جَانٌّ وَلَّىٰ مُدْبِرًا
وَلَمْ يُعَقِّبْ يَا مُوسَىٰ لَا تَخَفْ إِنِّي لَا يَخَافُ لَدَيَّ
الْمُرْسَلُونَ ﴿١٠﴾ إِلَّا مَنْ ظَلَمَ ثُمَّ بَدَّلَ حُسْنًا بَعْدَ سُوءٍ
فَإِنِّي غَفُورٌ رَحِيمٌ ﴿١١﴾ وَأَدْخِلْ يَدَكَ فِي جَيْبِكَ تَخْرُجْ
بَيْضَاءَ مِنْ غَيْرِ سُوءٍ فِي تِسْعِ آيَاتٍ إِلَىٰ فِرْعَوْنَ
وَقَوْمِهِ إِنَّهُمْ كَانُوا قَوْمًا فَاسِقِينَ ﴿١٢﴾ فَلَمَّا جَاءَتْهُمْ آيَاتُنَا

અને બેશક ! તમે કુરઆન શિખવાડવામાં આવો છો હિકમતવાળા ઇલ્મવાળા તરફથી[૩૦૦] (૬) જ્યારે કે મૂસાએ પોતાની પત્નીને કહ્યું[૩૦૧]; 'મને એક આગ દ્રષ્ટિગોચર થઇ છે, નજીકમાં જ હું તમારી પાસે એની કોઇ ખબર લાવું છું અથવા તેમાંથી કોઇ ચળકતી ચિંગારી લાવીશ કે તમે તાપો[૩૦૨]' (૭) પછી જ્યારે આગની પાસે આવ્યો, પોકારવામાં આવ્યું; 'તેને બરકત આપવામાં આવી જે આ આગના દર્શનસ્થાનમાં છે (એટલે મૂસા) અને તેઓને જે એની આજુ બાજુ છે (અર્થાત ફરિશ્તાઓ[૩૦૩]). અને પવિત્રતા છે અલ્લાહને જે રબ છે સારાય જહાનનો (૮) અય મૂસા ! વાત એમ છે કે હું જ અલ્લાહ છું ઇજ્જતવાળો હિકમતવાળો (૯) અને પોતાનો અસો નાખી દે[૩૦૪]' પછી મૂસાએ તેને જોયો લહેરાતો જાણે કે સાપ છે, પીઠ ફેરવીને ચાલ્યો અને વળીને જોયું નહિ. અમે ફરમાવ્યું; 'અય મૂસા બ્હીશ નહિ, બેશક ! મારી સમક્ષ રસૂલોને બ્હીક હોતી નથી[૩૦૫] (૧૦) હા! જે કોઇ વધારે પડતું કરે[૩૦૬] પછી અનિષ્ટ (કર્યા) બાદ (તેને) ભલાઇથી બદલે તો બેશક ! હું માફ કરનાર મહેરબાન છું[૩૦૭] (૧૧) અને પોતાનો હાથ પોતાના ગરેવાનમાં નાખ સફેદ ચળકતો ઐબ વગરનો નીકળશે[૩૦૮], નવ નિશાનીઓમાં, ફિરઔન

સારૂં હોય છે અમુક ખરાબ, સારાને લો બુરાને છોડો. શુઅબીએ કહ્યું છે કે; હઝરત અબૂબક્ર સિદ્દીક રદીયલ્લાહુ તઆલા અન્હૂ કાવ્યો રચતા હતા, હઝરત અલી રદીયલ્લાહુ તઆલા અન્હૂ તે તમામમાં સહૂથી વધારે કાવ્યો રચનાર હતા.

૨૮૯. અને શાયરી તેમના માટે અલ્લાહનું ઝિકર છોડીને ગફલત અખત્યાર કરવાનું કારણ બની શકે નહિ બલ્કે તે લોકોએ જ્યારે પણ કોઇ કાવ્ય રચ્યું તો તે અલ્લાહની હમ્દ, નબીની નઅત, સહાબા અને નેક લોકોના વખાણ તેમજ હિકમત નસીહત પરહેઝગારી અને અદબ બાબત રચ્યું.

૨૯૦. કાફિરો પાસેથી તેમણે જે બુરાઇની શાયરી લખી હતી તેનો.

૨૯૧. કાફિરો તરફથી કે તેમણે મુસલમાનો અને તેમના આગેવાનોની બુરાઇ કરી, આ લોકોએ તેમની રક્ષા કરી અને તેમને જવાબો આપ્યા. આ વસ્તુ ખરાબ નથી બલ્કે સવાબને પાત્ર છે. હદીષ શરીફમાં છે કે; મુઅ્મિન પોતાની તલ્વાર વડે પણ જિહાદ કરે છે અને પોતાની જીભ વડે પણ. આ તે લોકોનું જિહાદ છે.

૨૯૨. અર્થાત મુશ્રિકો જેમણે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની બુરાઇ બાબત કાવ્યો રચ્યાં.

૨૯૩. મૃત્યુ પછી. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ ફરમાવ્યું; જહન્નમ તરફ અને તે અતિશય ખરાબ સ્થાન છે.

૨૯૪. સૂરએ નમલ મક્કીય્યહ છે. એમાં ૭ રૂકૂઅ ૯૩ આયતો ૧૩૧૭ શબ્દો અને ૪૭૯૯ અક્ષરો છે.

૨૯૫. જે સત્ય અને અસત્ય વચ્ચે ભેદરેખા દોરે છે. અને જેમાં વિદ્યાઓ અને બુધ્ધિમતા મૂકવામાં આવ્યાં છે.

અને તેની કોમ તરફ બેશક ! તેઓ અનાજ્ઞાંકિત લોકો છે' (૧૨) પછી જ્યારે અમારી નિશાનીઓ આંખો ઉઘાડતી તેમની પાસે આવી[૩૦૯], બોલ્યા; 'આ તો ચોખ્ખું જાદુ છે' (૧૩) અને તેને નકારનાર બન્યા જુલ્મ અને ઘમંડના કારણે અને તેમના દિલોમાં તો તેનું યકીન હતું[૩૧૦]. તો જુઓ ફસાદીઓનું પરિણામ કેવું આવ્યું[૩૧૧]? (૧૪) અને બેશક ! અમે દાવૂદ અને સુલેમાનને મહાજ્ઞાન આપ્યું[૩૧૨] અને બન્નેએ કહ્યું; 'બધીય ખૂબીઓ અલ્લાહને જેણે અમને પોતાના ઘણા ઇમાનવાળા બન્દાઓ પર શ્રેષ્ઠતા આપી[૩૧૩] (૧૫) અને વારસદાર બન્યો સુલેમાન દાવૂદનો[૩૧૪] અને કહ્યું; 'અય લોકો! અમને પક્ષીઓની બોલી શિખવાડવામાં આવી છે અને પ્રત્યેક વસ્તુમાંથી અમને આપવામાં આવ્યું[૩૧૫]. બેશક ! આ જાહેર શ્રેષ્ઠતા છે[૩૧૬] (૧૬) અને એકત્ર કરવામાં આવ્યા સુલેમાન માટે તેનાં સૈન્યો જિન્નાત અને માનવીઓ અને પક્ષીઓમાંથી તો તેઓ થોભવવામાં આવતાં હતાં[૩૧૭] (૧૭) એટલે સુધી કે જ્યારે કીડીઓના નાળા પર આવ્યા[૩૧૮] એક કીડી બોલી[૩૧૯]; 'અય કીડીઓ પોતાનાં ઘરોમાં પેસી જાવ તમને સુલેમાન અને તેમનાં સૈન્યો અજ્ઞાનતામાં કચડી નાખે નહિ[૩૨૦]' (૧૮)

النمل ٢٧ — وقال الذين ١٩

مُبْصِرَةً قَالُوا هٰذَا سِحْرٌ مُّبِينٌ ﴿١٣﴾ وَجَحَدُوا بِهَا
وَاسْتَيْقَنَتْهَا أَنفُسُهُمْ ظُلْمًا وَعُلُوًّا فَانظُرْ كَيْفَ
كَانَ عَاقِبَةُ الْمُفْسِدِينَ ﴿١٤﴾ وَلَقَدْ آتَيْنَا دَاوُودَ
وَسُلَيْمٰنَ عِلْمًا وَقَالَا الْحَمْدُ لِلّٰهِ الَّذِي فَضَّلَنَا عَلٰى
كَثِيرٍ مِّنْ عِبَادِهِ الْمُؤْمِنِينَ ﴿١٥﴾ وَوَرِثَ سُلَيْمٰنُ دَاوُودَ
وَقَالَ يٰأَيُّهَا النَّاسُ عُلِّمْنَا مَنطِقَ الطَّيْرِ وَأُوتِينَا مِن
كُلِّ شَيْءٍ إِنَّ هٰذَا لَهُوَ الْفَضْلُ الْمُبِينُ ﴿١٦﴾ وَحُشِرَ
لِسُلَيْمٰنَ جُنُودُهُ مِنَ الْجِنِّ وَالْإِنسِ وَالطَّيْرِ
فَهُمْ يُوزَعُونَ ﴿١٧﴾ حَتّٰى إِذَا أَتَوْا عَلٰى وَادِ النَّمْلِ
قَالَتْ نَمْلَةٌ يٰأَيُّهَا النَّمْلُ ادْخُلُوا مَسٰكِنَكُمْ لَا
يَحْطِمَنَّكُمْ سُلَيْمٰنُ وَجُنُودُهُ وَهُمْ لَا يَشْعُرُونَ ﴿١٨﴾

૨૯૬. અને તેને હમેશાં પઢયા કરે છે અને તેની શરતો તેના અદબો અને બીજા હકકોની સંભાળ લે છે.

૨૯૭. દિલની ખુશીથી.

૨૯૮. કે તેઓ પોતાની બુરાઇઓને મનેચ્છાના કારણે ભલાઇઓ સમજે છે.

૨૯૯. દુનિયામાં કતલ અને કેદ...

૩૦૦. આના પછી હઝરત મૂસા અલયહિસ્સલામનો એક બનાવ વર્ણવવામાં આવે છે જેમાં ઇલ્મની બારીકીઓ અને હિકમતની રસસભર વાતો બયાન કરવામાં આવી છે.

૩૦૧. મદાયન તરફથી મિસર તરફ સફર કરતાં અંધારી રાતમાં જ્યારે કે બરફવર્ષાના કારણે બહુ જ ઠંડી હતી અને માર્ગ ખોવાઇ ગયો હતો અને આપનાં પત્નીને પ્રસવ વેદના શરૂ થઇ ગઇ હતી.

૩૦૨. અને ટાઢની તકલીફથી શાંતિ મેળવો.

૩૦૩. આ હઝરત મૂસા અલયહિસ્સલામ માટે સલામી છે અલ્લાહ તઆલા તરફથી બરકત સાથે.

૩૦૪. જેમકે હઝરત મૂસા અલયહિસ્સલામે અલ્લાહના હુકમથી અસો નાંખી દીધો અને તે સાપ બની ગયો.

૩૦૫. નતો સાપની ન બીજી કોઇ વસ્તુની. અર્થાત જ્યારે હું તેમને આશરો આપું તો પછી શી બ્હીક?

૩૦૬. તેને બ્હીક હશે. અને તે પણ જો તવબહ કરે...

૩૦૭. તવબહ કબૂલ કરૂં છું અને માફ કરી દઉં છું. ત્યાર પછી હઝરત મૂસા અલયહિસ્સલામને બીજી નિશાનીઓ દેખાડવામાં આવી અને ફરમાવવામાં આવ્યું...

તો તેની વાતથી સ્મિત વેરી રહ્યો[૩૨૧] અને વિનંતી કરી; 'અય મારા રબ ! મને તૌફીક આપ કે હું આભાર માનું તારા ઉપકારનો જે તેં[૩૨૨] મારા પર અને મારા માં-બાપ પર કર્યા, અને એ કે હું તે સારૂં કામ કરૂં જે તને ગમે અને મને પોતાની રહમતથી પોતાના તે બન્દાઓમાં દાખલ કર જેઓ તારી ખાસ નિકટતાનં પાત્ર છે[૩૨૩], (૧૯) અને પક્ષીઓનું નિરક્ષણ કર્યું તો કહ્યું; 'શું થયું કે હું હુદહુદને જોતો નથી કે પછી તે ખરેખર હાજર નથી? (૨૦) અવશ્ય હું તેને સખત શિક્ષા કરીશ[૩૨૪] અથવા ઝુબેહ કરી દઇશ સિવાય કે કોઇ સ્પષ્ટ આધાર મારી પાસે લાવે[૩૨૫] (૨૧) તો હુદહુદ કંઇ વધારે વાર રોકાયું નહિ અને આવીને[૩૨૬] વિનંતી કરી; 'હું એવી વાત જોઇ આવ્યો છું જે હૂઝૂરે જોઇ નથી અને હું સબા શહરથી હુઝૂર પાસે એક ખાત્રી પૂર્વકની ખબર લાવ્યો છું (૨૨) મેં એક સ્ત્રી નિહાળી[૩૨૭] તેમની ઉપર રાજ કરે છે અને તેણીને પ્રત્યેક વસ્તુમાંથી મળ્યું છે[૩૨૮] અને તેણીનું મહાન સિંહાસન છે[૩૨૯] (૨૩) મેં તેણીને અને તેણીની કોમને જોયાં કે અલ્લાહને છોડીને સૂર્યને સિજદો કરે છે[૩૩૦] અને શયતાને તેમનાં કર્મો તેમની



فَتَبَسَّمَ ضَاحِكًا مِّنْ قَوْلِهَا وَقَالَ رَبِّ اَوْزِعْنِيْٓ
اَنْ اَشْكُرَ نِعْمَتَكَ الَّتِيْٓ اَنْعَمْتَ عَلَيَّ وَعَلٰى وَالِدَيَّ
وَاَنْ اَعْمَلَ صَالِحًا تَرْضٰىهُ وَاَدْخِلْنِيْ بِرَحْمَتِكَ فِيْ عِبَادِكَ
الصّٰلِحِيْنَ ﴿١٩﴾ وَتَفَقَّدَ الطَّيْرَ فَقَالَ مَا لِيَ لَآ اَرَى
الْهُدْهُدَ ۖ اَمْ كَانَ مِنَ الْغَآئِبِيْنَ ﴿٢٠﴾ لَاُعَذِّبَنَّهٗ عَذَابًا
شَدِيْدًا اَوْ لَاَاذْبَحَنَّهٗٓ اَوْ لَيَاْتِيَنِّيْ بِسُلْطٰنٍ مُّبِيْنٍ ﴿٢١﴾
فَمَكَثَ غَيْرَ بَعِيْدٍ فَقَالَ اَحَطْتُّ بِمَا لَمْ تُحِطْ بِهٖ
وَجِئْتُكَ مِنْ سَبَاٍ بِنَبَاٍ يَّقِيْنٍ ﴿٢٢﴾ اِنِّيْ وَجَدْتُّ امْرَاَةً
تَمْلِكُهُمْ وَاُوْتِيَتْ مِنْ كُلِّ شَيْءٍ وَّلَهَا عَرْشٌ عَظِيْمٌ ﴿٢٣﴾
وَجَدْتُّهَا وَقَوْمَهَا يَسْجُدُوْنَ لِلشَّمْسِ مِنْ دُوْنِ
اللّٰهِ وَزَيَّنَ لَهُمُ الشَّيْطٰنُ اَعْمَالَهُمْ فَصَدَّهُمْ عَنِ

منزل ٥

૩૦૮. આ નિશાની છે તે...

૩૦૯. અર્થાત તેમને મુઅજિઝા દેખાડવામાં આવ્યા.

૩૧૦. અને તેઓ જાણતા હતા કે બેશક ! આ નિશાનીઓ અલ્લાહ તરફથી છે છતાં પણ પોતાની જીભો વડે ઇન્કાર કરતા રહ્યા.

૩૧૧. કે ડૂબાડીને વિનાશીત કરી દેવામાં આવ્યા.

૩૧૨. અર્થાત ચૂકાદો આપવાની આવડત અને રાજકારણનું ઇલ્મ તેમજ હઝરત દાવૂદને પર્વતો અને પક્ષીઓની તસ્બીહની જાણકારી અને હઝરત સુલેમાનને પશુઓ તેમજ પક્ષીઓની બોલી શિખવાડી. (ખાઝિન).

૩૧૩. નબુવ્વત અને દેશ આપીને તેમજ જિન્નાત અને માનવીઓને તાબે કરી આપીને.

૩૧૪. નબુવ્વત, ઇલ્મ અને રાજ્યમાં.

૩૧૫. અર્થાત દુનિયા અને આખિરતની નેઅમતો વિપુલ પ્રમાણમાં અમને આપવામાં આવી.

૩૧૬. બયાન કરવામાં આવ્યું છે કે હઝરત સુલેમાન અલયહિસ્સલામને અલ્લાહ પાકે પૃથ્વીના પૂર્વ અને પશ્ચિમ સુધીનું રાજ્ય આપ્યું હતું ચાલીસ વરસો સુધી આપ તેના માલિક રહ્યા. પછી સમગ્ર જગતનું રાજ્ય આપ્યું જિન્નાત, માનવીઓ, પશુઓ, પક્ષીઓ, દરીંદાઓ વિગેરે તમામ પર આપની હકુમત હતી, અને દરેકની બોલી પણ આપને શિખવવામાં આવી અને તરેહવારની આશ્ચર્યજનક શોધખોળ આપના સમયમાં કરવામાં આવી.

૩૧૭. આગળ ધપવાથી. કે બધાં એકત્ર થઇ જાય પછી ચલાવવામાં આવે.

السَّبِيلِ فَهُمْ لَا يَهْتَدُونَ ﴿٢٤﴾ أَلَّا يَسْجُدُوا لِلَّهِ الَّذِي
يُخْرِجُ الْخَبْءَ فِي السَّمَاوَاتِ وَالْأَرْضِ وَيَعْلَمُ مَا تُخْفُونَ
وَمَا تُعْلِنُونَ ﴿٢٥﴾ اللَّهُ لَا إِلَٰهَ إِلَّا هُوَ رَبُّ الْعَرْشِ
الْعَظِيمِ ﴿٢٦﴾ السجدة ۩ قَالَ سَنَنْظُرُ أَصَدَقْتَ أَمْ كُنْتَ مِنَ
الْكَاذِبِينَ ﴿٢٧﴾ اذْهَبْ بِكِتَابِي هَٰذَا فَأَلْقِهْ إِلَيْهِمْ ثُمَّ
تَوَلَّ عَنْهُمْ فَانْظُرْ مَاذَا يَرْجِعُونَ ﴿٢٨﴾ قَالَتْ يَا أَيُّهَا الْمَلَأُ منزل ٥
إِنِّي أُلْقِيَ إِلَيَّ كِتَابٌ كَرِيمٌ ﴿٢٩﴾ إِنَّهُ مِنْ سُلَيْمَانَ وَإِنَّهُ بِسْمِ
اللَّهِ الرَّحْمَٰنِ الرَّحِيمِ ﴿٣٠﴾ أَلَّا تَعْلُوا عَلَيَّ وَأْتُونِي مُسْلِمِينَ ﴿٣١﴾ ع
قَالَتْ يَا أَيُّهَا الْمَلَأُ أَفْتُونِي فِي أَمْرِي مَا كُنْتُ قَاطِعَةً
أَمْرًا حَتَّىٰ تَشْهَدُونِ ﴿٣٢﴾ قَالُوا نَحْنُ أُولُو قُوَّةٍ وَأُولُو
بَأْسٍ شَدِيدٍ وَالْأَمْرُ إِلَيْكِ فَانْظُرِي مَاذَا تَأْمُرِينَ ﴿٣٣﴾

દ્રષ્ટિમાં શણગારીને તેમને સીધા માર્ગથી અટકાવી દીધાં[૩૩૧] તો તેઓ માર્ગ પામતાં નથી' (૨૪) કેમ સિજદો કરતા નથી અલ્લાહને જે કાઢે છે આકાશો અને પૃથ્વીની છુપી વસ્તુઓ[૩૩૨] અને જાણે છે જે કંઇ તમે સંતાડો અને જાહેર કરો છો[૩૩૩] (૨૫) અલ્લાહ છે કે તેના સિવાય કોઇ સાચો મઅબૂદ નથી તે મહાન અર્શનો માલિક છે (૨૬) સુલેમાને ફરમાવ્યું; 'હવે અમે જોઇશું કે તેં સાચું કહ્યું યા તુ જૂઠાઓમાં છે[૩૩૪] (૨૭) મારૂં આ ફરમાન લઇ જઇને તેમની ઉપર નાખ પછી તેમનાથી વેગળું થઇને જો કે તેઓ શું જવાબ આપે છે'?[૩૩૫] (૨૮) પેલી સ્ત્રી બોલી; 'અય આગેવાનો ! બેશક ! મારા ભણી એક આબરૂદાર પત્ર નાખવામાં આવ્યો[૩૩૬] (૨૯) બેશક ! તે સુલેમાન તરફથી છે અને બેશક ! તે અલ્લાહના નામથી છે જે ઘણો જ મહેરબાન રહેમવાળો (૩૦) એ કે મારી ઉપર ઉચ્ચતા ઇચ્છો નહિ[૩૩૭] અને માથું નમાવતાં મારી સમક્ષ હાજર થાવ[૩૩૮]' (૩૧) બોલી; અય મારા સરદારો ! આ બાબત મને સલાહ આપો હું કોઇ વાતમાં ચોક્કસ નિર્ણય નથી લેતી જ્યાં સુધી તમે મારી પાસે હાજર ન હોય' (૩૨) તેઓ બોલ્યા 'અમે જોરાવર અને બહું સખત યોધ્ધાઓ છીએ[૩૩૯] અને અખત્યાર તારો છે તું વિચાર કરે કે શું હુકમ આપે છે?[૩૪૦] (૩૩)

૩૧૮. એટલે કે તાઇફ અથવા સિરિયામાં તે તળેટીમાંથી પસાર થયા જ્યાં કીડીઓ પુષ્કળ પ્રમાણમાં હતી.

૩૧૯. જે કીડીઓની રાણી હતી અને લંગડી હતી. જ્યારે હઝરત કતાદા રદીયલ્લાહુ અન્હૂ કુફામાં પ્રવેશ્યા અને ત્યાંના લોકો આપના ચાહકો બન્યા ત્યારે આપે લોકોને કહ્યું; 'જે ઇચ્છો તે પૂછો.' હઝરત ઇમામ અબૂ હનીફા રદીયલ્લાહુ અન્હૂ તે સમયે યુવાન હતા આપે પૂછયું; 'હઝરત સુલેમાન અલયહિસ્સલામ વાળી કીડી નર હતી કે નારી?' હઝરત કતાદા ચૂપ થઇ ગયા ત્યારે આપે કહ્યું; 'તે નારી હતી' આપને પૂછવામાં આવ્યું કે; 'તમને એ કેવી રીતે જણાયું?' આપે જવાબ આપ્યો; 'કુરઆન શરીફમાં ફરમાવાયું છે કે 'કાલત નમ્લતુન' (નારી વાચક શબ્દ) જો નર હોત તો 'કાલ નમ્લતુન' (નર વાચક શબ્દ) કહેવામાં આવત.' (સુબ્હાનલ્લાહ ! આનાથી હઝરત ઇમામની ઇલ્મી શાન જણાય આવે છે) ખૈર ! જ્યારે તે કીડીઓની રાણીએ સુલેમાન અલયહિસ્સલામનાં સૈન્યોને જોયાં ત્યારે કહેવા લાગી.....

૩૨૦. આ તેણે એટલા માટે કહ્યું કે હઝરત સુલેમાન અલયહિસ્સલામ નબી છે ન્યાયી છે જુલ્મ અને અત્યાચાર આપની શાન નથી તેથી જો આપના સૈન્યથી કીડીઓ કચડાઇ જશે તો અજ્ઞાનતામાં જ કચડાઇ જશે કે તે તેઓ પસાર થતા હોય અને આ તરફ ધ્યાન આપે નહિ.

કીડીની આ વાત હઝરત સુલેમાન અલયહિસ્સલામે ત્રણ માઇલ છેટેથી સાંભળી લીધી અને પવન દરેક ની વાતને આપના મુબારક કાનમાં પહોંચાડી દેતો હતો જ્યારે આપ કીડીઓની તળેટીમાં પહોંચ્યા ત્યારે આપે આપનાં સૈન્યોને રોકાવાનો આદેશ આપ્યો એટલે સુધી કે કીડીઓ પોતાના ઘરોમાં પ્રવેશી ગઇ, પ્રવાસ

હઝરત સુલેમાન અલયહિસ્સલામનો જોકે પવનમાં હતો પણ બનવા જોગ છે કે તે સ્થાન આપને ઉતારો કરવાનું અને પડાવ નાંખવાનું હોય.

૩૨૧. નબીઓનું હસવું સ્મિત જ હોય છે જેમકે હદીષોમાં વર્ણવાયું છે તે લોકો અટ્ટહાસ્ય કરતા નથી.

૩૨૨. નબુવ્વત રાજ્ય અને ઇલ્મ આપીને.

૩૨૩. નબીઓ અને વલીઓ.

૩૨૪. તેની પાંખો ઉખેડીને અથવા તેને તેના વ્હાલાંઓથી વિખુટુ પાડીને અથવા તેને તેની જ્ઞાતિનું સેવક બનાવીને અથવા તેને બિનજ્ઞાતિય જાનવરો સાથે કેદ કરીને.

હુદહુદને રાજનીતિ અનુસાર શિક્ષા કરવી આપના માટે હલાલ હતી અને જયારે પક્ષીઓ આપના તાબે કરાયાં હતાં તો પછી શિક્ષા અને પાઠ શિખવવો એનો તકાદો છે.

૩૨૫. જેનાથી એની મજબૂરી જાહેર થાય.

૩૨૬. ઘણીજ આજેજી નરમાશ અને અદબની સાથે માફી માંગીને...

૩૨૭. જેનું નામ બિલ્કીસ છે.

૩૨૮. જે રાજારજવાડાઓને શોભતું હોય છે.

૩૨૯. જેની લંબાઇ ૮૦ વાર પહોળાઇ ૪૦ વાર સોના ચાંદીનું હીરાજડીત.

૩૩૦. કારણ કે તેઓ સૂર્યપૂજક મજૂસી હતા.

૩૩૧. સીધા રસ્તો એટલા ઇસ્લામનો સાચો રસ્તો.

૩૩૨. આકાશની છુપી વસ્તુ એટલે વરસાદ અને જમીનની છુપી વસ્તુ એટલે વનસ્પતી.

૩૩૩. આમાં સૂર્યપૂજકો બલ્કે બધા જ અસત્યને પૂજનારાઓનો રદિયો છે જેઓ અલ્લાહ સિવાય અન્યને પૂજે છે, હેતુ એ છે કે ઇબાદતને લાયક તો માત્ર તેજ છે જે આકાશ અને ધરતીની પ્રત્યેક બાબત પર સત્તા ધરાવતો હોય અને દરેક વસ્તુનો જાણકાર હોય જે એવો નથી તે કોઇ પણ રીતે ઇબાદતને લાયક નથી.

૩૩૪. પછી હઝરત સુલેમાન અલયહિસ્સલામે એક પત્ર લખ્યો જેમાં લખ્યું હતું કે; 'અલ્લાહના બન્દા સુલેમાન બિન દાવૂદ તરફથી સબા શહેરની રાણી બિલ્કીસ જોગ. બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ. તેના પર સલામ જે હિદાયત સ્વીકારે. ત્યાર બાદ હેતુ એ છે કે તમે મારી ઉપર ઉચ્ચતા ન ઇચ્છો, અને મારી સમક્ષ તાબેદાર થઇને હાજર થઇ જાવ આ પત્ર પર આપે પોતાની મહોર (સીક્કો) મારી અને હુદહુદને કહ્યું...

૩૩૫ પછી હુદહુદ પત્ર લઇને બિલ્કીસ પાસે પહોંચ્યું તે સમયે બિલ્કીસની આજુબાજુ તેના મોટા લોકો અને વજીરો એકત્ર થએલા હતા, હુદહુદે તે પત્ર બિલ્કીસના ખોળામાં નાખ્યો અને તે એને જોઇને ભયથી ધ્રુજી ઉઠી અને પછી તેના ઉપર મહોર જોઇને...

૩૩૬. તેણીએ તે પત્રને ઇજ્જતવાળો એટલા માટે કહ્યો કે તેની ઉપર મહોર લાગેલી હતી એનાથી તેણે જાણ્યું કે પત્ર મોકલનાર ઊંચા મરતબાવાળો બાદશાહ છે. અથવા એટલા માટે કે પત્રની શરૂઆત બિસ્મિલ્લાહથી થઇ હતી. પછી તેણીએ કહ્યું કે તે કોના તરફથી આવ્યો છે...

૩૩૭. અર્થાત મારા હુકમને માન આપો અને ઘમંડ કરો નહિ જેવું કે અમુક રાજાઓ કરતા હોય છે.

૩૩૮. તાબેદારોની રીતે. પત્રનું લખાણ સંભળાવીને બિલ્કીસ પોતાના રાજ્ય સલાહકારો ભણી વળી....

૩૩૯. આવું કહેવા પાછળ તેમનો હેતુ એ હતો કે જો તારો વિચાર યુધ્ધ કરવાનો હોય તો અમે લોકો

બોલી; 'બેશક ! બાદશાહો જ્યારે કોઇ વસ્તી[૩૪૧]માં પ્રવેશે છે (ત્યારે) તેને તબાહ કરી નાખે છે અને તેના આબરૂદારને[૩૪૨] હલકા. અને (તેઓ) આવું જ કરતા હોય છે[૩૪૩] (૩૪) અને હું તેમની તરફ એક ભેટ મોકલનાર છું પછી જોઇશ કે પ્રતિનિધિ શું જવાબ લઇને આવ્યો[૩૪૪] (૩૫) પછી જ્યારે તે[૩૪૫] સુલેમાન પાસે આવ્યો. ફરમાવ્યું; 'શું માલ વડે મારી સહાય કરો છો? તો જે મને અલ્લાહે આપ્યું[૩૪૬] તે ઉત્તમ છે તેનાથી જે તમને આપ્યું[૩૪૭] બલ્કે તમે જ પોતાની ભેટ પર ખુશ થાવ છો[૩૪૮] (૩૬) તેમની તરફ પાછો જા તો અવશ્ય અમે તેમની ઉપર તે લશ્કર લાવીશું જેની (સ્હામે લડવાની) તેમને તાકાત નહિ હોય અવશ્ય અમે તેમને તે શહેરમાંથી આબરૂહિન કરીને કાઢી મૂકીશું એવી રીતે કે તેઓ નીચ હશે[૩૪૯] (૩૭) સુલેમાને કહ્યું; 'અય દરબારીઓ! તમાસમાં કોણ છે કે તે તેણીનું સિંહાસન મારી પાસે લઇ આવે તેઓ મારી પાસે તાબેદાર બનીને હાજર થાય ત્યાર પહેલાં[૩૫૦]'? (૩૮) એક મોટો ખવીસ જિન બોલ્યો; 'હું તે સિંહાસન સેવામાં હાજર કરીશ હુઝૂર દરબાર બરખાસ્ત કરે ત્યાર પહેલાં[૩૫૧] અને હું બેશક ! એ બાબત પર તાકાતવાન પ્રમાણિત છું[૩૫૨] (૩૯) તેણે કહ્યું જેની પાસે કિતાબનું ઇલ્મ હતું[૩૫૩]

النمل ٢٧ — وقال الذين ١٩

قَالَتْ إِنَّ الْمُلُوكَ إِذَا دَخَلُوا قَرْيَةً أَفْسَدُوهَا وَجَعَلُوا
أَعِزَّةَ أَهْلِهَا أَذِلَّةً ۚ وَكَذَٰلِكَ يَفْعَلُونَ ﴿٣٤﴾ وَإِنِّي مُرْسِلَةٌ
إِلَيْهِم بِهَدِيَّةٍ فَنَاظِرَةٌ بِمَ يَرْجِعُ الْمُرْسَلُونَ ﴿٣٥﴾
فَلَمَّا جَاءَ سُلَيْمَانَ قَالَ أَتُمِدُّونَنِ بِمَالٍ فَمَا آتَانِيَ
اللَّهُ خَيْرٌ مِّمَّا آتَاكُم بَلْ أَنتُم بِهَدِيَّتِكُمْ تَفْرَحُونَ ﴿٣٦﴾
ارْجِعْ إِلَيْهِمْ فَلَنَأْتِيَنَّهُم بِجُنُودٍ لَّا قِبَلَ لَهُم بِهَا
وَلَنُخْرِجَنَّهُم مِّنْهَا أَذِلَّةً وَهُمْ صَاغِرُونَ ﴿٣٧﴾ قَالَ يَا أَيُّهَا
الْمَلَأُ أَيُّكُمْ يَأْتِينِي بِعَرْشِهَا قَبْلَ أَن يَأْتُونِي
مُسْلِمِينَ ﴿٣٨﴾ قَالَ عِفْرِيتٌ مِّنَ الْجِنِّ أَنَا آتِيكَ
بِهِ قَبْلَ أَن تَقُومَ مِن مَّقَامِكَ ۖ وَإِنِّي عَلَيْهِ لَقَوِيٌّ
أَمِينٌ ﴿٣٩﴾ قَالَ الَّذِي عِندَهُ عِلْمٌ مِّنَ الْكِتَابِ أَنَا

એના માટે તૈયાર છીએ અમે બહાદુર અને હિમ્મતવાન છીએ જોરાવર અને તાકાતવાળા છીએ લડાઇના અનુભવી છીએ.

૩૪૦. અય રાણી ! અમે તારૂં કહ્યું માનીશું. તારા હુકમની રાહ જોઇએ છીએ. આ જવાબમાં તેમણે એ તરફ ઇશારો કર્યો કે તેમની સલાહ તો લડાઇની છે. અથવા તેમનો હેતુ એ પણ હોય શકે છે કે અમે તો યુદ્ધખોર લોકો છીએ સલાહ મશ્વેરો આપવાનું કામ અમારૂં નથી, તુ પોતે બુધ્ધિમાન અને યુક્તિબાજ છે અમે તો દરેક પરિસ્થિતિમાં તને અનુસરીશું. જ્યારે બિલ્કીસે જોયું કે આ લોકો લડાઇ તરફ ઢળેલા છે ત્યારે તેણીએ તેમને તેમની વિચારભૂલ તરફ લક્ષ અપાવ્યું અને લડાઇનાં પરિણામો આગળ ધર્યાં.....

૩૪૧. પોતાના જોર અને તાકાતથી...

૩૪૨. કતલ કેદ અને અપમાન કરીને.

૩૪૩. બાદશાહોની આવી જ રીત છે બાદશાહોની આદતનું જેવું જ્ઞાન તેણીને હતું તે મુજબ તેણીએ કહ્યું અને હેતુ તેણીના કહેવાનો એ હતો કે યુધ્ધ યોગ્ય નથી. ત્યાર પછી તેણે પોતાના વિચારની જાહેરાત કરી અને કહ્યું...

૩૪૪. એનાથી જણાઇ જશે કે તેઓ બાદશાહ છે કે નબી, કારણ કે બાદશાહો માન અને મર્યાદા સહીત ભેટોને સ્વીકારી લે છે જો તેઓ બાદશાહ હશે તો ભેટ સ્વીકારી લેશે અને નબી હશે તો ભેટ સ્વીકારશે નહિ અને સિવાય એના કે આપણે તેમના દીનની તાબેદારી કરીએ બીજી કોઇ વાતથી રાજી નહિ થાય. તો તેણીએ ૫૦૦ ગુલામ અને ૫૦૦ લૉંડીઓને બેહતરીન લેબાસ અને ઘરેણાઓથી શણગારી સોનેરી સવારીઓ પર

اٰتِيْكَ بِهٖ قَبْلَ اَنْ يَّرْتَدَّ اِلَيْكَ طَرْفُكَ ۚ فَلَمَّا رَاٰهُ
مُسْتَقِرًّا عِنْدَهٗ قَالَ هٰذَا مِنْ فَضْلِ رَبِّيْ ۖ لِيَبْلُوَنِيْٓ
ءَاَشْكُرُ اَمْ اَكْفُرُ ۗ وَمَنْ شَكَرَ فَاِنَّمَا يَشْكُرُ لِنَفْسِهٖ ۚ
وَمَنْ كَفَرَ فَاِنَّ رَبِّيْ غَنِيٌّ كَرِيْمٌ ﴿٤٠﴾ قَالَ نَكِّرُوْا
لَهَا عَرْشَهَا نَنْظُرْ اَتَهْتَدِيْٓ اَمْ تَكُوْنُ مِنَ الَّذِيْنَ
لَا يَهْتَدُوْنَ ﴿٤١﴾ فَلَمَّا جَآءَتْ قِيْلَ اَهٰكَذَا عَرْشُكِ ۗ منزل ٥
قَالَتْ كَاَنَّهٗ هُوَ ۚ وَاُوْتِيْنَا الْعِلْمَ مِنْ قَبْلِهَا وَكُنَّا
مُسْلِمِيْنَ ﴿٤٢﴾ وَصَدَّهَا مَا كَانَتْ تَّعْبُدُ مِنْ دُوْنِ
اللّٰهِ ۗ اِنَّهَا كَانَتْ مِنْ قَوْمٍ كٰفِرِيْنَ ﴿٤٣﴾ قِيْلَ لَهَا ادْخُلِي
الصَّرْحَ ۚ فَلَمَّا رَاَتْهُ حَسِبَتْهُ لُجَّةً وَّكَشَفَتْ عَنْ
سَاقَيْهَا ۗ قَالَ اِنَّهٗ صَرْحٌ مُّمَرَّدٌ مِّنْ قَوَارِيْرَ ۬

**કે; 'હું તેને સેવામાં હાજર કરીશ એક પલક ઝપકતાં પહેલાં[૩૫૪]' પછી જ્યારે સુલેમાને સિંહાસનને પોતાની પાસે મૂકાએલું જોયું કહ્યું; 'આ મારા રબની કૃપાથી છે જેથી મને અજમાવે કે હું આભાર માનુ છું કે નાશુકરી' અને જે શુકર કરે તે પોતાના ભલા ખાતર શુકર કરે છે[૩૫૫] અને જે નાશુકરી કરે તો મારો રબ બેપરવાહ છે બધીય ખૂબીઓવાળો (૪૦) સુલેમાને હુકમ કર્યો; 'સ્ત્રીના સિંહાસનને તેણી સમક્ષ શિકલ બદલીને અજાણ્યુ કરી નાખો કે અમે જોઇએ કે તેણી માર્ગ પામે છે અથવા તેમનામાં રહે છે જેઓ માહિતગારી વગર રહ્યા' (૪૧) પછી જ્યારે તે આવી, તેણીને કહેવામાં આવ્યું; 'શું તારૂં સિંહાસન આવું જ છે?' બોલી; 'જાણે કે તે જ છે[૩૫૬]. અને અમને આ બનાવ પહેલાં ખબર મળી ચૂકી[૩૫૭] અને અમે તાબેદાર બન્યાં[૩૫૮] (૪૨) અને તેણીને અટકાવી[૩૫૯] તે વસ્તુએ જેને તેણી અલ્લાહ સિવાય પૂજતી હતી. બેશક ! તેણી કાફિર લોકોમાં હતી (૪૩) તેણીને કહેવામાં આવ્યું; 'ચોગાનમાં આવ[૩૬૦]' પછી જ્યારે તેણીએ તેને નિહાળ્યું તેને ઊંડુ પાણી સમજી અને પોતાની પીંડલીઓ ઉઘાડી.[૩૬૧] સુલેમાને કહ્યું; 'આ તો એક ચોકણુ ચોગાન છે' કાચજડિત[૩૬૨] ઓરતે વિનંતી કરી; 'અય મારા રબ**

સવાર કરાવીને મોકલ્યા અને ૫૦૦ ઇંટો સોનાની અને જવાહેરાત જડીત મુગટ અને મુશ્ક વિગેરે વિગેરે પોતાના તરફથી એક પત્ર સાથે એક પ્રતિનિધિને આપીને રવાના કર્યા. હુદહુદ આ દેખીને ચાલી નીકળ્યું અને તેણે હઝરત સુલેમાન અલયહિસ્સલામ પાસે આ બધા સમાચાર પહોંચાડી દીધા. આપે હુક્મ આપ્યો કે સોના ચાંદીની ઇંટો બનાવીને ૯ ફરલાંગ સુધી પાથરી દેવામાં આવે અને તેને ફરતી સોના ચાંદીની બુલંદ દીવાલ બનાવી દેવામાં આવે અને પૃથ્વી તેમજ દરિયાનાં રૂપાળાં રૂપાળાં જાનવરો તેમજ જિન્નાતોનાં છોકરાંઓને એ મેદાનની જમણી અને ડાબી બાજુએ હરોળબંધ ઉભાં કરવામાં આવે.

૩૪૫. અર્થાત બિલ્કીસનો સંદેશાવાહક પોતાના જુથ સાથે.

૩૪૬. અર્થાત દીન નબુવ્વત બુધ્ધિમતા અને રાજ્ય.

૩૪૭. દુનિયાનાં માલ અસ્બાબ.

૩૪૮. અર્થાત તમે ગર્વિત લોકો છો દુનિયાની વસ્તુઓ પર ગર્વ કરો છો અને એકબીજાની ભેટોથી ખુશ થાવ છો મને નતો દુનિયાથી ખુશી થાય છે ન તેની મને જરૂર છે અલ્લાહ તઆલાએ મને એટલું બધું આપેલું છે કે બીજાઓને આપ્યું નથી અને તેમ છતાં મને દીન અને નબુવ્વતથી પાવન કર્યો છે. ત્યાર પછી પ્રતિનિધિમંડળના આગેવાન મુન્દર બિન અમ્રને હઝરત સુલેમાન અલયહિસ્સલામે કહયું કે; આ ભેટ સોગાતો લઇને.....

૩૪૯. અર્થાત જો તેઓ મારી પાસે મુસલમાન થઇને હાજર નહિ થાય તો આવું પરિણામ આવશે. જ્યારે પ્રતિનિધિ ભેટ સોગાતો લઇને બિલ્કીસ પાસે પાછા ગયા અને બધો બનાવ કહી સંભળાવ્યો ત્યારે

મેં મારા પ્રાણ પર જુલમ કર્યો[૩૬૩] અને હવે સુલેમાન સાથે અલ્લાહ સમક્ષ ગરદન નમાવું છું જે રબ સારાય જગતનો[૩૬૪]' (૪૪) અને અમે ષમૂદ તરફ તેમના જ્ઞાતિ ભાઇ સાલિહને મોકલ્યો કે અલ્લાહને પૂજો[૩૬૫] તો તરત જ તેઓ બે જુથો બની ગયા[૩૬૬] ઝગડો કરતા[૩૬૭] (૪૫) સાલિહે કહ્યું; 'અય મારી કોમ ! શા માટે બુરાઇની ઉતાવળ કરો છો[૩૬૮] ભલાઇથી પહેલાં[૩૬૯]? અલ્લાહ પાસે માફી કેમ માંગતા નથી[૩૭૦]? કદાચ તમારી ઉપર રહેમ થાય[૩૭૧]' (૪૬) બોલ્યા; 'અમે તમારાથી ખરાબ શુકન કાઢયા અને તમારા સાથીદારોથી[૩૭૨], ફરમાવ્યું; 'તમારા ખરાબ શુકન અલ્લાહ પાસે છે[૩૭૩] બલ્કે તમે લોકો ફિત્નામાં પડયા છો[૩૭૪]' (૪૭) અને શહેરમાં નવ માણસો હતા[૩૭૫] કે ફસાદ કરતા ધરતીમાં અને સુધારો ન ઇચ્છતા (હતા) (૪૮) અંદરો અંદર અલ્લાહની કસમો ખાઇને બોલ્યા; 'આપણે અવશ્ય રાત્રે છાપો મારીશું સાલિહ અને તેનાં ઘરવાળાંઓ પર[૩૭૬] પછી તેના વારસદારને[૩૭૭] કહીશું આ ઘરવાળાઓના ખૂન સમયે અમે હાજર ન હતા અને બેશક ! અમે સાચા છીએ' (૪૮) અને તેમણે પોતાના પ્રમાણમાં ચાલબાજી રચી અને અમે પોતાની છુપી તદબીર કરી[૩૭૮] અને તેઓ અજાણ રહ્યા (૫૦) તો

وقال الذين ١٩ النمل ٢٧

قَالَتْ رَبِّ إِنِّي ظَلَمْتُ نَفْسِي وَأَسْلَمْتُ مَعَ سُلَيْمٰنَ
لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ ﴿٤٤﴾ وَلَقَدْ أَرْسَلْنَا إِلٰى ثَمُوْدَ أَخَاهُمْ
صٰلِحًا أَنِ اعْبُدُوا اللّٰهَ فَإِذَا هُمْ فَرِيْقٰنِ يَخْتَصِمُوْنَ ﴿٤٥﴾
قَالَ يٰقَوْمِ لِمَ تَسْتَعْجِلُوْنَ بِالسَّيِّئَةِ قَبْلَ الْحَسَنَةِ
لَوْلَا تَسْتَغْفِرُوْنَ اللّٰهَ لَعَلَّكُمْ تُرْحَمُوْنَ ﴿٤٦﴾ قَالُوا اطَّيَّرْنَا
بِكَ وَبِمَنْ مَّعَكَ قَالَ طٰٓئِرُكُمْ عِنْدَ اللّٰهِ بَلْ أَنْتُمْ
قَوْمٌ تُفْتَنُوْنَ ﴿٤٧﴾ وَكَانَ فِي الْمَدِيْنَةِ تِسْعَةُ رَهْطٍ
يُفْسِدُوْنَ فِي الْأَرْضِ وَلَا يُصْلِحُوْنَ ﴿٤٨﴾ قَالُوْا تَقَاسَمُوْا
بِاللّٰهِ لَنُبَيِّتَنَّهُ وَأَهْلَهُ ثُمَّ لَنَقُوْلَنَّ لِوَلِيِّهِ مَا شَهِدْنَا
مَهْلِكَ أَهْلِهِ وَإِنَّا لَصٰدِقُوْنَ ﴿٤٩﴾ وَمَكَرُوْا مَكْرًا وَّمَكَرْنَا
مَكْرًا وَّهُمْ لَا يَشْعُرُوْنَ ﴿٥٠﴾ فَانْظُرْ كَيْفَ كَانَ عَاقِبَةُ

તેણીએ કહ્યું કે; બેશક ! તેઓ નબી છે અને આપણી પાસે તેમના સામનાની તાકાત નથી. અને તેણીએ પોતાના સિંહાસનને પોતાના સાત મહેલોમાંથી બધાથી છેલ્લા મહેલમાં સંતાડીને બધા જ દરવાજાઓને તાળાં વાસીને તેની ઉપર ચોકી પહેરો બેસાડયો પછી હઝરત સુલેમાન અલયહિસ્સલામની સેવામાં હાજર થવાનો બંદોબસ્ત કર્યો કે જુએ કે આપ તેણીને શું હુકમ ફરમાવે છે. પછી તે એક મહા સૈન્ય લઇને આપની તરફ રવાના થઇ જેમાં ૧૨૦૦૦ નવાબો હતા અને દરેક નવાબ સાથે હજારોની સંખ્યામાં સિપાહીઓ હતા. જ્યારે એટલે નજીક પહોંચી કે હઝરતથી એક ફરલાંગ છેટે રહી ગઇ.

૩૫૦. આનાથી આપનો હેતુ એ હતો કે તેણીનું સિંહાસન પ્રત્યક્ષ કરીને તેણીને અલ્લાહની કુદરત અને આપની નબુવ્વતની દલીલ આપતો મુઅજિઝો દેખાડે. અમુક લોકોએ કહ્યું છે કે આપે એવું ઇચ્છયું કે તેણીના આગમન પહેલાં આપ તેણીના સિંહાસનનું રૂપ બદલી નાખે અને એ વડે તેણીની બુધ્ધિની પરિક્ષા કરે કે (પોતાના સિહાંસનને) ઓળખી શકે છે કે નહિ.

૩૫૧. અને આપનો દરબાર સવારથી બપોર સુધી ભરાતો હતો.

૩૫૨. હઝરત સુલેમાન અલયહિસ્સલામે કહ્યું; હું એનાથી વધારે ઉતાવળે ઇચ્છુ છું.

૩૫૩. અર્થાત આપના વજીર આસિફ બિન બરખિયા જેઓ અલ્લાહનું ઇસ્મે આઝમ જાણતા હતા.

૩૫૪. હઝરત સુલેમાન અલયહિસ્સલામે કહ્યું; લાવો હાજર કરો. આસિફે કહ્યું; આપ અલ્લાહના નબી છો અને નબીના દીકરા છો અને જે મરતબો અલ્લાહની બારગાહમાં આપને પ્રાપ્ત છે અહીં કોને મળ્યો છે? આપ દુઆ કરો તો તે તરત જ આપની પાસે હાજર થશે. આપે ફરમાવ્યું તમે સાચું કહો છો. અને દુઆ કરી

તે સમયે જ સિંહાસન જમીનની નીચે નીચે ચાલીને હઝરત સુલેમાન અલયહિસ્સલામની કુરસી પાસે ઉપસ્થિત થઇ ગયું.

૩૫૫. કારણ કે તે શુકરનો લાભ પેલા શુકર કરનાર તરફ પલ્ટે છે.

૩૫૬. આ જવાબથી તેની બુધ્ધિનો કમાલ જણાવ્યો. હવે તેણીને કહેવામાં આવ્યું કે આ તેણીનો જ તખ્ત છે. દરવાજાઓ બંધ કરવાથી તાળાંઓ વાસવાથી પહેરગીરો મૂકવાથી શું લાભ થયો? ત્યારે તેણીએ કહ્યું...

૩૫૭. અલ્લાહ તઆલાની કુદરત અને આપની નબુવ્વતના ખરાપણાની હુદહુદવાળા બનાવ અને મારા પ્રતિનિધિ મંડળના આગેવાન દ્વારા.

૩૫૮. અમે આપની આજ્ઞાનું પાલન કર્યું અને તાબેદારી આપની સ્વીકારી.

૩૫૯. અલ્લાહ તઆલાની ઇબાદત કરવાથી અને તવહીદથી અથવા ઇસ્લામથી.

૩૬૦. તે ચોગાન ચોખ્ખા કાચનું હતું તેની નીચે પાણી વહેતુ હતું તેમાં માછલીઓ હતી અને તેની વચ્ચે સુલેમાન અલયહિસ્સલામનો તખ્ત હતો જેની ઉપર આપ બિરાજમાન હતા.

૩૬૧. કે પાણીમાંથી પસાર થઇને હઝરત સુલેમાનની સેવામાં હાજર થાય.

**૩૬૨. આ પાણી નથી. આ સાંભળી પોતાની પીંડલીઓ છુપાવી લીધી અને આનાથી તેણીને ઘણું** આશ્ચર્ય થયું અને તેણીને ખાત્રી થઇ ગઇ કે હઝરત સુલેમાન અલયહિસ્સલામનું રાજ્ય અને હુકૂમત અલ્લાહ તરફથી છે અને આ આશ્ચર્યજનક વસ્તુઓ દ્વારા તેણીએ અલ્લાહ તઆલાના એક હોવા બાબત અને આપની નબુવ્વત (સાચી) હોવા પર દલીલ મેળવી. પછી હઝરત સુલેમાન અલયહિસ્સલામે તેણીને ઇસ્લામનું નિમંત્રણ આપ્યું.

૩૬૩. કે તારા સિવાયે અન્યની પૂજા કરી સૂર્યને પૂજયો.

૩૬૪. પછી તેણીએ નિખાલસતા પૂર્વક તવહીદ અને ઇસ્લામનો સ્વીકાર કર્યો અને માત્ર અલ્લાહની જ ઇબાદત અખત્યાર કરી.

૩૬૫. અને કોઇને તેનો ભાગીદાર બનાવો નહિ.

૩૬૬. એક મુઅમિન અને બીજું કાફિર.

૩૬૭. દરેક જુથ પોતાને જ સત્ય પર સમજતું અને બન્ને અંદરો અંદર ઝગડતા. કાફિર જુથે કહ્યું; અય સાલિહ જે અઝાબનો તમે વાયદો કરી રહ્યા છો તે લઇ આવો જો તમે રસૂલોમાં હોવ તો.

૩૬૮. અર્થાત બલા અને અઝાબની.

૩૬૯. ભલાઇનો મતલબ ખૈરિયત અને રહમત છે.

૩૭૦. અઝાબ ઉતરતાં પહેલાં કુફ્રથી તવબહ કરીને ઇમાન લાવીને.

૩૭૧. અને દુનિયામાં અઝાબ કરવામાં ન આવે.

૩૭૨. હઝરત સાલિહ અલયહિસ્સલામ જ્યારે પધાર્યા અને કોમે જૂઠાડયા ત્યારે તેના કારણે વરસાદ રોકાઇ ગયો દુકાળ પડયો લોકો ભૂખે મરવા માંડયા. એ બાબત ને તેમણે હઝરત સાલિહ અલયહિસ્સલામના આગમન સાથે સંબંધિત કરી અને આપની પધરામણીને ખરાબ શુકન સમજી બેઠા.

૩૭૩. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ ફરમાવ્યું કે (આયતનો મતલબ એ છે કે) તમારા ખરાબ શુક્ન જે તમારી પાસે આવ્યા તે તમારા કુફ્રના કારણે અલ્લાહ તઆલા તરફથી આવ્યા.

જુઓ શું પરિણામ આવ્યું તેમની ચાલબાજીનું, અમે વિનાશ કર્યો તેમનો[૩૭૯] અને તેમની બધી કોમનો[૩૮૦] (૫૧) તો આ છે તેમનાં ઘરો ભેંકાર પડેલાં, બદલો તેમના જુલમનો. બેશક ! એમાં નિશાની છે જાણકારો માટે (૫૨) અને અમે તેઓને બચાવી લીધા જેઓ ઇમાન લાવ્યા[૩૮૧] અને ડરતા હતા[૩૮૨] (૫૩) અને લૂતને (મોકલ્યો) જ્યારે તેણે પોતાની કોમને કહ્યું; 'શું શરમહિનતા પર આવો છો[૩૮૩] અને તમને સુઝી રહ્યું છે?[૩૮૪] (૫૪) શું તમે પુરૂષો પાસે મસ્તીથી જાઓ છો સ્ત્રીઓ ત્યજીને[૩૮૫] બલ્કે તમે અજ્ઞાન લોકો છો[૩૮૬] (૫૫) તો તેની કોમનો કશો જવાબ ન હતો પણ એ જ કે બોલ્યો; લૂતના કુટુંબને આપણી વસ્તીમાંથી કાઢી મૂકો આ લોકો તો સ્વચ્છતા ઇચ્છે છે[૩૮૭], (૫૬) તો અમે તેને અને તેના ઘરવાળાઓને બચાવી લીધાં પણ તેની ઓરતને અમે નક્કી કરી રાખ્યું હતું કે તેણી રહી જનારાઓમાં છે[૩૮૮] (૫૭) અને અમે તેમની ઉપર એક વર્ષા વરસાવી[૩૮૯] તો કેટલી ખરાબ વર્ષા હતી ડરાવાએલાઓની (૫૮) તમે કહો; 'બધી ખૂબીઓ અલ્લાહને[૩૯૦] અને સલામ તેના ચૂંટેલા બન્દાઓ પર[૩૯૧]' શું અલ્લાહ ઉત્તમ[૩૯૨] કે 'તેમના ઉપજાવી કાઢેલા ભાગીદાર?[૩૯૩] (૫૯)



مَكْرِهِمْ أَنَّا دَمَّرْنٰهُمْ وَقَوْمَهُمْ أَجْمَعِيْنَ ﴿٥١﴾ فَتِلْكَ بُيُوْتُهُمْ
خَاوِيَةًۢ بِمَا ظَلَمُوْا ۗ إِنَّ فِيْ ذٰلِكَ لَاٰيَةً لِّقَوْمٍ يَّعْلَمُوْنَ ﴿٥٢﴾
وَأَنْجَيْنَا الَّذِيْنَ اٰمَنُوْا وَكَانُوْا يَتَّقُوْنَ ﴿٥٣﴾ وَلُوْطًا إِذْ
قَالَ لِقَوْمِهٖٓ أَتَأْتُوْنَ الْفَاحِشَةَ وَأَنْتُمْ تُبْصِرُوْنَ ﴿٥٤﴾
أَئِنَّكُمْ لَتَأْتُوْنَ الرِّجَالَ شَهْوَةً مِّنْ دُوْنِ النِّسَآءِ ۚ
بَلْ أَنْتُمْ قَوْمٌ تَجْهَلُوْنَ ﴿٥٥﴾ فَمَا كَانَ جَوَابَ قَوْمِهٖٓ إِلَّآ
أَنْ قَالُوْٓا أَخْرِجُوْٓا اٰلَ لُوْطٍ مِّنْ قَرْيَتِكُمْ ۚ إِنَّهُمْ أُنَاسٌ
يَّتَطَهَّرُوْنَ ﴿٥٦﴾ فَأَنْجَيْنٰهُ وَأَهْلَهٗٓ إِلَّا امْرَأَتَهٗ ۫ قَدَّرْنٰهَا
مِنَ الْغٰبِرِيْنَ ﴿٥٧﴾ وَأَمْطَرْنَا عَلَيْهِمْ مَّطَرًا ۚ فَسَآءَ مَطَرُ
الْمُنْذَرِيْنَ ﴿٥٨﴾ قُلِ الْحَمْدُ لِلّٰهِ وَسَلٰمٌ عَلٰى عِبَادِهِ
الَّذِيْنَ اصْطَفٰى ۗ آٰللّٰهُ خَيْرٌ أَمَّا يُشْرِكُوْنَ ﴿٥٩﴾

૩૭૪. અજમાઇશમાં નાખવામાં આવ્યા અથવા પોતાના ધર્મના કારણે અઝાબમાં સપડાયા.

૩૭૫. અર્થાત ષમૂદના શહેરમાં જેનું નામ હિજર છે. તેમના સારા કુટુંબોનાં યુવાનોમાંથી નવ માણસો હતા જેમનો સરદાર કિદાર સાલિફ હતો એ લોકોએ જ ઉંટણીની ધુંટીઓ કાપવાની કોશિશો કરી હતી.

૩૭૬. એટલે કે રાત્રિના સમયે એમને એમની ઔલાદને અને એમના અનુયાયીઓને જેઓ એમના પર ઇમાન લાવ્યા છે એ તમામને મારી નાખીશું.

૩૭૭. જેમને એમના ખૂનનો બદલો માંગવાનો હક્ક હશે.....

૩૭૮. અર્થાત એમની ચાલબાજીનો બદલો એ આપ્યો કે એમના અઝાબમાં ઉતાવળ કરી.

૩૭૯. અર્થાત પેલા નવ માણસોનો હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ ફરમાવ્યું કે; અલ્લાહ તઆલાએ તે રાત્રે હઝરત સાલિહ અલયહિસ્સલામના ઘરને સાચવવા માટે ફરિશ્તાઓ મોકલ્યા, પેલા નવ માણસો હથિયારબધ્ધ થઇ તલ્વારો ખેંચીને હઝરત સાલિહના બારણા પાસે આવ્યા. ફરિશ્તાઓએ તેમને પથરાઓ માર્યા પથરાઓ વાગતા હતા પણ મારનાર દેખાતા ન હતા એવી રીતે તેમનો નાશ કર્યો.

૩૮૦. ભયંકર અવાજથી.

૩૮૧. હઝરત સાલિહ અલયહિસ્સલામ પર.

૩૮૨. તેમની (હઝરત સાલિહની) નાફરમાની કરવાથી.

૩૮૩. આ શરમહિનતા એટલે તેમની બદકારી (પ્રકૃતિ વિરૂધ્ધના જાતિય સંબંધો)

૩૮૪. અર્થાત આ કૃત્યની ખરાબી જાણો છો અથવા એવો અર્થ છે કે એકબીજા સામે આડ વગર

જાહેરમાં બદફેલી કરો છો અથવા એ કે તમે તમારાથી આગળ નાફરમાની કરનારાઓની તબાહી અને તેમના અઝાબનાં ચિન્હો જુઓ છો છતાં પણ આ બદ કૃત્યમાં સંડોવાએલા છો?

૩૮૫. પુરૂષો માટે સ્ત્રીઓ બનાવવામાં આવી હોવા છતાં. પુરૂષો માટે પુરૂષ અને સ્ત્રીઓ માટે સ્ત્રી બનાવવામાં નથી આવ્યાં જેથી આ કૃત્ય અલ્લાહની હિકમત વિરૂધ્ધનું છે.

૩૮૬. તેથી જ આ કૃત્ય કરો છો.

૩૮૭. અને આ ગંદા કામથી રોકે છે.

૩૮૮. અઝાબમાં.

૩૮૯. પથ્થરોની.

૩૯૦. આ સંબોધન સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને છે કે પાછલી ઉમ્મતોના નાશ બદલ અલ્લાહની હમ્દ બજાવી લાવે.

૩૯૧. અર્થાત નબીઓ અને રસૂલો પર. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ ફરમાવ્યું કે ચૂંટેલા બન્દાઓનો મતલબ હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના અસ્હાબ છે.

૩૯૨. અલ્લાહની ઇબાદત કરનારાઓ માટે જેઓ ખાસ તેની જ ઇબાદત કરે તેના પર ઇમાન લાવે **અને તે તેઓને અઝાબ અને વિનાશથી બચાવે.**

૩૯૩. અર્થાત મૂર્તિઓ જે તેમને પૂજનારાઓના કશા કામ ન લાગે. તો જ્યારે તેમનામાં કશી ભલાઇ નથી તેઓ કશો લાભ આપી શકતાં નથી. તો પછી તેમને પૂજવું મઅબૂદ માનવું તદ્દન અસ્થાને છે. પછી અમુક પ્રકારો વર્ણન કરવામાં આવે છે જે અલ્લાહ તઆલાના એક હોવાનો અને તેની કુદરતના કમાલનો નિર્દેશ કરે છે.